Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૦ ● તા. ૨૯ સપ્ટેમ્બર થી ૫ ઓક્ટોબર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## ૧૧માં વર્ષીતપનાં આરાધક પૂ. ગણિવર્ય શ્રી કવિન્દ્રસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્યમાં થયેલ સરસ્વતી મહાપૂજન









શ્રી સરસ્વતી મહાપૂજન



કે.ડી.ઓ. નગર વડોદરા









## હાર્દિક અભિનંદન !



### સૌ. ટીનાબેન પુરવ ધરમશી

**(મંજલ રેલડીયા–ગોરેગામ)**

સૌ. ટીનાબેનની ઈન્ડીયન ફિલ્મોને ઓસ્કાર એવોર્ડ માટેની પસંદગી સમિતિમાં સભ્યપદે નિયુક્તિ કરાઈ છે. **ટીનાબેન આર્ટ ડાયરેક્ટર છે. એમણે ઘણી ફિલ્મો અને ટી.વી. સીરીયલોમાં કલા દિગ્દર્શન કરેલ છે.** આ નિયુક્તિ જ્ઞાતિનું ગૌરવ છે.

સૌ. ટીનાબેન ધરમશી છેલ્લા દશ વર્ષથી ફિલ્મ અને ટી.વી. સીરીયલોના સ્ટેજ ડેકોરેશન સેટીંગ સંબંધી કલા નિર્દેશનમાં પ્રવૃત્ત છે. હાર્દિક અભિનંદન અને યશસ્વી ભાવિની શુભેચ્છાઓ.

# શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી દ્વારા ૩૬મો વાર્ષિક સ્નેહમિલન સમારોહ



સ્નેહમિલન પ્રસંગે મહેમાનો અને મંડળની ટીમ



પ્રમુખશ્રી દ્વારા આવકાર



માનદમંત્રી દ્વારા અહેવાલ



માનવંતા મહેમાનોનું શાનદાર સ્વાગત



અનંતયુવા શક્તિ ટીમ દ્વારા હારારોપણ



૩૬માં વાર્ષિકોત્સવ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો



સમારોહ પ્રમુખ શ્રી સંજય ધરમશીનું અભિવાદન



સમારોહ અતિથીવિશેષ શ્રી માણીકાંત ધુલ્લાનું બહુમાન



વાર્ષિક સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



સ્નેહમિલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો અને મહેમાનો



મુંબઈ મહાજન પ્રમુખશ્રી નયનભાઈનું બહુમાન



મંચપર વિધાનસભ્ય શ્રી રમેશ પાટીલ અને અન્ય



તપસ્વી બહુમાનના દાતા પીર પરિવારનું બહુમાન



મહાકાલી ભાવનાના દાતા પરિવારનું બહુમાન



મહાકાલી ભાવનાના દાતા પરિવારનું બહુમાન



મહાકાલી ભાવનાના દાતા પરિવારનું બહુમાન



સમારોહ પ્રમુખ શ્રી સંજય ધરમશી



હારારોપણના લાભાર્થી AYSના પ્રતિનિધી



આમંત્રિત શ્રી જયેશ જૈન



સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ સાથે પ્રમુખશ્રી

## જ્ઞાતિ અગ્રણીઓ આ આહવાન ઝીલી લે. – *ઠાકરશી મેઘજી ગોસર*

કુદરતનો કોઈ શુભગામી સંકેત હોય તેમ "અનંતછાયા"ના વેચાણ માટેની અને વિરૂધ્ધની અરજીઓની સુનાવણી ૯ ઓક્ટોબર પર મુલતવી રહી છે અને તે દરમ્યાન જ્ઞાતિ અગ્રણીઓ "અનંતછાયા"ના વિવાદનો ઉકેલ લાવી શકે તેવી એક અણમોલ તક આપણ માટે જ્ઞાતિમૈયાએ તાસક પર ધરી દીધી છે તેમ કહી શકાય.

મારા દોઢ-બે મહીના પહેલાના લેખ "અનંતછાયાને આપણું જ રહેવા દઈએ" પછી મને ઘણાં ફોન આવ્યા છે તેમજ રૂબરૂમાં અનેક જ્ઞાતિજનોએ (અનંતછાયાના કેટલાક ભાડૂતો સહિત) તેમની પોતાની મનની ઈચ્છા તેમાં વ્યક્ત થઈ છે તેનો સંમતિ-સંતોષનો સૂર પુરાવ્યો છે.

મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ તથા અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નયન ભેદાએ પણ મને ફોન દ્વારા સંપર્ક કર્યો તેમાં "અનંતછાયા"ના વેંચાણનો નિર્ણય યોગ્ય હોવાનું જણાવવાની સાથે મને મળવાની વાત કરી ત્યારે મને એકલાને બદલે જ્ઞાતિના જે ૨૫-૫૦ અગ્રણીઓ તેમને યોગ્ય લાગે તેમની સાથે વિચાર વિમર્શ કરવાનું મેં તેમને સૂચવેલ. બીજા કેટલાક અગ્રણીઓ સાથે પણ મારી વાતચીત થઈ ત્યારે તેમણે પણ ટ્રસ્ટીઓ જ્ઞાતિ અગ્રણીઓની અનૌપચારિક સભા બોલાવી રહ્યા છે તેવું જણાવ્યું. પરંતુ, ખેર, આવું થયું નથી. એના જે પણ કારણો હોય તેમાં જવાનો હાલ કોઈ ઉપયોગી અર્થ સરે તેમ નથી.

મારો ઉક્ત લેખ વાંચ્યા પછી, એક અન્ય જ્ઞાતિ અગ્રણી જેઓ પણ મહાજન અને ટ્રસ્ટની વર્તમાન ટીમ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે અને મહાજનની વિવિધ પ્રવૃતિઓ માટે ઊભા કરાતા ફંડ માટેના મુખ્ય દાતાઓમાંના એક છે, તેમણે પણ મને ફોન દ્વારા જણાવ્યું કે "અનંતછાયા"ના વેચાણનો નિર્ણય ગંભીર ભૂલ સમાન છે.અને મારા લેખના હાર્દ સાથે તેઓ સંપૂર્ણતઃ સંમત થતા હતા. એટલે હજી પણ, મારા ઉપરોક્ત (પહેલાના) લેખનું અનુસંધાન રાખીને, "અનંતછાયા" આપણી પાસે જ રહે તે માટે કેટલાંક સૂચનો કરવા ઈચ્છું છું.

એ પહેલાં "અનંતછાયા" ૧૯૬૨-૬૩માં ખરીદાયું તેની પછવાડે "મુંબઈ મહાજનશ્રી" દ્વારા જે સક્રિય આગ્રહ રખાયો તેની વાત પણ જણાવવી જરૂરી છે.

એ અરસામાં, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ મુંબઈના મસ્જીદબંદરથી મુલુંડ સુધીમાં એવી જમીન ખરીદ કરે જેની ઉપર જ્ઞાતિના લગભગ ૩૦૦ કુટુંબોને રાહતના ભાડે રહેણાંક પૂરા પાડી શકાય, એવો અનુરોધ કરતો લગભગ સોએક જ્ઞાતિજનોની સહીઓવાળો પત્ર મુંબઈ મહાજનશ્રીને લખાયેલો અને તે પછી મહાજનશ્રીની સભામાં જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો અને ટ્રસ્ટીઓને તે પ્રમાણે ફરજ પાડવામાં આવી અને આખરે શ્રી અનંતનાથ ટ્રસ્ટે સાધારણ ખાતામાં તે જમીન (અનંતછાયા) ખરીદી જે માટે મહાજનશ્રીની મંજુરી લેવામાં આવી હતી અને તેની ખરીદ કિંમતની રકમ દેવદ્રવ્ય ખાતામાંથી ચાર ટકાના વ્યાજે લોન પર આપી ને પૂરી પાડવામાં આવેલ. ત્યારબાદ, પણ આગળના ૪૦ ફ્લેટ બંધાયા પછી (અને ભાડુતોની પસંદગી ફાળવણી થઈ તે પહેલાં) એમનું ભાડું જે દરે ટ્રસ્ટીઓએ નક્કી કર્યું તે પણ મહાજનશ્રીને વધારે પડતું લાગ્યું. કારણ કે ટ્રસ્ટીઓ બાંધકામ ખર્ચને અનુલક્ષીને તેના પરની વ્યાજની ગણતરી દ્વારા ભાડું ઠરાવવા માગતા હતા પણ મહાજનની સભામાં એવી વેપારી ગણતરી કરવાને બદલે સસ્તા કે રાહતના દરે ભાડે રહેણાંકો ભાડે આપવાના મહાજનના અગાઉના ઠરાવનો સંદર્ભ આપીને તે બાબતે પણ સખત વિરોધ થયો હતો અને છેવટે ટ્રસ્ટીઓને, મહાજનશ્રી દ્વારા સૂચવાયેલ દર મુજબ રાહતના દરે ભાડું ઠેરવવાનો આદેશ અપાયો હતો જેનો ટ્રસ્ટીઓએ સ્વીકાર કર્યો હતો.


**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

આમ, મુંબઈ મહાજને "અનંતછાયા"ની જમીન ખરીદી, બાંધકામ અને ભાડાના દર બાબતે ટ્રસ્ટબોર્ડને વખતોવખત આદેશ આપ્યા હતા તે મૂળભૂત વાતને આજે વિસારે પાડવામાં આવી છે અને ટ્રસ્ટીઓએ "અનંતછાયા"નું વેચાણ કરવાનો નિર્ણય લેતાં પહેલાં, મહાજનશ્રીની મંજુરી લીધી નથી અને હજી પણ મહાજનશ્રીની સભા બોલાવતા નથી તે ખરેખર તેમના માટે શોભાસ્પદ નથી.

હવે, જ્ઞાતિના જ કેટલાક બીલ્ડર-ડેવલપરો જેઓ વર્તમાન ટ્રસ્ટબોર્ડ અને મહાજનશ્રીના અધિકારીઓ સાથે સારો સંપર્ક-વ્યવહાર ધરાવે છે અને જેઓ આ વેચાણનો વિરોધ કરી રહ્યા છે, તેમની સાથે થયેલ ચર્ચા-વિચારણાને અનુલક્ષીને સૌ પ્રથમ, એક એવી માહિતી એકત્ર કરવાની જરૂર છે જેથી આપણને કાંઈક દિશાસૂચન મળી શકે.

ટ્રસ્ટીઓનો એ મત છે કે "અનંતછાયા"ના રીડેવલપમેન્ટ માટે ટ્રસ્ટ પાસે ફંડ નથી. હવે આપણે જ્ઞાતિજનો એટલે કે ફ્લેટ ઇચ્છુક જ્ઞાતિજનો આ માટેની વેચાણ કિંમત કેટલા સમયમાં અને કેટલા હપ્તામાં ચૂકવણી કરી શકે છે તેની માહિતી મેળવવા તપાસ કરીશું તો ખ્યાલ આવશે કે કેટલું ફંડ ઉભું કરી શકાય તેમ છે.

એટલે મેં અગાઉના લેખમાં સૂચવેલ તેને જુદા રૂપે વિચારીએતો અત્યારે ૪૦૦૦૦ ચો.ફુટ જેટલું ટી.ડી.આર. ખરીદવા લગભગ ૧૨ કરોડ તથા ૧ લાખ ચો.ફૂટનું બાંધકામ કરવા ૨૦ કરોડ તથા ભાડુતોને ટેમ્પરરી બહાર રહેવાના ભાડાના ત્રણેક કરોડ (કાં તો ૬૪ ભાડુતોના પાછળના બિલ્ડીંગ ખાલી કરાવવા કાં તો ૪૦ ભાડુતોના આગલા બિલ્ડીંગ ખાલી કરાવવા, બધા ૧૦૪ ભાડુતોને એક સાથે ખાલી કરવાની જરૂર નથી?) એમ કુલ મળીને પાંત્રીસ કરોડની જરૂર છે. એટલે વધારાના એટલે કે ટી.ડી.આર દ્વારા ખરીદાયેલ ૪૦૦૦૦ ચો.ફૂટમાંથી ૨૦૦૦ ચો. ફુટ જ્ઞાતિના નબળા વર્ગ માટે (૩૦૦ × ૭૦ ફ્લેટ) તથા બાકીના ૨૦૦૦૦ ચો.ફુટમાં, ૭૦૦ ચો.ફુટના ત્રીસેક ફ્લેટ કે અન્ય કોઈ એરીયાના જુદા જુદા ફ્લેટ, એમ કોઈ પણ રીતે જો ચો.ફુટના ઓછામાં ઓછા ૧૭-૧૮ હજારનો ભાવ ગણીએ તો આ સઘળી રકમ ઊભી કરી શકાય તેમ છે. આ ગણતરીમાં નબળા વર્ગના ઉપરોક્ત ૨૦૦૦૦ ચો.ફૂટની વેચાણ કિંમતનો સમાવેશ કરાયો નથી તે ખાસ ઉલ્લેખનીય છે.

આ દષ્ટિએ મેં ટ્રસ્ટીઓની નજીકના વર્તુળમાંના કેટલાક અગ્રણીઓ સાથે વાત કરતાં, તેઓ આ પ્રાથમિક માહિતી એકત્ર કરવા જો કોઈ કાર્યવાહી થાય તે માટે સંમત થયા છે.

આથી અત્યારે જે જ્ઞાતિજનો "અનંતછાયા"માં ૭૦૦ ચો.ફુટના ફ્લેટમાં ૧૮થી ૨૦ હજારના ભાવે ખરીદ કરવા રસ ધરાવતા હોય. તેમની માહિતી એકત્ર કરવા પ્રયત્ન થવા જોઈએ જેના આધારે ટ્રસ્ટીઓ અને અન્ય અગ્રણીઓ સાથે વિચાર વિમર્શ કરી શકાય. આ પ્રકારના બીજા કોઈ સૂચન અંગે પણ વિચારણા કરી શકાય અને તે માટે જ્ઞાતિના થોડા ભાઈઓ મળીને યોગ્ય કાર્યવાહી કરી શકે.

"અનંતછાયા"ની મિલકત આપણી જ્ઞાતિની જ રહે તેઓ સર્વસામાન્ય અભિપ્રાય જ્ઞાતિમાં વ્યક્ત થઈ રહ્યો છે તે માટે એક પ્રયત્ન આ પ્રકારે કરીશું તો કદાચ તેમાંથી કોઈ સારો માર્ગ નીકળી શકશે હું જ્ઞાતિના અગ્રણીઓને પણ વિનંતિ કરૂં છું. કે આ રીતે આપણી જ્ઞાતિમાંથી જ તેમના મિત્ર-સંબંધીઓમાંથી ખરીદકર્તાઓ તૈયાર થતા હોય તો તેમની માહિતી એકત્ર કરે. આપણે સૌ આ તકને જ્ઞાતિમૈયાએ અહવાન આપ્યું છે તેમ એનો પુરજોશમાં પ્રતિસાદ આપીએ એજ અભ્યર્થના.

***(નોંધ : લેખક શ્રી ઠાકરશીભાઈ એમ. ગોસર સીનીયર સીએ., અનંતનાથ ટ્રસ્ટના ભુતપુર્વ ટ્રસ્ટી, અરીહંત કો.ઓપ.બેંકના પ્રમોટર્સ પૈકી એક અને ભુતપુર્વ ચેરમેન, વિદ્યાર્થીસંઘના અગ્રણી તથા વર્તમાનમાં જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થા શ્રી વી.લ. વિદ્યાર્થીગૃહનાં ટ્રસ્ટી છે.)***


Since 1984...

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જૂના ઘરચોળા લેવામાં આવશે.**

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

# વડાલા સંઘમાં સિધ્ધિ તપના પારણાં

સંભવ-અજીત-ચંદ્રપ્રભની અમીદૃષ્ટિ વાત્સલ્ય ભરેલી પૂ.આ.ગુણ-ગુણોદય-કલાપ્રભસુરી વરસાવે આશિષ હેલી. પૂ. નરેન્દ્ર-અરુણ-ધૈર્ય-ગુણ ગુરૂમૈયાની આર્શિવર્ષા અંતર મઢેલી.. પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીએ સિધ્ધિ તપ આરાધના કરી છે પહેલી.. પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજીએ દેવ-ગુરૂની અસીમ કૃપાએ સિધ્ધિતપ શાતાપુર્વક પુર્ણ કરતાં સંઘમાં વિશાળ હાજરીમાં **તા.૬-૧૦-૧૨**ના તપસ્વી મહાત્માનું પારણા ઉત્સવ ઉજવાશે. આ પ્રસંગે સર્વે ભાવિકોને આમંત્રણ છે.

તપ-ધર્મના વર્ણનથી હૃદયમંદિરના તારોને ઝણઝણાવતી પંડિતવર્ય **શ્રી વિશાલ ધરમશી**ના સથવારે તપ વંદનાવલી કાર્યક્રમ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી રહેશે. ત્યારબાદ તપસ્વીની સાંજી બાદ પધારેલ સૌ અનુમોદકોની સાધર્મિક ભક્તિ રહેશે. પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. એ જ્ઞાતિના શ્રાવક-શ્રાવિકા વર્ગને ચોમાસી ક્ષેત્રોના આરાધકોને આ પ્રસંગે આમંત્રીત કરાવેલ છે. પૂ.સા.શ્રી ઋતુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંસારી સગાં-સ્નેહીઓ, માપર-દેઢિયા-થાણા અને ખારના સંઘોને અમ આંગણે તપ અનુમોદનાર્થે પધારવા અને જિનશાસનની શાન વધારવા સપ્રેમ આમંત્રણ છે.

અનુમોદના.... અનુમોદના.... અનુમોદના વારંવાર

**-: નિમંત્રક :-**

**શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ**

## આપની મૈત્રીની મિરાત શેં ભુલાય !



**ડો. વાસંતીબેન ખોના**

(નલીયા-માહિમ)

આપનું તેજસ્વી બુધ્ધિમતાભર્યું ધાર્મિક-સામાજિક પરોપકારી જીવન અને વિશેષતઃ મહિલા ઉત્કર્ષ સંબંધી નાવિન્યપુર્ણ કરેલ સુકૃતો સદૈવ અમર અને ચિરઃસ્મરણીય રહેશે. જ્ઞાતિની મહિલા સંસ્થા **"પરબ" શક્તિ સંજીવની** આપને સખ્યભાવે ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ સુમન અર્પે છે. આપના ભવિ આત્માને પરમ શાંતિ મળો એજ પ્રાર્થના...

**-: ભાવાંજલિ :-**

**પરબ શક્તિ સંજીવની સોસાયટી**

**પરબ પરિવાર**

## કેડિઓ સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ-મુંબઈ

ક્લબના સભ્યોને અગાઉ જણાવેલ યાત્રા પ્રવાસોની તારીખોમાં નીચે મુજબ ફેરફાર કર્યો છે જેની નોંધ લેશો.

૧) ૮ દિવસનો **સૌરાષ્ટ્ર યાત્રા પ્રવાસ** તા.૧૮-૧૨-૧૨ થી ૨૫-૧૨-૧૨ જેમાં શ્રી ગીરનાર તિર્થ, સાસણગીર, દીવ, વેરાવલ, પ્રભાસપાટણ, રાજકોટ આવરી લેશું. પ્રવાસ ખર્ચ રૂા.૧૦,૦૦૦ + અમદાવાદ સુધીનું રેલ્વે ભાડું. એડવાન્સ રૂા.૫,૦૦૦ તા.૧૦-૧૦-૧૨ પહેલા.

૨) ૪ દિવસનો **ગોવા પ્રવાસ** તા.૨૫-૧-૧૩ થી ૨૯-૧-૧૩ જેમાં ૪ સ્ટાર હોટલના ટવીન શેરીંગ A/c રૂમમાં રહેશું. બે દિવસ ટુર, બોટ ક્રૂઝ કરશું. ખર્ચ રૂા.૫,૦૦૦ + રેલ્વે ભાડું અલગ, એડવાન્સ રૂા.૩,૦૦૦ તા.૧૫-૧૦-૧૨ પહેલા.

૩) ૧૨ દિવસનો **આસામ પ્રવાસ** તા.૨૫-૩-૧૩થી ૬-૪-૧૩ જેમાં આપણે ગોહાતી, તેજપુર, ડીરાંગ,તવાંગ, બોમડીલા, કાંચીરંગા, શિલોંગ અને ચેરાપુંજી આવરી લેશું. ખર્ચ રૂા.૩૧,૦૦૦ + રેલ્વે ભાડું એડવાન્સ રૂા.૧૦,૦૦૦ તા.૧૫-૧૧-૧૨ પહેલા.

બધા જ પ્રવાસો સારા ટુર ઓપરેટર સાથે કરશું. વેસ્ટર્ન ટવીન શેરીંગ રૂમમાં રહેશું. એસી-૩ ટાયર ક્લાસમાં મુસાફરી કોઈપણ જ્ઞાતિજન આ પ્રવાસોમાં જોડાઈ શકે છે.

**સંપર્ક : રતિલાલ ખોના (022) 24021859 / 09833119477** અને સ્થાનીક પ્રતિનિધિઓ. જે પ્રવાસમાં ૨૫થી ઓછા પ્રવાસી નોંધાશે તો એમાં ખર્ચ વધશે.

## ઝુકી તો જવાય ને!

### અનુમોદનીય સેવાકાર્ય

થોડા દિવસ પહેલા કે.ડી.ઓ.ક્લાસીક ઉત્કર્ષ નિધિ તરફથી માત્ર મુંબઈવાસીઓ માટેજ નહી પરંતુ સમસ્ત જ્ઞાતિ માટે નિ:શુલ્ક Dental Treatment રાખવામાં આવેલ જેના સમાચાર "પ્રકાશ-સમીક્ષા"ના માધ્યમે જાણ્યાં.. અને મેં અરજી મોકલી આપી.. Form ભર્યા બાદ એમનો તુરંત જવાબ આપ્યો કે અમુક દિવસથી તમારી દાંતની ટ્રીટમેન્ટ શરૂ થઈ જશે.. એ ફોર્મમાં એક-બે પોઇન્ટ ન સમજાતા મેં મુંબઈ કાર્યાલયે ફોન કર્યો ત્યાં હાજર રહેલા ભાઈએ મને સુંદર રીતે સમજાવી મારી મુંઝવણ દૂર કરી.. એ પછી થોડી વારમાં સંસ્થાના શ્રી શાંતિલાલ મુલજીએ પણ ફોન પર વાત કરીને ફરીથી એ બધી શંકાઓ દૂર કરી.

મુંબઈ જેવા શહેરમાં આજે સમયની આટલી વ્યસ્તતા છતાં કોઈ જ્ઞાતિજન માટે સમય કાઢવો એ એક બહુ મોટી વાત કહેવાય ફક્ત ફોન પર વાત કરી અને કામ પુરું થયું એટલું નહીં પણ ટ્રીટમેન્ટ દરમયન પોતે જાતે હાજર રહેવું અને કાર્યકર્તાની પણ પુરી ટ્રીટમેન્ટ સુધી અચુક હાજરી હોય એ એક બહુ પ્રશંસનીય વાત છે. હોસ્પીટલ અંગેની માહિતી પણ એટલી વ્યવસ્થિત અને વિગતવાર હતી કે કોઈ જાતની તકલીફ પડી નહીં.

આપણે સહુ જાણીએ છીએ કે ડેન્ટલ ટ્રીટમેન્ટ બહુ મોંઘી છે ત્યારે કોઈ સંસ્થા આવું અને માનવતાનું સેવાભાવથી કાર્ય કરતી હોય તો તે ખરેખર પ્રશંસનીય અને ધન્યવાદને પાત્ર છે. જ્ઞાતિની અન્ય સંસ્થાઓ, મહિલા મંચો, મંડળો તથા યુવાઓ આમાંથી જરા પ્રેરણા લઈ ગામેગામ આવા કાર્ય કરીને જ્ઞાતિને સહાયરુપ થઈ શકે છે. આજે અન્ય કામો કરતાં ખરી સાધર્મિક ભક્તિનાં કાર્યોની પ્રાથમિકતા છે.

આવી ઉત્તમ કાર્ય કરનાર સંસ્થાને ફરી એકવાર ધન્યવાદ સાથે શુભકામના..

**- *ચેતના જયેશ ભાટે (ધુલિયા)***

## ઝુકી તો જવાય ને!!!

### જ્ઞાતિદાઝની ભાવના

ક.દ.ઓ. જૈન મહિલામંચ-મલકાપુરના ઉપક્રમે શ્રીમતિ પ્રતિભા ભરત દંડના સંનિષ્ઠ-સક્રિય પ્રયાસે મલકાપુરમાં પ્રથમવાર જ યોગશિબિરના સંચાલનની તક મળી.. મંચના સર્વે સદસ્યોએ હળીમળીને દસ દિવસીય શિબિરને સુપેરે સંભાળવા જવાબદારી ઉઠાવી.. નેતૃત્વ ઉદારવાદી, ધગશવાન અને સૌને સાથે લઈને ચાલવાની ખેવના રાખનાર હોય ત્યારે કોઈ પણ કાર્ય સફળતાને વરે જ. માત્ર જ્ઞાતિપુરતું જ નહી પણ અન્ય સંપ્રદાયના મળી ૭૦ બેનભાઈઓએ શિબિરમાં ભાગ લીધો.. સૌની જહેમતે શિબિર સફળ રહ્યું.

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવારની આતિથ્યભાવના અને વ્યવસ્થાશક્તિ માટે અંતરમાં સન્માન ભાવ જાગ્યા વિના ન રહ્યું. ૧૦ દિવસની શિબિરનું ઉદ્ઘાટન, યોગ વર્ગ, સમાપન અને આનંદોત્સવ બધું જ હરખભેર ઉત્સાહે ઉજવાયું.

મોટા શહેરોની ઝાકઝમાળથી દૂર-દેશાવરમાં જીવનના આનંદને માણતા, સમાજોપયોગી કાર્યમાં રસ ધરાવતા.. સંયુક્ત પરિવારની ભાવના રાખનાર દંડ પરિવાર સાથેના સુખદ અનુભવે ખરેખર ઝુકી જ જવાયું!!!

- ***ગીતા જૈન*** (મુલુન્ડ)


Nalin Dagha Mob.+91 97691 11040

**THE MARVELLOUS MARBLES**

**Imported Composit Marble**

Krishna Mills Compound,
Opp. Spica Lane Restaurant, Link Road,
Mulund (W), Mumbai-400080.
Email : tmmarble1@gmail.com

**K. Dixit**

**રીયલ ડાયમંડ જ્વેલરી**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

**(સાંધાણ - ઘાટકોપર)**

**98204 57676**



**મનગમતા પાત્રની શોધ**

જીવન છે જીવવા જેવું, માણવા જેવું, એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી.. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ.. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઇલ ભલે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો.. તો આજેજ **અસાંજો કચ્છ ડોટકોમ**ની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

**Registrar online on : www.asanjokutch.com/matrimonials**

## જ્ઞાતિજનોને નમ્ર અપીલ

**"અનંતછાયા"**નું રીડેવલપમેન્ટ જ્ઞાતિના અનુભવી બીલ્ડરો-કોન્ટ્રેક્ટરોના સહકારથી થાય અને ભાડુતોના હક્કોની સુરક્ષિતતા જળવાય તથા જ્ઞાતિની મિલકત અને આપણું જિનાલય આપણી પાસે જ રહે તે હેતુસર આવશ્યક ફંડની જોગવાઈ જ્ઞાતિજનોથી થઈ શકે છે કે કેમ તેની શક્યતા ચકાસવા બાબતે આપને વિનંતિ છે કે, જો આપ **"અનંતછાયા"**માં **રૂા. ૧૮ થી ૨૦ હજારના દરે ૭૦૦ ચો.ફુટ જેટલા એરીયાના ફ્લેટ** લેવા ઇચ્છુક હો અને શરૂઆતમાં ૩૦-૪૦-૫૦% જેટલી રકમ આપવા તૈયાર હો અને બાકીની રકમ માસિક/દ્વિમાસિક હપ્તાઓથી નિયમિત પેમેન્ટ કરવા સમર્થ હો અને / અથવા ત્યાં નૂતન શિખરબધ્ધ જિનાલયના નિર્માણમાં સંલગ્ન થવા ઇચ્છુક હો તો લેખિતમાં વિગતવાર પત્રથી મને જણાવશોજી. જેથી આ દિશામાં અન્ય શુભેચ્છક જ્ઞાતિજનો સાથે મળીને યોગ્ય કાર્યવાહી કરી શકાય.

આ એક વ્યક્તિગત જાહેરાત છે અને જ્ઞાતિના કેટલાક શુભચિંતક અગ્રણીઓ દ્વારા પ્રેરિત છે જે જ્ઞાતિના વિશાળ હિતમાં કરેલ છે અને કોઇના પરત્વે અવમાન કે અવિનયનો બિલ્કુલ ઉદેશ નથી.

સૌ જ્ઞાતિજનો સકારાત્મક દષ્ટિભાવ રાખશે એ જ વિનંતિ અને અભ્યર્થના...

ભવદીય

**ઠાકરશી મેઘજી ગોશર**

સંપર્ક : ૧૨, શીવાજી ફોર્ટ કો.ઓપ.હા.સોસાયટી લીમીટેડ, એન.એસ. મંકીકર માર્ગ,
સાયન (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૨. tmgoshar@gmai.com



## પર્યુષણ પર્વમાં તપસ્વી યાદી – ૨૦૧૨



**ધન્ય આપની તપોભાવના–અહોભાવે કરીએ અનુમોદના...**

***(અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા કરનાઓએ પોતાનું પુરૂં નામ અને હાલનું ગામ લખી મોકલવું)***

### વડાલા

હેમલતા અશોક દંડ ...........દીક્ષા કલ્યાણક
લલીત રતનશી નાગડા .........દીક્ષા કલ્યાણક
ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર ........દીક્ષા કલ્યાણક
હરીશ ભાણજી લોડાયા .......... પંચ પરમેષ્ઠિ
તરલા હરીશ લોડાયા ............. પંચ પરમેષ્ઠિ
પુષ્પા સોમચંદ ધુલ્લા ............. પંચ પરમેષ્ઠિ
માનબાઈ આણંદજી નાગડા ...... પંચ પરમેષ્ઠિ
મનીષા હીરાચંદ મોતા ............ પંચ પરમેષ્ઠિ
રેવંતી પ્રફુલ દંડ .................. પંચ પરમેષ્ઠિ
લક્ષ્મી લલીત નાગડા ............. પંચ પરમેષ્ઠિ
ભાવના કાંતિલાલ નાગડા ....રત્નગ્રંથીએકાસણા
મનીષા હીરાચંદ મોતા .............અક્ષયનિધિ
કૌશાલી જીતેન્દ્ર લાલકા ...........અક્ષયનિધિ
મોના અશ્વીન દંડ ..................અક્ષયનિધિ
હરીશ ભાણજી લોડાયા ..... સમોવસરણ તપ
હેમલતા અશોક દંડ ...........શંખેશ્વર અઠમ
લલીત રતનશી નાગડા .........શંખેશ્વર અઠમ
હેમલતા અશોક દંડ ........... સિંહાસન તપ
દિવ્યા નિરંજન ધરમશી ......... સિંહાસન તપ

### કોપલ

સૌ. સ્નેહલ હિતેશ નાગડા ................ ૧૬

### જલગામ

ઇંદિરા જયેશ લાપસીયા ..................... ૮

### હુબલી

રવિ કિરણ ગડા, મુંબઇ ..................... ૧૬
કુ. વૈશાલી મહેશ ખોના .................... ૧૩
ચીમનલાલ નાગશી મોમાયા .............. ૧૦
ભરત મેઘજી લોડાયા ......................... ૮
શ્રી રાજેશ ચીમનલાલ નાગડા ............. ૮
હર્ષ દિલીપ દંડ ................................ ૮
પ્રતિક વિજય છેડા ............................ ૮
સૌ. રીટાબેન રમેશ દેસાઈ .................. ૮
કાજલબેન પ્રમોદ વિકમશી.................... ૮
સૌ. દીપાબેન ગુલાબ લોડાયા ............... ૮
સૌ. સ્નેહાબેન સંજય લોડાયા .............. ૮
કુ. કરીશ્મા શૈલેષ નાગડા ..................... ૮
કુ. મયુરી મુલચંદ ખોના ........................ ૮
કુ. ભુમિકા નીતિન ખોના ...................... ૮
કુ. અંજનાબેન ખોના .......................... ૮

### નાશિક

કમલેશ લોડાયા ................................ ૮
દિશા જસ્મીન નાગડા .......................... ૮
હેમંત બિપીન ભાટે ............................ ૮

### ગોરખડી

સૌ. ભાનુમતી જયંતિલાલ ધરમશી ......... ૯
વર્ષીતપ અને કુલ અઢાર અઠ્ઠાઈ કરી છે
શ્રી જયંતીલાલ વીરજી ધરમશી ............ ૮
અત્યાર સુધી ૫૮ અઠ્ઠાઈ

## પ્રકાશ-યાત્રા : શ્રી વિધિપક્ષ ગચ્છના ઇતિહાસની રૂપરેખા - *શ્રી દેવજી દામજી ખોના*

ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ બાદ શ્રી ગૌતમ ગણધર બાર વર્ષ પર્યંત કેવળીપણે રહ્યા અને પોતાના નિર્વાણ બાદ પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામીને પોતાના પટ્ટધર નીમ્યા.. શ્રી સુધર્માસ્વામીએ સૌથી પ્રથમ પટ્ટધર ગણાય છે. તેમના પાટે શ્રી જંબુસ્વામી આવ્યા જેઓ આ ચોવીસીના છેલ્લા કેવળી હતા.. એમના પાટાનુપાટે શ્રી સ્થુલીભદ્રસ્વામી આવ્યા જેમના શિષ્ય આર્ય મહાગીરીથી દીગંબરમાં પ્રવર્ત્યો. જ્યારે બીજા શિષ્ય આર્ય સુહસ્તિની પરંપરાએ શ્વેતાંબર સંપ્રદાય ચાલુ રહ્યો.. શ્વેતાંબર સંપ્રદાયમાં પરંપરાએ મહાન પ્રભાવશાળી અને શાસનનો ઉદ્યોત કરનારા સંખ્યાબંધ પટ્ટધરો અને સેંકડો આચાર્યો થઈ ગયા છે. કાળબળે અવારનવાર એમનામાં શિથિલતા પણ આવી જતી., પાછો કોઈ પ્રભાવિક યુગવીર પેદા થતો જે શુધ્ધ માર્ગની પ્રરુપણા કરતો., શ્રી સુધર્માસ્વામીના ૪૯મા પટ્ટધર શ્રી જયસંઘસૂરી થયા.. તેઓ સંવેગી સાધુ હોવા છતાં ચૈત્યવાસીઓની જેમ શિથિલ થઈ ગએલ.. તે સમયમાં લગભગ દરેક સમુદાયના મુનિરાજો શિથિલ થઈ ગએલ.. કાચું પાણી વાપરવું.. આધાકર્મી આહાર વહોરવો, પાલખીમાં બેસવું વિગેરે દુષણોવાળું ચારિત્ર તેઓ પાળતા હતા.. શ્રી જયસંઘસુરીના શિષ્ય **શ્રી આર્યરક્ષિત** હતા.. એકવેળા દશ વૈકાલીક સૂત્રના પાઠનું અધ્યન કરતાં એમને લાગ્યું કે શાસ્ત્રથી વિરૂધ્ધ એઓ વર્તતા હતા એટલે પોતાના ગુરૂ મહારાજની આજ્ઞા લઈને ***ક્રિયા ઉધ્ધાર*** કર્યો અને શાસ્ત્રો સમંત શુધ્ધ ચારિત્ર પાળવા લાગ્યા., ઉગ્ર તપસ્યાઓ પણ કરવા લાગ્યા.. એકદા શ્રી ચક્રેશ્રી તથા પદ્માવતીજી મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામી પાસે જઈને પૂછ્યું કે આ ભરત ક્ષેત્રમાં હાલ શુદ્ધ, વિધિપૂર્વક અને શાસ્ત્રાનુસારે ચારિત્ર કોણ પાળે છે? શ્રી સીમંધર પરમાત્માઓ કહ્યું કે આર્યરક્ષિત સૂરીજી હાલ વિધિપૂર્વક શુધ્ધ-ચારિત્ર પાળી રહ્યા છે. બંને દેવીઓએ એક વેળા પાવાગઢ ઉપર રહેનારી પોતાની સખી મહાકાલી આગળ શ્રી આર્યરક્ષિત સૂરીના ચારિત્રની પ્રશંસા કરતાં મહાકાળી માતાજીને એમની પરીક્ષા કરવા સુંદર યૌવનાનું રૂપ ધારણ કરીને આચાર્ય ભગવંતને મોદકનો આહાર વહોરવાની વિનંતી કરી.. આચાર્ય મહારાજે ઉપયોગ ન લીધો અને તે દેવપિંડ જાણીને માસખમણની તપસ્યા હોવા છતાં આહાર ગ્રહણ ન કર્યો.. બીજી પણ પરીક્ષા કરી પણ સર્વેમાં આચાર્યદેવ ઉત્તિર્ણ થતાં મહાકાળી માતાએ કહ્યું કે "હે ગુરૂ મહારાજ! હું આપના ઉપર તુષ્ટમાન થઈ છું અને પાવાગઢ પર રહેનારી હું મહાકાળી આજથી આપના ગચ્છની અધિષ્ઠાયિકા દેવી થઈશ.. વળી આપનો સંઘ હવેથી વિધિપક્ષ ગચ્છના નામથી પ્રસિદ્ધિ પામીને જિન શાસનની પ્રભાવના કરશે." ત્યારથી મહાકાળી માતા આપણા ગચ્છના અધિષ્ઠાયિકા રહીને જ્યારે જ્યારે શાસન ઉપર આપત્તિ આવી છે ત્યારે ત્યારે ગચ્છાચાર્યને સહાય અને માર્ગદર્શન આપ્યું છે. ગાદી પર બેસનાર ગચ્છાચાર્ય પાવાગઢ પર અઠ્ઠમતપ પૂર્વક મહાકાળી માતાની આરાધના કરતા અને માતાજીની અનુમતિ મલ્યા પછીજ ગાદી પર બેસતા શ્રી **વિધિપક્ષ ગચ્છની** સ્થાપના ૪૭માં પટ્ટધર શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજીએ પાલનપુરમાં સં. ૧૧૬૯ના **વૈશાખ સુદ ૩ના** દિને કરી છે. શ્રી આર્યરક્ષિતસૂરીએ એક વેળા શાસન ઉન્નતિના કાર્યને અચળપણે પાર પમાડવાથી સિદ્ધરાજ જયસિંહ ખુશ થયો અને કહ્યું કે "આપનો પરિવાર પણ **અચળ** નામથીજ પ્રસિધ્ધ થાઓ.." એમ એમની સ્તુતિ કરી એમની મૂર્તિ ચિત્રપટ પર ચિતરાવીને પોતાના દર્શન સારૂં મહેલના ભીંતમાં સ્થાપન કરી.. આર્યરક્ષિતસૂરી પછી જયસિંહસૂરી થયા જેમણે સિદ્ધરાજના દરબારમાં બ્રાહ્મણોને મંત્રાદિ વિદ્યામાં હરાવીને જિનશાસનની વિજયપતાકા ફરકાવી એટલું જ નહીં પણ કુમુદચંદ આદિ દીગંબર પંડિતોને પણ હરાવીને એ સર્વેને વિધિપક્ષ ગચ્છના મુનિઓ બનાવ્યા.. દીગંબર સાલવીઓને પ્રતિબોધીને એમણે વિધિપક્ષગચ્છમાં દાખલ કર્યા.. પાટણમાં સાલીવાડામાં રહેતા સાલવીઓ અદ્યાપિ પર્યંત અચળગચ્છીય છે. એમણે ઘણા ગ્રંથો રચ્યા છે. એમના પછી ધર્મઘોષસૂરી થયા જેમના પટ્ટધર શ્રી મહેન્દ્રસિંહસૂરી થયા.. એઓ ઉગ્રવિહારી હતા અને ભારતભરના લગભગ દરેક પ્રદેશમાં વિહાર કરીને તીર્થોના દર્શન કર્યા હતા.. શ્રી અષ્ટોતરી તીર્થમાળાના રચનાર આ પુરૂષ જ હતા.. એમણે પોતાના ગુરૂજીએ રચેલા શતપદી ગ્રંથ પર વિવરણ કરેલું છે. ત્યારબાદ શ્રી સિંહપ્રભસૂરી, શ્રી અજિતસિંહ સૂરી, શ્રી દેવેન્દ્રસિંહ સૂરી, શ્રી ધર્મપ્રભસૂરી, શ્રી સિંહતિલક સૂરી, શ્રી મહેન્દ્રભ સુરી આદિ મહાપ્રભાવિક પટ્ટધરો થયા છે શ્રી મહેન્દ્રપ્રભસૂરીના એક શિષ્ય શ્રી જયશેખરસૂરી થયા છે જેમણે બૃહદ અતિચાર તથા નવમા સ્મરણની રચના કરી છે. શ્રી મહેન્દ્રપ્રભસૂરીજીના મુખ્યપટ્ટધર શ્રી મેરૂતંગસૂરી મહાપ્રભાવિક આચાર્ય થઈ ગયા છે. પારકરમાં મહાપ્રભાવિક શ્રી ગોડીપાર્શ્વનાથની પ્રતિમા એમના સમયમાં પ્રગટ થયા છે અને એમની પ્રતિષ્ઠા પણ એમણે જ કરી છે. આ સૂરીશ્વર મંત્રાદિ વિદ્યામાં બહુ જ નિપુણ હતા.. સૂરી મંત્રાદિ અનેક વિદ્યમાન મંત્રો એમણે જ રચેલા છે, શ્રી જિરાવલા પાર્શ્વનાથનું સ્તોત્ર (મંત્ર) એમણે જ રચ્યું છે જે છઠ્ઠા સ્મરણ તરીકે ઓળખાય છે. એમના પછી શ્રી જયકીર્તિસૂરી પછી શ્રી જયકેસરીસૂરી થયા છે જેમણે સંખ્યાબંધ જિનબિંબોની સ્થાપના કરી છે તથા સેંકડો પંચતીર્થીઓની પણ પ્રાણપ્રતિષ્ઠા કરી છે. ત્યારબાદ શ્રી સિદ્ધાંતસાગરસૂરી, શ્રી ભાવસાગરસૂરી, શ્રી ગુણનિધાનસૂરી પછી **શ્રી ધર્મમૂર્તિસૂરી** થયા છે. **અબડાસા**માં

આચાર્ય તરીકે પધારનાર તેઓશ્રી પ્રથમ જ હતા અને **જખૌના** શ્રી **રતનશી નાગડાને** દીક્ષા આપીને પોતાના મુખ્ય ઉપાધ્યાય બનાવ્યા હતા. એઓશ્રી ખૂબ પ્રભાવશાળી હતા. એમણે પોતાના પટ્ટધર શ્રી કલ્યાણસાગર સુરીશ્વરજીને સૂરીમંત્રપૂર્વક આકાશગામિનિ તથા અદ્રશ્યકારિણિ આદિ અનેક વિદ્યાઓ આપીને એમને પોતાને પાટે સ્થાપ્યા અને કષ્ટ સમયે ગચ્છાધિષ્ઠાયિકા મહાકાળી માતાજીનું સ્મરણ કરવાની તથા યોગ્ય પટ્ટધરનેજ આ વિદ્યાઓ આપવાની ખાસ ભલામણ કરી. શ્રી રત્નસાગર ઉપાધ્યાયજી આદિ સઘળા પરિવારને શ્રી કલ્યાણસાગર સુરીશ્વરજીની આજ્ઞામાં રહેવા ફરમાન કર્યું. એમના પરિવારમાં સાત મહા મહોપાધ્યાય, પાંચ ઉપાધ્યાય, નવ પ્રવર્તકો અને બ્યાસી સાધુઓ હતા તેમજ સાધ્વીઓના પરિવારમાં પાંચ મહત્તરા, અગીઆર પ્રવર્તિની તથા સત્તાવન સાધ્વીઓ હતાં. સર્વ શિષ્ય સમુદાયમાં વય, દીક્ષા તથા જ્ઞાન પર્યાયથી મહોટા શ્રી રત્નસાગરજી મહામહોપાધ્યાય હતા. જેમના પરિવારમાં શ્રી ગૌતમસાગરજી થયા છે. શ્રી ધર્મમૂર્તિ સુરી પછી શ્રી કલ્યાણસાગર સુરીશ્વરજી થયા છે જેઓ યુગપ્રધાન પણ હતા. એમના પછી શ્વેતાંબર સંપ્રદાયમાં અદ્યાપિ પર્યંત કોઈ યુગપ્રધાન થયા નથી. એમના જીવન વિષે ખૂબ લાંબો લેખ લખાય. એઓશ્રીએ શાસનની ખૂબ પ્રભાવના કરી છે. આપણા કચ્છી સમાજને જૈન ધર્મમાં દઢ કરવાનું માન એઓશ્રીને ફાળે જાય છે. એઓ જો કચ્છમાં ન વિચરતે તો આપણે સર્વે કચ્છી જૈનો આજ અન્ય પંથોમાંજ હતે. શ્રી અચળગચ્છીય પૂર્વાચાર્યોના પ્રતાપેજ આપણે જૈન ધર્મને પામ્યા છીએ. આજે બીજા ગચ્છોમાં વિદ્વાન આચાર્યો કે મુનિઓ જોઈને આપણા મહાન ઉપકારી પૂર્વાચાર્યોના ગચ્છ પ્રત્યે જો બેવફા નીવડીએ તો આપણા જેવો કમભાગી કોણ હોઈ શકે? જે બીજા ગચ્છોની સમાચારી કરવા લાગ્યા છે તેઓ વળી વધારે પ્રભાવશાળી વ્યક્તિને જોઈને પોતે સ્વીકારેલ ગચ્છને ન મુકી દે એની ખાત્રી શી? શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીએ અનેક જિનમંદિરો (જામનગર આદિ) અનેક જિનબિબોની અંજનશલાકા, અનેક ગ્રંથોની રચના તેમજ અનેકને પ્રતિબોધીને શ્રી શાસનની અનુપમ સેવા કરી છે. એમના પરિવારમાં એકસો તેર મુનિઓ અને બસો અઠ્ઠાવીશ સાધ્વીઓ હતા. એમના પછી શ્રી અમરસાગરસૂરીશ્વરજી, વિદ્યાસાગરસૂરી, પછી શ્રી ઉદયસાગરસૂરી થયા છે જેઓએ પણ શાસનની ખૂબ પ્રભાવના કરી છે. એમના પછી શ્રી કીર્તિસાગર સૂરી, શ્રી પુણ્યસાગર સૂરી, શ્રી રાજેન્દ્ર સાગરસૂરી, પછી શ્રી મુક્તિ સાગરસૂરી થયા છે. કચ્છ દેશના હાલના લગભગ બધા મંદિરોની પ્રતિષ્ઠા એમનાજ હાથે થઈ છે. ૧૮૯૩માં મોતીશા શેઠે ભરાવેલ પ્રતિમાજીઓની અંજનશલાકા, વડોદરા, જખૌ આદિ અનેક શહેરોના મંદિરોની પ્રતિષ્ઠા એઓશ્રીએજ કરેલ છે. ત્યારબાદ શ્રી રત્નસાગરસૂરીશ્વરજી થયા છે. જેમના હસ્તે સં. ૧૯૨૧માં શેઠ કેશવજી નાયકે છ હજાર નવા જિનબિંબો બનાવરાવીને પાલીતાણામાં અંજનશલાકા કરાવી હતી. કોઠારાના દેરાસરની પ્રતિષ્ઠા એઓશ્રીએ જ કરાવેલ. ગુજરાતમાં બોરસદમાં પણ એમણે પ્રતિષ્ઠા કરાવેલ એમના સમયમાં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિમાં ઘણા શ્રાવકો પુષ્કળ લક્ષ્મીવાન થયા જેમણે એમના ઉપદેશથી ઉજમણા, સાધર્મિવાત્સલ્યો, સંઘો, આદિ અનેક ધર્મકાર્યો કરીને શ્રી જિનશાસનનો મહિમા વધાર્યો છે. એમના પછી શ્રી વિવેકસાગર સૂરી થયા. શ્રી સુધર્માસ્વામીથી ૭૫મા અને છેલ્લા પટ્ટધર **શ્રી જિનેન્દ્ર સાગરસૂરી** થયા. જેમને સં. ૧૯૪૮માં મુંબઈ મધ્યે શ્રી અનંતનાથજી દેરાસરજીના ઉપાશ્રયમાં શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મોટા ઉત્સવપૂર્વક પટ્ટધર તરીકે સ્થાપ્યા અને જેઓ સં. ૨૦૦૪માં ભુજપુર મુકામે કાળધર્મ પામ્યા.

શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજીના મુખ્ય ઉપાધ્યાય શ્રી રત્નસાગરજીના પરિવારમાં પૂ. દાદાશ્રી ૧૦૦૮ શ્રી ગૌતમસાગરજી થયા છે. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી પછી જો કોઈનો આપણા ઉપર મોટો ઉપકાર હોય તો તે શ્રી ગૌતમસાગરજી મ.સા.નો જ છે. એમણે **યતિમાંથી સંવેગીમાર્ગની દીક્ષા** લઈને સં. ૧૯૪૬માં સાધુ સંસ્થા ઉભી કરી. એમના ૬૪ વર્ષના શાસન દરમ્યાન સંખ્યાબંધ ભાઈઓ અને બહેનોએ દીક્ષા અંગીકાર કરી છે. હજી પણ શ્રી અચળગચ્છની સમાચારી કરનારા એક લાખથી વધુ ભાઈ-બહેનો દેશમાં વિદ્યમાન છે.

શ્રી અચળગચ્છ સંઘે સં.૨૦૧૨ના વૈ. શુ. ૩ રવિવારના દિને પૂ.પં.શ્રી દાનસાગરજી ગણી (દીક્ષા પર્યાય ૪૭ વર્ષ) તથા પૂ.ઉ.શ્રી ગુણસાગરજી મ.સા. (દીક્ષાપર્યાય-૧૯ વર્ષ) ને મુંબઈમાં ખૂબ ઠાઠમાઠથી આચાર્ય પદવી અર્પણ કરી છે.

શ્રી અચળગચ્છની સ્થાપના સં.૧૧૬૯ના વૈ. સુ. ૩ ના થઈ, ૬૪મા પટ્ટધર યુગપ્રધાન દાદાશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરની દીક્ષા, સ્વર્ગગમન તેમજ અન્ય ઘણા કાર્યો વૈ. સુ. ૩ના થયા છે તથા નુતન બંને આચાર્યોને મુંબઈમાં તથા કચ્છમાં સુથરીના સંઘે પૂ.આચાર્યશ્રી દાનસાગરસૂરીશ્વરજીના શિષ્ય પુ. મુનિશ્રી નેમસાગરજીને પણ એજ દિને આચાર્ય પદવી અર્પણ કરી છે. આમ આ બધા પ્રસંગો વૈ. સુ. ૩ના દિને થયા છે એમાં પણ કુદરતનો સંકેત હોવો જોઈએ.

શ્રી શાસનદેવ તથા ગચ્છાધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાને પ્રાર્થના છે કે તેઓ અચળગચ્છની અને એના અનુયાયીઓની ઉત્તરોત્તર ઉન્નતિ કરે.

***("પ્રકાશ-સમીક્ષા" વર્ષ ૩૫ અંક ૧૦મો જુન ૧૯૫૬માંથી)***

॥ યુગાદીનાથાય નમઃ ॥

॥ નમો નમઃ શ્રી ગુરૂ ગુણસાગરસૂરયે ॥ ॥ ગચ્છાધિષ્ઠાયીકા શ્રી મહાકાલીકાયૈ નમઃ ॥

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ તથા શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા જન્મ શતાબ્દિ મહોત્સવ સમિતિ આયોજીત કચ્છ-ગચ્છને ગૌરવરૂપ વિરાટ સંખ્યામાં "વર્ષીતપ"ના તપસ્વીઓની "સૂરિ ગુણ જન્મશતાબ્દિ"**

## "નવધન" સ્પે. ટ્રેન યાત્રા

ગરવા ગુરૂદેવના શતાબ્દિ વર્ષનો આનંદકારી નિમિત્ત પામી પ્રભુ આદીનાથ દ્વારા પ્રારંભાયેલ મહાનતપ વર્ષીતપની આરાધના કરી ગુરૂ ગુણના જન્મશતાબ્દિ વર્ષને અવિસ્મરણીય બનાવનાર ચતુર્વિધ સંઘને વંદના... વંદના... વંદના સહ સુખશાતા... જૈન ઈતિહાસના સુવર્ણપૃષ્ઠો પર આલેખાશે વર્ષીતપના તપસ્વીઓની સ્પે. ટ્રેન દ્વારા **તીર્થયાત્રા**

એ ટ્રેન દ્વારા મહાન તપના તપસ્વીઓ કરશે ભવ્યતીર્થોની તીર્થયાત્રા આણમોલ પ્રભુ આદીનાથે શ્રેયાંસકુમારના હાથે વર્ષીતપરૂપી તપનું પારણું કર્યું એવું મહાનતીર્થ એટલે **હસ્તીનાપુર** (ઉ.પ્ર.) પ્રભુ આદીનાથ જે ભૂમિપર સમવસર્યા... અનંતા આત્માઓ જે ભૂમિપરથી સિધ્ધત્વને પામ્યા એવી કલ્યાણકારી ભૂમિ એટલે **શત્રુંજય મહાતીર્થ**, કચ્છનું મુગટ સમું, ગચ્છનું ગૌરવસમું, **ગુરૂ ગુણ**નું નવલું નઝરાણું, આદીનાથ તીર્થ સોહામણું શતાબ્દિ શ્રેષ્ઠ પૂ.ગુરૂદેવની અંતિમ સંસ્કારભૂમિ એટલે **૭૨ જિનાલય મહાતીર્થ** આ ત્રિવેણી સંગમસમા મહાન ભવ્યાતિભવ્ય તીર્થોની **સ્પે. ટ્રેન** દ્વારા યાત્રા કરાવવાનો આણમોલ લાભ લેનાર પુણ્યવંત સંઘપતિ પરિવારોની હાર્દિક અનુમોદના...

લાખેણા સંઘપતિઓ

**શ્રી નવીનભાઈ ઉમરશી લધાભાઈ ગંગર** (નાગલપુર) ● **શ્રી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા ધનાશા** (લાકડીયા)

**મે. એન.ડી. ડેવલપર્સ-નવધન**

### -: આ છે સ્પે. ટ્રેન યાત્રાનું અંદાજીત કાર્યક્રમ :-



તા.૨-૧૨-૧૨ રવિવાર સાંજે ભવ્ય વિદાય સમારોહ સહ સ્પે. ટ્રેનનું પ્રસ્થાન

તા.૩-૧૨-૧૨ સોમવાર ટ્રેનમાં સફર તપસ્વીઓના પારણાં, ભાવના ઈ. કાર્યક્રમ

તા.૪-૧૨-૧૨ મંગળવાર સવારના શુભ સમયે **મેરઠ** સ્ટે. આગમન અને ત્યાંથી બસો દ્વારા **હસ્તીનાપુર તીર્થે** સેવા પૂજા, મહાપૂજન વિ. કાર્યક્રમ, સાંજે મેરઠથી સ્પે. ટ્રેન દ્વારા **ગિરિરાજ** તરફ પ્રયાણ

તા.૫-૧૨-૧૨ બુધવાર ટ્રેનમાં સફરનો આનંદ તપસ્વીઓના પારણાં, પાલીતાણા તરફ પ્રયાણ

તા.૬-૧૨-૧૨ ગુરૂવાર સવારે **પાલીતાણા** આગમન, ગરવા ગિરિરાજની યાત્રા, રાત્રિભાવના

તા.૭-૧૨-૧૨ શુક્રવાર સવારે ૬.૦ વાગે ચતુર્વિધ સંઘ સહ વાજતે ગાજતે તળેટીયાત્રા... તપસ્વીઓના પારણાં.. સંઘમાળ મહાપૂજન ઈ. કાર્યક્રમ સાંજે સ્પે. ટ્રેન દ્વારા કચ્છ તરફ પ્રયાણ

તા.૮-૧૨-૧૨ શનિવાર સવારે કચ્છ આગમન... **૭૨ જિનાલય** મહાતીર્થે સેવાપૂજાનો અનેરો આનંદ, પૂ.ગચ્છાધિપતિશ્રી આદી સાધુ-સાધ્વી ભગવંતોના દર્શન વંદનનો લાભ, સંઘમાળ, સંઘપતિઓનું બહુમાન ઈ. કાર્યક્રમ

સાંજે સ્પે. ટ્રેન દ્વારા મુંબઈ તરફ પુનઃ પ્રસ્થાન

તા.૯-૧૨-૧૨ રવિવાર યાત્રાનો અંતિમ દિન... તપસ્વીઓના પારણાં મુંબઈ આગમન યાત્રાના અનેરા આનંદ સાથે સમાપ્તિ.

(**નોંધ** : સંજોગવશાત કોઈ કાર્યક્રમ ફેરફાર કરવાનો કે રદ કરવાનો અબાધિત હક્ક સમિતિનો રહેશે.)

સ્પે. ટ્રેનમાં જોડાનાર તપસ્વીઓએ **આઠ** જણનું ગ્રુપ બનાવી પોતાના નામો **તા.૧૫-૧૦-૧૨** સુધી જન્મ શતાબ્દિ માટુંગા ઓફીસે મોકલવા વિનંતિ.

**જન્મ શતાબ્દિ ઓફીસ** : શાંતિનાથભુવન, રૂમ નં.૭, ઓફીસની બાજુમાં શ્રધ્ધાનંદ રોડ, માટુંગા-મુંબઈ-૧૯ ફોનઃ ૨૪૦૩૭૨૭૨ બોર્ડીંગ-૨૪૦૩૭૨૭૩ સ્પે. ટ્રેનમાં જોડાનાર વર્ષીતપ તપસ્વીઓએ કાર્યકર્તા તરીકે સેવા આપવાની ઈચ્છા હોય તેમણે પોતાના નામો કાશ્મીરાબેન શીરીષ લાલન (કોડાય) ૯૨૨૪૭૩૪૨૭૯ / હેતલબેન પ્રિતેશ દેઢીયા (તલવાણા) ૯૮૩૩૨૧૬૧૭૮ ને લખાવવા વિનંતિ.

સ્પે. ટ્રેન પ્રવાસની સુવ્યવસ્થા **શ્રી ચેતન મોતા (ટીએમટી)** દ્વારા નિસ્વાર્થ ભાવે કરવામાં આવશે.

આ પ્રવાસમાં ઉદારભાવે સાથ સહકાર આપી સંઘ શોભા દીપાવવાની છે. સુચના-નિયમોનું ફરજરૂપે પાલન કરી સાથ સહકાર આપવા વિનંતી.

**નિમંત્રક : ગુરૂગુણ જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ**

**વિશેષ સંપર્ક : પ્રિતેશ ઠાકરશી દેઢીયા (તલવાણા) - 8879633788**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

**કાર્યાલય** : C/o. પદમભુવન, ૧લે માળે, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોનઃ 09920855259, 09619343793 E-mail : kdovasti@gmail.com

જ્ઞાતિના ૮મા વસતીપત્રકના માહિતી ફોર્મનું વિતરણ સમગ્ર ભારતભરમાં પુરૂં કરાયું છે. સમિતિ દ્વારા **એકમોના** માધ્યમે તે સ્થાનિક મહાજન યા સંસ્થા સુધી એ ફોર્મસ્ પહોંચાડાયા છે. આપ તેમની સાથે સંપર્ક કરી આપના ફોર્મ મેળવી લેશો અને તે કોઈ કારણસર ન મળ્યા હોય તો એકમ-મહાજન કે સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે.જરૂર પડયે વ.પ. સમિતિના મુંબઈ કાર્યાલયે કે નિમ્નલિખિત ફોન પર સંપર્ક કરી લેવા વિનંતી છે. કેટલાક ગામના ફોર્મ આવી ગયા છે.

આ ફોર્મસ્ પુરેપુરી વિગત સાથે ભરીને તુરંત આપના એકમ-મહાજન કે સંસ્થાને સુપ્રત કરી સહકાર આપશો. એ સંસ્થાઓ/પ્રતિનિધિઓ તપાસીને અધુરાશ પુરી કરી/કરાવીને મુંબઈ વ.પ. સમિતિને ત્વરીત મોકલશે. આ સમગ્ર પ્રક્રિયાને સૌ તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જ્ઞાતિવસતીપત્રકના સમગ્ર કાર્યમાં સહકાર આપનારા સર્વે એકમો, મહાજનો-સંસ્થાઓ અને માનદપ્રતિનિધિઓના આભારી છીએ.

એ સાથે ૮મા વસતીપત્રકમાં દરેક પાને નીચે સર્વે જ્ઞાતિ પરિવારો તરફથી રૂા.૩૦૦૦ **શુભેચ્છાપટ્ટી યોજનાને** સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે. આપના પરિવારનું નામ વહેલો તે પહેલોનાં ધોરણે ત્વરીત નોંધાવી અંકિત કરી લેશો. આપના પરિવારની સૌજન્યપટ્ટી આ વસતીપત્રકમાં વર્ષો સુધી કાયમી સંભારણું બની રહેશે.

ફોર્મ ઉપલબ્ધિ, ભરવા કે આપવા બદલ ક્યાં કોઈ પણ મુંઝવણ હોય તો કાર્યકરોને અથવા મુંબઈ કાર્યાલયે સંપર્ક કરી માર્ગદર્શન મેળવી લેવા વિનંતી. અંદાજે ચાર માસમાં વસતીપત્રક બહાર પાડવાનું છે.

આ ફોર્મસમાં ૮મા વ.પ.મુજબ પ્રકાશિત માહિતીઓ અપાઈ છે. જેમાં જ્યાં ફેરફાર/સુધારા-વધારા કે ઘટાડા હોય તો તે **પ્રુફ** સાથે લેખિત જણાવવા આ ઉપરાંત જ્યાં જરૂરી છે ત્યાં નવી અદ્યતન માહિતી લખી મોકલવી. જ્યાં માહિતી નહીં મળે ત્યાં ગત વસતીપત્રકના આધારે માહિતી લેવાશે જેની નોંધ લેવી. આપના વ્યવસાયની પુરી વિગત મોકલશો જેથી યેલો પેજીસ બનાવી શકાય.

આપણી જ્ઞાતિનું આ આઠમું વસતીપત્રક શતપ્રતિશત (૧૦૦%) માહિતી ભર્યું, સંપુર્ણ સત્ય વિગતવાળું અને વધુમાં વધુ ઉપયોગી બને તે માટે સૌએ જાતે જાગૃતિ-સક્રિયતા દર્શાવી ફરજ સમજી, કાર્યકરોને સહકાર આપી સમયસર મંગાવાયેલ માહિતી ચોક્કસપણે ભરી મોકલવા અપીલ છે. સૌ સાથે મળી મહેનત કરીશું તો સમયસર સુંદર પરીણામલક્ષી મહાકાર્ય સફળ બનાવી શકીશું. આભાર અને સહકાર સહ,

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ વતી**

**છત્રપતિ દંડ** (પ્રમુખ) 09422880332 ● **વિનોદ ધુલ્લા** (માનદમંત્રી) 09820023366
**રમેશ મોતા** (સંયોજક) 09819655259


।। શ્રી સચ્ચાઈમાતાય નમો નમઃ ।।

કચ્છ **પરજાઉ** ગામે **શ્રી સચ્ચાઈ માતાને નમતા દંડ પરિવાર**ના ભાવિકોને જણાવવાનું કે, **માતાજીની ગંધી (ઘોત) બદલવાનું તથા પહેડીપ્રસાદ**નું આયોજન કરેલ છે. **તા.૨૩-૧૧-૧૨**ના સવારના ૯ કલાકે કાર્યક્રમ રાખેલ છે. તો દરેક ભાવિકોને પરજાઉ-કચ્છ સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**સંપર્ક : કેતન લાલજી દંડ**
**Tel.: 99873 29999 / 98330 24464**



*વગર દવાએ સરળ ઉપચારથી*
*રજવાડીઠાઠથી જીવવાની કળા*

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એકયુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટ્રુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

*આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે*

*Raajendra S. Shah* (Sr. therapist) Matunga, Mumbai.
**Mob.: 9820002953 •Tel.: 022-24121234**

## જીવદયાધર્મ : પાંજરાપોળો માટે નવો અભિગમ

આપણી પાંજરાપોળો ચલાવવાની પ્રવૃત્તિ આપણા ધર્મનાં પાયાના સિદ્ધાંતો પૈકીનાં અહિંસા-જીવદયાના સિદ્ધાંત સાથે સંકળાયેલી છે. પોણી સદી અગાઉ આપણો સમાજ કચ્છમાં ખેતી પર નિર્ભર હતો અને પશુપાલન ખેતી વ્યવસાય સાથે સંકળાયેલો હતો. ધર્મ અને આજીવિકા બન્નેને કારણે પશુ પ્રત્યે પ્રેમ આપણી પરંપરા હતી અને નબળાં ઢોર, ખપમાં ન હોય એવા ઢોરોને પણ એના મૃત્યુ લગી સાચવી લેવા એને આપણી ફરજ અને ધર્મ સમજીએ છીએ. ગાય કે બળદ કે પછી અન્ય કોઈ દુઝાણાં પ્રત્યે આપણી મમત અને લાગણી સ્વજન જેટલી જ હતી અને એના મૃત્યુનો શોક પરિવારજન ગુમાવ્યા જેટલો થતો.

છેલ્લી અડધી સદીમાં પરિસ્થિતીએ વળાંક લીધો. આપણો વસવાટ હવે કચ્છમાં માંડ એક બે ટકા જેટલો રહ્યો છે છતાં પણ સદી પહેલાં સ્થાપવામાં આવેલી પાંજરાપોળો પ્રત્યે આપણી કૂણી લાગણી અકબંધ રહી છે. જેને પરિણામે પાંજરાપોળો માટે દાનનો પ્રવાહ અસ્ખલિત રહ્યો છે. પાંજરાપોળો કે આપણી અન્ય સંસ્થાઓનો બહુધા આર્થિક વ્યવહાર ચોખ્ખો રહ્યો છે અને લગભગ સંચાલકો ગાંઠના ગોપીચંદ ખર્ચીને સંચાલન કરતા રહે છે. કિન્તુ સંચાલનમાં સમયાનુસાર જરૂરી પરિવર્તન નથી આવતું. પરંપરાગત રીતે "આગે સે ચલી આતી હૈ" એ ન્યાયે પાંજરાપોળોનો વહીવટ ચાલે છે.

કચ્છની આર્થિક સ્થિતિએ છેલ્લા દાયકામાં જબરો પલટો લીધો છે. દાયકા અગાઉ જે વ્યવસાયો આર્થિક રીતે પરવડતા ન હતા તે વ્યવસાયો હવે આમદાની કરી આપે છે. સીંચાઈ આધારીત ખેતી, બાગાયત હવે નુકશાનકર્તા નથી, પશુપાલન, ઘેટાબકરાં ઉછેર. ઈત્યાદિ વ્યવસાયો પણ લાભકર્તા છે. ઔદ્યોગિકરણને કારણે ખેતી માટે જરૂરી ખેતમજૂરો પણ નથી મળતા અને મળે છે તો ઈતર વ્યવસાયો જેટલી મજુરી આપવી પરવડતી નથી. આથી ખેતીમાં ટ્રેક્ટરોનું ચલણ વધતું જાય છે. બસો અઢીસોની વસ્તીનાં ગામમાં ત્રણ-ચાર ટ્રેક્ટરો સાહજિક બાબત છે. ખેતીમાં બળદોનો વપરાશ માંડ બે ટકા જેટલો રહ્યો હશે. વાછરડા અને બળદો નકામી ચીજ બની ગયા છે અને એને પાંજરાપોળોને હવાલે કરી દેવામાં આવે છે પણ વાછરડી ઘરોઘર સાચવી લેવાય છે.

વધતી જતી વાછરડા-બળદની સંખ્યા હવે દરેક પાંજરાપોળની સમસ્યા બની ગઈ છે. બે ત્રણ દાયકા અગાઉ આવી જ રીતે પાંજરાપોળો પાસે પાડાઓની વધતી જતી સંખ્યા પણ સમસ્યા હતી. દરેક પાંજરાપોળોએ પાડા સ્વીકારવાનું બંધ કર્યું. પાડા સ્વીકારવાનું બંધ કર્યા અગાઉ અમુક પાંજરાપોળોએ પાડાઓનું વેચાણ કર્યું હતું ત્યારે જબરો ઊહાપોહ થયો હતો. હવે કોઈપણ પાંજરાપોળ પાડા સ્વીકારતી નથી અને ભેંસ દૂઝતી બંધ થાય એટલે પાડો કસાઈવાડે જાય છે એ નરી વાસ્તવિકતા છે.

વાછરડાઓની વધતી જતી સંખ્યાને કારણે પાંજરાપોળો હવે વાછરડા સ્વીકારતી નથી અને જે પાંજરાપોળો સ્વીકારે છે તે ભવિષ્યમાં સ્વીકારી શકશે કે કેમ એ પ્રશ્નાર્થ છે. બન્ની વિસ્તારના મુસ્લીમ જત પશુઓનો ઉછેર કરે છે, વેંઢારે છે. તેઓ મર્યાદિત સંખ્યામાં પાંજરાપોળો પાસે વાછરડા ખરીદે છે અને તેઓને ખેડ લાયક બનાવી જે પ્રદેશોમાં બળદો આધારીત ખેતી થાય છે ત્યાં વેંચાણ કરે છે. આ મુસ્લીમ માલધારીઓ વર્ષોથી આ વ્યવસાય કરે છે. પાંજરાપોળોનું પ્રમાણપત્ર તેઓની પાસે છે અને છેલ્લા પચીસ વર્ષની એમની પાસે વહી-પુસ્તક છે જેમાં દરેક વાછરડાની ખરીદી અને વેચાણનો હીસાબ છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ગૌભક્તોએ સમજદારી દર્શાવ્યા વિના; હકીકતની ખાત્રી કર્યા વિના ઉહાપોહ કર્યો કે પાંજરાપોળો વાછરડાને કતલખાને વેચે છે. પાંજરાપોળો પાસેથી વાછરડાઓ ખરીદી માલધારીઓ બન્ની લઈ જતા હતા ત્યારે એમને રોકી હાથપાઈ કરી અને પોલીસ થાણે લઈ ગયા. બન્નીનાં માલધારીઓએ સર્વ આધાર પુરાવાઓ રજૂ કર્યા પરંતુ ગૌભક્તોનાં ટોળા સામે વહીવટીતંત્ર ખામોશ રહ્યું પરિણામે એક વ્યવસ્થિતપણે ચાલતો વ્યવસાય બંધ થઈ ગયો. જેને કારણે પાંજરાપોળો પાસે વાછરડાઓની સંખ્યા વધતી ગઈ અને હવે ઘણી પાંજરાપોળો વાછરડાઓનો અસ્વિકાર કરે છે.

હવે ગામે ગામ સમારાયેલા ન હોય તેવા વાછરડાઓ-ગોધાઓ રખડે છે. દરેક ગામમાં એની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. કોઈ એક નાની પાંજરાપોળમાં ઢોરોની સંખ્યા જેટલી રખડુ ઢોરોની સંખ્યા એક એક ગામમાં છે. ક્યારેક એમ થાય છે જીવદયાપ્રેમીઓ પોતપોતાના ગામમાં આવા રખડુ ઢોરો માટે વાડા પ્રકારની પાંજરાપોળ બનાવે. રખડુ ઢોરોમાં સાંઢ-ગોધાઓનું પ્રમાણ વધતું જાય છે અને એને વશમાં ન લેવાશે તો ગામવાસીઓની શારિરીક સુરક્ષા, ગંદગી એ ગામડાનાં આવતીકાલનાં પ્રશ્નો બની રહેશે. ગાંધીધામ-ભુજ જેવા શહેરોમાં રખડુ ઢોરોને કારણે થતા અકસ્માતોમાં ગણનાપાત્ર વધારો થયો છે.

આ પ્રશ્નોનો એક માત્ર ઉકેલ છે કે ગુજરાત કે અન્યત્ર જે વિસ્તારોમાં બળદો આધારીત ખેતી થાય છે ત્યાં વાછરડાઓ વેંચવા, ગુજરાતમાં આવા અન્યત્ર જે વિસ્તારો છે, આદિવાસી વિસ્તારો જ્યાં ખેતરો નાના છે

જેથી ટ્રેક્ટરો દ્વારા ખેતી શક્ય નથી અને એમની આર્થિક સ્થિતી એવી નથી કે તેઓ ટ્રેક્ટરો ખરીદી શકે. આપણી પાંજરાપોળોનાં સંચાલકો પાસે બળદોની બજારો શોધવાનો સમય નથી, ગોવંશ બચાવવા માટે ગુજરાત સરકારે જે કાયદો બનાવ્યો છે તેમાં ગોવંશના એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરવા માટે ગૌસેવા આયોગ, પોલીસતંત્ર ઈત્યાદિનાં પાંચ પ્રમાણપત્રો જોઈએ છે. પાંજરાપોળોનાં સંચાલકો પાસે આ બધુ મેળવવા માટે વ્યવસ્થિત વહીવટીતંત્ર નથી. એટલે પાંજરાપોળોનો વહીવટ "આગે એ ચલી આતી હૈ" ની જેમ કોઈપણ પ્રકારનાં પરિવર્તન વિના ચાલે છે અને ચાલતો રહેશે.

બિદડા પાંજરાપોળે આ માટે નવો રાહ ચિંધ્યો છે. ત્રણ વર્ષ અગાઉ બિદડા પાંજરાપોળો બન્નીનાં બળદ ઉછેરનો વ્યવસાય કરતા માલધારીઓને વાછરડાઓ વેચ્યા હતા. આ વાછરડાઓને કહેવાતા ગૌભક્તોએ અંજાર તાલુકાનાં ગામડામાં અડકાવ્યા હતા ને ઉહાપોહ થયો હતો કે પાંજરાપોળો ગૌધન કસાઈઓને વેચે છે. વાછરડા લઈ જતા માણસોની મારપીટ કરી હતી અને આંખો મામલો અંજાર પોલીસ સ્ટેશને ગયો હતો. બન્નીનાં માલધારીઓ આધાર પુરાવા લઈ ગયા હતા પણ ઉશ્કેરાયેલા. કહેવાતા ગૌભક્ત એક પણ વાત માનવ તૈયાર ન હતા. બિદડા પાંજરાપોળનાં હરખચંદ તલકશી તથા હીરાલાલ સાવલા ત્યાં પહોંચ્યા અને પાંજરાપોળની બાજુ રજુ કરી જે વાત પોલીસ અધિકારીની સમજમાં આવી તે વાત ટોળું સમજી શક્યું નહીં. ટોળાનાં આગેવાનોને હીરલાલભાઈએ નમ્રતાપૂર્વક કહ્યું કે અહીં સોએક ગૌભક્ત છે. દરેકને પાંજરાપોળ વતી હું વિનંતી કરું છું એક એક ગૌભક્ત એક એક વાછરડાને પોતાને ઘરે લઈ જાય અને એને સંભાળે. ઉછેરનો ઘાસચારા કે દાણાપાણીનો જે ખર્ચ આવશે તેનાથી દોઢો ખર્ચ પાંજરાપોળ આપને આપશે. એક પણ ગૌભક્ત આગળ આવ્યો નહીં. બિદડા પાંજરાપોળે માલધારીઓને વેચેલા વાછરડાઓ પરત લઈ લીધા અને માલધારીઓને પૈસા પાછા આપ્યા. તે દિવસથી બિદડાં પાંજરાપોળે વાછરડા લેવાનું બંધ કર્યું છે અને આજે બિદડામાં રખડતા વાછરડા અને સાંઢોની સંખ્યા ત્રણસોથી વધારે છે.

આ બનાવ પછી બિદડા તથા અન્ય પાંજરાપોળોનાં સંચાલકો વાછરડાઓની વ્યવસ્થિત, ઉચિત નિકાસ માટે પ્રયત્નશીલ હતા. કચ્છની વિવિધ પાંજરાપોળોને ગૌ સેવા આયોગ ગુજરાત તરફથી એક પરીપત્ર મોકલવામાં આવ્યો કે ગૌસેવા આયોગ ગુજરાતનાં જરૂરતમંદ આદિવાસી ખેડુતોને વાછરડાઓ વિનામૂલ્યે આપવામાં આવે એવું ઇચ્છે છે. જરૂરતમંદ ખેડૂતોની પ્રમાણિત યાદી ગૌસેવા આયોગે બનાવી છે અને પાંજરાપોળોને વિનંતી કરવામાં આવી કે આ આયોજનમાં તેઓ સહભાગી બને. લુણી પાંજરાપોળમાં આ સંબંધી મિટીંગ ગોઠવવામાં આવી હતી અને બિદડા પાંજરાપોળનાં પ્રતિનિધી તરીકે શ્રી હીરાલાલભાઈએ હાજરી આપી હતી. એમને આ યોજનામાં રસ પડ્યો અને આદિવાસી ખેડૂતોનું સાચું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા આદિવાસી જન ઉત્થાન ટ્રસ્ટનો સંપર્ક કર્યો. એની સાથે જાણીતા અગ્રણીઓ અને સંતો જોડાયેલા છે. જન ઉત્થાન ટ્રસ્ટ પાસે બળદોની જરૂરીઆત માટે સેંકડો અરજીઓ આવે છે. આ અરજીઓની ચકાસણી કરવામાં આવે છે. એ સેવા આયોગના જરૂરી પ્રમાણપત્ર, મંજુરીપત્ર ઈત્યાદિ સાથે ખરીદનાર ખેડૂત બિદડા આવે છે. વાછરડાની ખરીદી થયા પછી વિવિધ પોલીસ સ્ટેશનો પાસેથી તેના ટ્રાન્સપોર્ટનો મંજુરીપત્ર, વેચાણપત્ર ઈત્યાદિ મળીને કુલે સાત સર્ટિફિકેટો-પ્રમાણપત્રો લઈ ખરીદનાર ટેંપોમાં વાછરડાઓને ચડાવી પોતાને ગામ લઈ જાય છે. આટઆટલા પ્રમાણપત્રો, હોવા છતાં પણ ક્યારેક કનડગત થાય છે.

આદિવાસી જન ઉત્થાન ટ્રસ્ટની વિશ્વસનિયતા, પારદર્શકતા ઈત્યાદિની ચકાસણી જરૂરી હતી. અગાઉનાં કહેવાતા ગૌભક્તો સાથેના કડવાં અનુભવો પછી ખરીદનારને ક્યાં પણ રસ્તામાં તકલીફ ન પડે તે માટે પુરતા કાગળીયાં, ગૌસેવા આયોગનું સર્ટીફીકેટ, પોલીસ માટે જરૂરી તમામ કાગળીયાં ઈત્યાદિની વ્યસ્થા કર્યા પછી વેંચાણ કર્યું. શરૂઆતમાં જ્યાં સુધી વાછરડાઓ ત્યાં પહોંચે નહીં ત્યાં સુધી ચિંતા રહેલી અને પહોંચી જાય એટલે જન ઉત્થાન ટ્રસ્ટનો ફોન પણ આવી જતો.

***(નોંધ આપણી જ્ઞાતિના વ્યવસ્થાપન હેઠળની પાંજરાપોળો આ બાબતે પોતાના વિચારો-અહેવાલ જ્ઞાતિની જાણ માટે લખી મોકલે તે ઇચ્છનીય છે.)***


**એન. એમ. કામત**

**મંદિરો અને પુરાતત્વ સ્મારકોના**
**વોટર પ્રૂફીંગ અને જિર્ણોધ્ધારના જાણકાર**

૧/૪, શ્રી દ્વારકાનાથ ભવન, કાત્રક રોડ,
વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧.
Mob.: +91 98214 988310 Tel.: +91 22 2412 0962
E-mail : kamath_const@rediffmail.com

# ચોથી પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ



અવતરણ
૨૪-૦૨-૧૯૩૧

અરીહંતશરણ
૦૬-૧૦-૨૦૦૮

**સ્વ. વર્ધમાન શામજી ખોના**
**(સુજાપુર-પવઈ)**

આજે સતત યાદ આવ્યા કરે છે આપનો માયાળુ સ્વભાવ,
સૌ પ્રત્યે સ્નેહ-સદ્‌ભાવની સ્નેહધારા અને સમાજ માટે સમર્પિત ભાવના.
આપના સીંચેલા સંસ્કાર વારસાથી અમે પ્રગતિપથ પર આગળ ચાલી રહ્યા છીએ.
પૂજનીય વડીલ "અધ્ધા" ને ચોથી પુણ્યતિથિએ
નતમસ્તકે શ્રધ્ધાસુમન અર્પીએ છીએ.

**આપના અમી આશીર્વાદના અભિલાષી...**
**માતુશ્રી મણીબેન વર્ધમાન ખોના**
**લેરીન અને નયના ખોના, હિરાલાલ ધુલ્લા અને કુસુમબેન તથા જશ્મીલી.**
**જયમન અને નિકીતા ખોના**



**અને સર્વે સગા સંબંધીઓ અને મિત્રો એવમ સમસ્ત ખોના પરિવાર**
**અનમોલ બાલાજી બ્રોકીંગ - પવઈ.**
**અનમોલ આર્ટ કલેક્શન - પવઈ**



**Anmol Collection** - જયમન ખોના
**Art & Frames**
Show room : XL Plaza. Off. Jain Mandir Road,
IIT, Powai, Mumbai-400076
E-mail: jaymankhona@gmail.com
Tel: 2579 2122 Mob.: 9869473339

**Anmol Balaji Broking** - લેરીન ખોના
**Real Estate Consultant**
A/7, sagar Tech Plaza, Andheri-Kurla Road,
Sakinaka Jn. Andheri (E), Mumbai - 400 072.
E-mail: larinkhona@gmail.com
Tel: 2856 3339, 2856 1917 Mob.: 98201 93339

## સગપણ સમસ્યા : દેશાવરમાં શું નથી? - *પ્રવીણ લોડાયા (વડોદરા)*

અમે નાના હતા ત્યારે સાસરીયાં વિશે લોકગીતોમાં બહુ સાંભળ્યું છે, *“દાદા હો દીકરી, વાગડમાં નવ દેશો રે સૈ...”* હવે સાંભળીએ છીએ. “દાદા હો દીકરી, દેશાવરમાં નવ દેશો રે સૈ...”

પણ આજે તો ડોમ્બીવલીમાં જઈએ ત્યારે કાંદીવલીમાં નવ દેશો અને મુલુંડ વેસ્ટમાં જઈએ ત્યારે મુલુંડ ઈસ્ટમાં અને બોરીવલીમાં સંભળાય સેન્ટ્રલ લાઈનમાં નવ દેશો રે સૈ...!

સેમ્યુઅલ ટેલર જેવો લેખક તો કહે છે: Man are from mars, women are from venus સ્ત્રીઓનો માઈન્ડસેટ હવે બદલાયો છે.

“દીકરી ને ગાય, દોરે ત્યાં જાય” એ કહેવતની એક્સપાયરી ડેટ આવી ગઈ છે. પહેલાં તો એવું હતું કે સ્ત્રી રોઈને બેસી રહેતી. એ દિવસોમાં એવું કહેવાતું કે સ્ત્રી પોતાના આંસુને એક જ્વેલરીની જેમ પહેરે છે. આજે સમય બદલાયો છે.

આપણા બાપદાદાઓ, દીકરી આપવી તો ક્યાં આપવી એ યક્ષપ્રશ્નનો વર્ષોથી સામનો કરતા આવ્યા હતા. જ્યારે આપણને હવે તો દીકરી જ સામેથી ડાયલોગ કરીને સ્પષ્ટ ભાષામાં કહે છે કે મને દેશાવર નહીં પરણાવતાં!

આ લેખ લખવાની જરૂર કેમ પડી? તાજેતરમાં સમસ્ત મહાજનના અવિકારીઓ સાથે મહારાષ્ટ્રના ગામોના જનજાગરણ અભિયાનમાં જ્યારે હું જોડાયો ત્યારે લગભગ પચ્ચીસથી ત્રીસ ગામોનો એક જ સૂર સંભળાયો કે **સગપણ અને લગ્નની સમસ્યા બહુ વિકટ છે.**

આજે મુંબઈમાં મુલુન્ડની છોકરી મુલુન્ડ વેસ્ટમાંથી ઈસ્ટમાં જવા તૈયાર નથી? કાંદિવલીની કન્યા ડોમ્બીવલી ને ડોમ્બીવલીની બોરીવલી જવા પણ તૈયાર નથી હજી દેશાવર તો બાજુએ રહ્યું. પણ પ્રોપર મુંબઈમાં પણ આ પરિસ્થિતિ છે.

દરરોજ ટ્રેનમાં લટકી લટકીને જવું છે. દિવસના ત્રણથી ચાર કલાક મુસાફરીમાં વેડફાય છે પણ મુંબઈ છોડવું નથી. હા, અમેરિકા જેવો વણ ઓળખ્યો મુલક મળે તો વાંધો નથી પણ દેશાવર કોઇને જવું નથી.

આ પરિસ્થિતિમાં સવાલ છે ભાઈ, દેશાવરમાં શું નથી? દેશાવરના સર્વેમાં ખબર પડી કે ૮૦ ટકાના પોતાના સ્વતંત્ર ઘર છે, એમાં ૨૦ ટકા ઘરોની કિંમત કરોડની આસપાસ કે એની ઉપર પણ હશે. લગભગ ૪૦થી ૫૦ ટકા ઘરોમાં તો પોતાની ફોર વ્હીલર ગાડી છે. અથવા એક થી વધુ વાહન છે.

સ્કુટર તો દરેક ભણતી વ્યક્તિ અને નોકરી કરતી વ્યક્તિ પાસે ફરજીયાત છે! સાયકલ લગભગ નામશેષ થઈ ગઈ છે.

એક જાણીતી કાર કંપનીનો ગઈ દિવાળી પરનો સર્વે જણાવે છે કે તેમના ગ્રાહકોમાં ૪૦% સ્ત્રીઓ છે અને મોટાભાગે તે નાની કારો પસંદ કરે છે.

અમદાવાદ, વડોદરા, બેંગલોર, ચેન્નાઈ, કોઈમ્બતુર, ઔરંગાબાદ, અહમદનગર અને નાગપુરમાં નજર દોડાવશો તો તમને એક્ટીવા પર સરરર ડ્રાઈવ કરતી કે સેન્ટ્રો, અલ્ટા કે સ્વીફ્ટથી ચલાવતી અનેક બહેનો દેખાશે. છે આવી આઝાદી મુંબઈમાં?

સૌથી આગવું પાસું એ છે કે પોતાના વાહનો હોવાથી ગમે ત્યારે, ગમે તે જગ્યાએ પોતાના વેહીકલમાં જઈ શકાય છે. પોતાના ધંધા, સ્વતંત્ર મકાન, સમયની હાયહોય નહીં અને દરેક સમાજકાર્યમાં સંગાથે ચાલે છે.

એક સમય હતો જ્યારે સ્ત્રીઓ ઘરમાં ચૂલો ફૂંક્યા જ કરતી. તેમાંથી પ્રગતિ થતાં દેશાવરની સ્ત્રીઓમાં ભણતરનું પ્રમાણ ઘણું વધ્યું છે. માત્ર એટલું જ નહીં, આપણી બહેનો હવે પતિ કે પરિવારનાં ધંધા ઉદ્યોગમાં સક્રિય સહભાગી થાય છે.

આધુનિકતાઓ કોઈપણ ભણતરની લાઈન લેતાં ખચકાતી નથી. સ્ત્રીઓની આ પરિસ્થિતિએ સ્ત્રીને એમપાવરમેન્ટ (સશક્તિકરણ) આપવામાં મદદ કરી છે. અને એમના આત્મવિશ્વાસ, દઢ મનોબળ અને ધ્યેય નિષ્ઠાએ તેમને મજબૂત બનાવી છે.

ફાસ્ટ કોમ્યુનીકેશનના આ કહેવાતા મોડર્ન જમાનામાં પણ આપણે ટ્રેડિશનલ માન્યતાના સંકુચિત કોચલામાંથી બહાર આવી શક્યા નથી તે આપણી કમનશીબી છે!

દેશાવરના દરેક ગામોમાં મલ્ટીપ્લેક્સ થીયેટર, મૉલ કલ્ચર, લેપટોપ, ટેબલેટ, ફેસબુક, બ્લેકબેરી આવી ગયા છે. મુંબઈની આધુનિક કન્યાઓ કરતાં દેશાવરથી છોકરીઓ અને છોકરાઓ વધારે આધુનિક થઈ ગયા છે. સમય સાથે વધુ સંમ્મિલિત થયા છે.

ઈવન અમેરિકામાં આપણી જ્ઞાતિના છોકરાઓ ગયા છે તેમાં દેશાવરના ૭૦% થી વધુ છોકરાઓ છે. જેની નોંધ લેવી ઘટે.

₹૫-૭ લાખના પૅકેજથી ૧૨-૧૫ નો પૅકેજ મેળવવું એ દેશાવરના છોકરાઓ માટે હવે રમત વાત છે.

ઘણા ગામોમાં આપણી ઈન્ડસ્ટ્રીઓ ₹૨૦૦ કરોડથી હજાર કરોડ સુધીના ટર્ન-ઓવર કરી રહી છે. એ પ્રગતિની નોંધ લીધી છે?

ધુલિયા, નાગપુર, વડોદરા વિગેરે ગામોમાં મુંબઈની જે દિકરીઓ પરણીને આવી છે તેમની ઈન્ટેક્ચ્યુઆલીટી મુંબઈની દીકરીઓ કરતાં બિલકુલ ઉતરતી નથી અને અનેક કિસ્સાઓમાં તો તેઓ મુંબઈથી દિકરીઓને ક્યાંય પાછળ પણ મુકી દે તેવી છે. અને આજે દેશાવરમાં પણ એજ પ્રગતિ છે, વિકાસ છે, ધંધા ઉદ્યોગની નવી તકો છે અને એટલુંજ સામાજિક પ્રવૃતિ વિકાસ છે. મુંબઈથી જરાય ઉતરતું નહીં, કદાચ બે ડગલા આગળ પણ જોવા મળશે.

સમસ્ત મહાજનના પદાધિકારીઓએ આના માટે યુથ-એક્સ્ચેન્જનો કાર્યક્રમ બનાવવા જરૂરી છે એવી લોક માંગ છે. જેથી મુંબઈની દીકરીઓ દેશાવરના અલગ-અલગ ગામોમાં જઈને તેમની રહેણીકરણીનું જાતે નિરિક્ષણ કરવું જોઇએ જેથી મુંબઈ પ્રત્યેના મોહમાં કાંઇક અંશે બદલાવ આવી શકે, ભમ્રભંગ કે મોહભંગ થઈ શકે અને ત્યાંની જીવનશૈલી જાણીને કદાચ વિશ્વાસ બેસે કે મુંબઈથીય ચડીયાતું સુખ અહીં છે.

સમગ્ર દુનિયા જ્યારે ગ્લોબલ-વીલેજ બની ગઈ છે, તંત્રજ્ઞાન એટલું વિકસ્યું છે ત્યારે માતા-પિતાથી દૂર નથી જવું એ કહેવું ક્યાં લગી વ્યાજબી છે? આમ પણ પરણેલી દરેક કન્યા પોતાની "મોમ" સાથે દિવસમાં બેથી ત્રણ વાર મોબાઈલપર વાત કરે જ છે. અને આજે તો નેટદ્વારા લેપટોપ સમક્ષ બેસી વાત કરી શકે છે. પછી ભલે એ મુલુન્ડમાં હોય, પુનામાં હોય કે જામનગરમાં હોય.

આજે ફેસબુક છે, ટવીટર છે, બ્લોગ છે ત્યારે દીકરીઓ દેશાવરમાં જઇને એકબીજાને ઓળખે, એમના ઘરોમાં રહે, એમની આગતા-સ્વાગતા (જે મુંબઈમાં શક્ય નથી) માણે, પરિચય કેળવે, એમના પરિવારને ઓળખે તો નિશ્ચિતપણે કઇંક અંશે સગપણ સમસ્યાનો હલ જરૂર આવી શકે. ટુંકમાં **યુથ એક્ચેન્જ** જેવી પ્રવૃતિ ઇચ્છનીય છે. તો યુવાઓની જ્ઞાનભાવના ખીલે અને ટકી રહે. આજે શહેર શું નાના ગામડાઓમાં પણ એકતા કપુરની સીરીયલ રોજ જોવાય છે, મુંબઈના છોકરાઓ કરતાં દેશાવરના છોકરાઓને તમે કહી શકો કે, *"બડે અચ્છે લગતે હો".*

ત્યાં પણ પીઝા ખાવાય છે, પાર્ટીઓ, થાય છે. (મુંબઈ કરતાં વધારે) શું નથી દેશાવરમાં? રોટરી ક્લબ છે, લાયન્સ ક્લબ છે. પીકનીકના સ્થળો છે. દેરાસરો છે, અપાસરા છે અને બધીજ સોશીયલ એક્ટીવીટીઝ પણ છે. ઘણાં ગામોમાં આપણી પોતાની સ્કુલો છે સ્વતંત્ર બંગલા, મકાનો ઉદ્યોગ ધંધા, વાહનો વગેરે બધુંજ છે. મુંબઈમાં કદાચ તમે કહી શકો કે ટાઇમ ઇઝ પાસીંગ એન્ડ વી વીમેન પાસીંગ અવે ઇન નો ટાઇમ વીધાઉટ ડુઇંગ એનીથીંગ કોન્ટ્રીબ્યુટીવ ટુ અવરસેલ્વઝ એન્ડ સોસાયટી એટ લાર્જ. જ્યારે દેશાવરમાં સો ટકા તમને આમ કહેવાનો વારો નહીં આવે.

**સરવાળો-બાદબાકી**

***જીવનસાથીની પસંદગીમાં મોટાભાગે યુવતીઓ પાના જોઈને બાજી રમતી હોય છે. જ્યારે યુવકો "બ્લાઈન્ડ ગેમ રમતાં હોય છે!***

## મૃત્યુ સુધારક પત્ર

રે ભાઈ! તું કશામાં મમત્વ રાખીશ નહીં, આ મૃત્યુ કોઈને છોડે એમ નથી, આયુષ્ય પ્રબળ હશે તો હજી પણ તું બચીશ, આયુષ્ય નહિ હશે તો ઉપાય નથી, માટે ખેદ કરીશ નહીં. ખેદ કરવાથી કાંઈ મૃત્યુને દયા આવે એમ નથી, એ પાછું જાય એમ નથી. અમે પણ વહેલા-મોડા આયુષ્ય પૂર્ણ થયે ચાલી નીકળીશું. મોટા મોટા રાજા-રાણા પણ ચાલી નીકળ્યા છે, તેઓનાં નામનિશાન પણ રહ્યાં નથી, માટે ભાઈ! આ વખતે તું બીજા કશામાં ચિત્ત રાખ નહીં. એક પરમ શરણના દાતાર અરિહંતદેવ પર ચિત્ત રાખ. નિરાગી સર્વજ્ઞ પરમાત્માનું સ્મરણ કર, એ તને સહાય થશે, બાકી અમારી કે આ બીજા કુટુંબીઓની કે આ ઘર-બારની કે ધનની ફીકર કર નહીં. તું ઇચ્છે કે ન ઇચ્છે પણ તારે છોડવી પડશે, માટે એમાં મોહ ન રાખ, એથી મૂર્ચ્છા પામ નહીં. એ મોહ-મૂર્ચ્છા દુઃખદાયી છે, તારો રોગ એથી શાંત થવાને બદલે વધે છે. તું કાળની વધારે નજીક જતો જાય છે, તારો આત્મા મલિન થાય છે, તારી બુદ્ધિ મંદ થાય છે, તારું જ્ઞાન અવરાય છે.

માટે પ્રિય બંધુ ! આ વખતે તો તું સત્દેવ, સદ્ગુરુ , સદ્ધર્મનું શરણ લે, બીજી ચિંતા છોડી દે. તેં અને અમે બધાએ અનેક વખત જન્મ-મરણ કર્યાં છે. અનેક વખત આ પ્રમાણે મૃત્યુ પામતાં દુઃખ આપણે પામ્યા છીએ; એ મમત્વને લઈને પણ બંધુ! મમત્વ છાંડશું, શાંત ચિત્તે રાખી આત્મા ઉપર ધ્યાન રાખી આ મરણકાળ આરાધી લેશું તો બંધુ! તને અમારી અતિ નમ્ર અને હિતકારી વિનંતી છે કે તું તારો જીવ અમારામાંથી કે આ ઘરબાર, ધનાદિ પર વસ્તુમાંથી ખસેડી તારા પોતાના ધ્યનમાં લગાડ અથવા પરમાત્મામાં જોડ. સહજાત્મ સ્વરૂપ પરમ ગુરુનું રટણ કર,

***(સં.- શ્રી વિનયવિજયજી કૃત "શાંત સુધારસ"માંથી)***

## -: પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ :-



**જન્મ તારીખ**
**તા. ૧૨.૦૭.૧૯૩૮**

**દેહવિલય**
**તા. ૧૩.૧૦.૨૦૧૧**

**માતુશ્રી કાંતાબાઈ પ્રતાપ જીવરાજ લોડાયા**
**(કોઠારા – પાંચોરા)**

**કયારેય ન આવી તમારા સ્નેહમાં ઓટ, પણ હવે સદાય વર્તાય છે તમારી ખોટ !**
**આપનો માયાળુ સ્વભાવ અને નિ:સ્વાર્થભાવ**
**સદાય યાદ રહેશે. પ્રભુ પરમાત્મા આપના દિવ્ય અને**
**પવિત્ર આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના....**

## -: શ્રદ્ધાસુમન :-

**–: પુત્ર – પુત્રવધુ –**

ગીરીશ પ્રતાપ લોડાયા, અ. સૌ. મનીષા તથા અભય પ્રતાપ લોડાયા

**પૌત્ર – પૌત્રી :– ભવ્ય, નિધી**

**–: પુત્રી – જમાઈ :–**

અ. સૌ. રેખા લહેરચંદ નાગડા - શિરપુર, અ. સૌ. લતા હરિશ મૈશેરી - મુલુંડ,
ગં. સ્વ. પ્રતિભા (પારૂ) ખીરીશ નાગડા - ઘાટકોપર, અ. સૌ. રીટા સોમચંદ મોમાયા - શીરશી
અ. સૌ. જયશ્રી જિતેન ધરમશી - ડોંબિવલી, અ. સૌ. રાજશ્રી પિયુષ લાલકા - ડોંબિવલી
અ. સૌ. જાગૃતિ ધીરેન નાગડા - વડાલા

**જીવરાજ હીરજી લોડાયા સમસ્ત પરિવારના જય જીનેન્દ્ર**
**પાંચોરા, જલગાંવ, ચોપડા**




## ચમત્કારો અને અંધશ્રધ્ધા

તાજેતરમાં એક જ્ઞાતિપત્રમાં સમાચાર વાંચ્યા કે, કોઇક નગરમાં શ્રી પદ્માવતી મહાપૂજન બાદ, પૂજન કરાવનાર મહારાજ સાહેબની પછેડી પર, કંકુના અમીછાંટણાંનો ચમત્કાર સર્જાયો. જૈન ધર્મ કોઈ પણ જાતના ચમત્કારોમાં માનતો નથી. ધર્મમાં લોકોના શ્રધ્ધા અને ભક્તિ વધારવાને બદલે કોઈ લોકો અને કોઈ મહારાજ સાહેબો લોકો પર પોતાનો પ્રભાવ પાડવા માટે આવા ચમત્કારોનો આસરો લે છે, જે ધર્મમાં શ્રધ્ધા વધારવાને બદલે લોકોમાં અંધશ્રધ્ધા પેદા કરે છે.

થોડા વર્ષો પહેલાં, મુંબઈ નજીકના એક નવા બંધાયેલા જિનાલયના સંકુલમાં દર્શન કરવા જવાની તક મળી. દેરાસરમાં દર્શન કર્યા બાદ, દેરાસરની પછીતે આવેલ ક્ષેત્રપાલની દેરીએ ગયો. હું ઊભો હતો ત્યારેજ. એક માણસ એક થેલી લઈને આવ્યો. અને એ થેલીને એક કાચની કેબીન ઉપરથી ખાલી કરી. જોયું તો તે માણસે કેબીનમાં એક સાપ નાખ્યો, જે મેં નજરોનજર જોયું. થોડા સમય બાદ, સમસ્ત સંકુલમાં પથરાયેલ માઇક સીસ્ટમમાં જાહેરાત કરવામાં આવી કે ક્ષેત્રપાલ દર્શન આપવા હાજરાહજુર પધાર્યા છે, માટે દર્શન કરવા સર્વે ક્ષેત્રપાલની દેરીમાં પધારો. અને દર્શનાર્થીઓનો ત્યાં ધસારો થયો.

આ બીના સંપૂર્ણ તર્કટ હતું. શું થેલીમાં સાપને પૂરી રાખવાથી જીવહિંસા નથી થતી? સાપનો ખોરાક શું? ઉંદરો ઈંડા વી. શું થેલીમાંના સાપને ખાવા માટે આ ખોરાક અપાઈ રહ્યો છે? કેટલી જીવહિંસા? આવા ચમત્કારો સર્જવાની કુબુધ્ધિ કેમ સુજતી હશે? મહારાજ સાહેબો પોતાનો પ્રભાવ વધારવા માટે આવા તરકટો શા માટે કરતા હોય છે?

એક બીજો પ્રસંગ અમદાવાદથી રોડ માર્ગે પાલીતાણા વચ્ચે આવતા એક વિશાળ નૂતન જિનાલયે યાત્રાએ ગયો. પૂજા કરીને રંગમંડપના બહાર ઓટલા પર આવ્યો તો ચોકીદાર પાસે આવીને કહે, દરવાજા બહાર ઉપરથી ટીપે ટીપે નમણ પડે છે. જે એક ચમત્કાર છે. મેં પૂછ્યું પહેલા મજલે શું દૂર એક કુંડીમાં નમણ ભરી રાખવામાં આવેલ નથી. જેમાંથી ફ્લોરીંગમાં મૂકાયેલી એક પાઇપ દ્વારા એ નમણ નીચે ટપકે છે? કંઈ પણ જવાબ આપ્યા વગર એ ચાલ્યો ગયો.

ક્યારેક સાંભળીયે છીયે કે, પ્રતિમાજીમાંથી અમી ઝર્યા. કે ગભારા કે રંગમંડપની લાભમાંથી અમી ઝર્યા, જેને એક ચમત્કાર તરીકે વર્ણવામાં આવે છે. દેવલાલીમાં ભેટેલા એક ભાઈના જણાવ્યા પ્રમાણે જ્યારે પ્રતિમાજીને પક્ષાલ કરવામાં આવે છે. ત્યારે આરસના પ્રતિમાજી થોડું પાણી ચૂસી લે છે. જ્યારે એ પ્રતિમાજી પર બરાસ અને કપૂર ઘસવામાં આવે છે ત્યારે ચૂસાયેલ પાણી બહાર આવે છે જે અમીઝરણાના નામે ઓળખાવાય છે. તે ભાઈ કહે આવા અમીઝરણા તો અમારા દેરાસરજીમાં અમે અવારનવાર કરીએ છીએ. જ્યારે કોઈ પૂજન કે અન્ય પ્રસંગે દેરાસરજીના રંગમંડપ કે ગભારામાં મોટી મેદની જમા થાય છે. ત્યારે લોકોના ઉચ્છશ્વાસથી ભીંત પર ભેજ જમા થાય છે, જેને અમીઝરણારૂપે નવાજવામાં આવે છે.

મહારાજ સાહેબો પોતાનો પ્રભાવ વધારવા તરકટો સર્જીને લોકોના અંધશ્રધ્ધા વધારવાને બદલે લોકોમાં ધર્મ પ્રત્યેની શ્રધ્ધા વધારે તો સાશનની વધુ સેવા કરેલી ગણાશે.

પૂ. વિજયરામસૂરિશ્વરજીને એક શ્રાવકે વ્યાખ્યાન દરમ્યાન કહ્યું કે અમને તમારો કોઈ ચમત્કાર બતાવો. પૂ. આચાર્ય સાહેબે કહ્યું કે. આજના યુગમાં અમે સાધુઓ જે રીતે ધર્મ પાળી રહ્યા છીએ તે શું એક ચમત્કાર નથી?

નાળીયેરમાંથી કંકુ-ચંદડી કાઢવા, હથેળીમાથી કંકુ વેરાવું વગૈરે બધી હાથચાલાકીઓ છે. જેનાથી અંધશ્રધ્ધાળુઓ પ્રભાવેલ થાય છે. લીંબુનો રસ લગાવેલ હથેળીમાં અબીલ ઘસવાથી એનો રંગ લાલ થઈ જાય છે, જેને ગુલાલ કંકુના નામે નવાજવામાં આવે છે. આવા ચમત્કારો સર્જવાની જૈન ધર્મ મનાઈ ફરમાવે છે. એ માયા (કપટ) નામનો એક કષાય છે. સાધુ ભગવંતોએ સર્વથી દૂર રહે તો શાશનની ખરી સેવા કરી ગણાશે. લીંબુના રસ લગાડેલી પછેડી પર અબીલ (સફેદ પાવડર) છાંટવાથી કંકુના છાંટણાં થયાનો આભાસ થાય છે. શાશનદેવ સર્વેને સદબુધ્ધિ આપે તેવી પ્રાર્થના. પત્રો પણ આવા તરકટભર્યા સમાચારો ન છાપે એજ અભ્યર્થના. શાશનનો પ્રભાવ સમ્યગ જ્ઞાન આપવાથી થાય છે. આવા તરકટભર્યા ચમત્કારો સર્જવાથી નહીં.

*મુંબઈ ૨૪-૯-૧૨* — *- પ્રવીણ ખોના*


**શુભેચ્છા સહ...**

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## જ્ઞાતિ વસતીપત્રક

પ્ર.સ.ના અંક નંબર ૩૭માં વંડરફુલ વર્લ્ડ ઓફ વસતીપત્રક વિષે શ્રી કીરીટભાઈ મુનવરનો લેખ વાંચ્યો. કીરીટભાઈ છેલ્લા બે દાયકાથી જ્ઞાતિ વસતીપત્રક માટે જહેમત ઉઠાવી રહ્યા છે જે અનુમોદનીય છે.

એમણે દર્શાવેલ મુદ્દાઓ બાબતમાં જણાવવાનું કે વસતીપત્રક અંગે બે વિકલ્પો આપવામાં આવેલ છે. એમાનું એક વિકલ્પ છે કે તમને છાપેલું વસતીપત્રક જોઇએ છે કે સી.ડી.? પછી પૂછાય છે કે વસતીપત્રક ગુજરાતીમાં જોઈએ કે અંગ્રેજીમાં?

અલબત, જાણવા મળ્યું છે તે પ્રમાણે જેમને જોઈતી હશે તેમને વસતીપત્રકની છાપેલી નકલ આપવામાં આવશે. એ રીતે એ પણ રસપ્રદ થશે કે અંગ્રેજીમાં વસતીપત્રક મેળવવા કેટલા જ્ઞાતિજનો જણાવશે?

બીજી વાત વસતીપત્રકની જુની વેબસાઈટ માટેની છે. જ કદાચ કીરીટભાઈએ જ બનાવેલ છે. આ એક સંપુર્ણ ડેટા સાથેની વેબસાઈટ છે જે કોઈક કારણોસર નિયમિત રૂપે અપડેટ થયેલ નથી તો તેની વ્યવસ્થા કરીને તેને જે ચાલવા દો. નવી વેબસાઈટથી કોઈ ફરક પડવાનો હોય એવુ લાગતું નથી. તેઓ વધુમાં જણાવે છે કે નવી વેબસાઈટથી નીચે મુજબની ઉપલબ્ધીઓ પ્રાપ્ત થશે.

Latest & updated Matrimonial Information આ માહિતિ હાલની વેબસાઈટ પર પણ મળી રહે જો નિયમિતરૂપે તે અપડેટ થાય.

Latest Business details from our own Yellow Pages આના માટે ફરીથી જો નિયમિત રૂપે અપડેટ થાય તો, પરંતુ આ ઘણું મુશ્કેલ કાર્ય છે. અશક્ય નથી. panjokutch.com, asanjokutch.com વગેરે ધંધાકીય રીતે વેબસાઈટો બનાવનારા પણ બિઝનેશ પેજીસ માટે નિષ્ફળ ગયા છે. ફરીથી નિષ્કળતા માટે પ્રશ્ન છે નિયમિત અપડેટેશનનો.

Latest details of residence addresses etc. આ પણ જો નિયમિતરૂપે અપડેટ થાય તો જ મળી રહે પછી જુની વેબસાઈટ હોય કે નવી!

New website will share you photo social events etc. હા, આ એક નવી વસ્તુ છે. પરંતુ શું તે સારી વસ્તુ છે? તમારી માહિતિ ફક્ત તમારા સગા-વહાલા જ નહીં પણ દુનિયા આખી જોઈ શકશે. આજ જ્યારે સોશીયલ વેબસાઈટોના કારણે માહિતિના ગેરઉપયોગ જેવા ઘણા પ્રશ્નો ઊભા થયા છે અને Facebook, Tweeter જેવી વેબસાઈટો પર સેન્સરશીપ કે પ્રતિબંધ મુકાવાની શક્યતાઓ પણ જોવાઈ રહી છે ત્યારે આપણે એવી વેબાઈટ બનાવતા પહેલા સો વાર વિચારવુ જરૂરી છે. બીજું આવી વેબસાઈટ બનાવીને આપણે આપણા પગ પર તો કુહાડી નહીં મારીએ ને?

એ ઉપરાંત જો આવું કાઈક કરવું જ હોય તો આપણી પાસે KuDOs.com નામની સોશીયલ-ફેસબુક ટાઈપની વેબસાઈટ ઉપલબ્ધ છે જ. જેનો ઉપયોગ આ બધી બાબતો માટે કરી શકાય.

Our small scale cottage industries grihudyogs will get more exposure. આજે આપણી પછી શરૂ થયેલ લિજ્જત પાપડ કે અન્ય કેટલીય સંસ્થાઓની તુલનામાં આપણએ ક્યાં ઊભા છીએ તે વિચારીશું તો કમસે કમ તે કક્ષાએ પહોંચવા સર્વ જરૂરી પ્રયત્નો કરવા પડશે. નહીં તો તે ફક્ત કલ્પનાઓના પતંગ ચગાવવાનો વ્યાયામ બની રહેશે.

KDO card and Unique ID No. - આ વિશે હાલના તબક્કે કાંઈ કહેવું હિતાવહ નથી પરંતુ છેલ્લા વસતીપત્રક વખતે અપાયેલ નંબરોને પણ તમારી ઓળખ માટે તે Unique No. છે તેમ દર્શાવાયું હતું હવે આવી રહેલ વસતીપત્રકમાં તમારી ઓળખ માટે છની જગ્યાએ સાત આંકડા વપરાયા છે અને ભવિષ્યમાં કદાચ તે પણ બદલી જશે. આશા છે કે ભવિષ્યનો વિચાર કરીને આવું કામ કરાય તો દરવખતે બધાને નવા નંબરો આપવાની તકલીફ ન લેવી પડે. આવા કાર્ડો કેટલીક જૈન સંસ્થાઓએ મને અગાઉ આપેલ હતા પરંતુ થોડા સમય બાદ બિનઉપયોગી સાબિત થયા હતા.

છેલ્લે 'Be in touch Programme' એટલે શું તેની સમજ પડેલ નથી તે માટે દિલગીર છું.

એટલે સામાન્ય જ્ઞાતિજનને નજર સમક્ષ રાખીને બનાવવું જોઈએ.

માત્ર વેબસાઈટ દ્વારા કોઈ ક્રાંતિ આવે એવું હું માનતો નથી વેબસાઈટ એટલે માહિતિનો ભંડાર કે ખજાનો પણ એને પામવા આપણી જ્ઞાતિ એ માનસિકતા કેળવવી પડે અને તે કઈ રીતે થઈ શકે તેના પર ધ્યાન અપાય તો આપણે ખરેખર કોઈ સામાજીક કાર્ય કર્યું કહેવાશે.

***વડોદરા : ૧૫-૯-૧૨*** — ***નવિન પટેલ***


**શુભેચ્છા સહ...**
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન

# પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલી



# માતુશ્રી તારાબેન માણેકજી કેશવજી મોતા

**કચ્છ : રાપર ગઢવાળી**

જીવનયાત્રા : ૧૩.૭.૧૯૩૨ - ૨૫.૯.૨૦૧૧

જીવનના તીર્થ સમાન હે **'મા'** આપના ચરણોમાં કોટી કોટી વંદન

**માતુશ્રી જેઠીબાઈ કેશવજી હરપાર મોતા પરિવાર ❑ રાપર ગઢવાળી**
**માતુશ્રી રતનબેન શામજી નાગશી નાગડા પરિવાર ❑ નલીયા**

| પુત્ર-પુત્રવધુ | પુત્રી-જમાઈ |
| --- | --- |
| **હિના કલ્પેશ માણેકજી મોતા** | **ભાવના નરેશ ટોલીયા** (શ્રી ટોલીયા શિપીંગ સર્વીસીસ) |
| **નીશા હિતેશ માણેકજી મોતા** | **કલ્પના તરૂણ ધરમશી** (ડિલક્ષ લોજીસ્ટીક્સ પ્રા. લી.) |
| **ઉષા નિલેશ માણેકજી મોતા** | **મીતા વીરચંદ લાલકા** (પુષ્પાંજલી ફ્લોરીકલચર લી.) |

# MOTA TRADING PVT. LTD.

MUMBAI

છગન છેડા

## હાર્દિક અભિનંદન



**શ્રી શામજી નરશી દંડ**

આપશ્રીની અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખપદે નિમણુંક થઈ છે એ ગૌરવવંતા માન બદલ હાર્દિક અભિનંદન. ભાવિમાં પણ આપની કાબેલીયત અને નેતૃત્વનો સમાજ, ગચ્છ અને જ્ઞાતિ ઉત્કર્ષ માટે લાભ લેવાય અને એ જવાબદારી કાર્ય દીપાવવા સર્વથા શક્તિ મળી રહો અને ખુબ યશસ્વીતા મળે તેવી શુભેચ્છાઓ... આપશ્રીએ **સાંધવ** ગામ તથા દંડ પરિવારનું ગૌરવ વધાર્યું છે.

**✻ શુભેચ્છક ✻**

**શા. ભદ્રીકાંત મેઘજી લોડાયા-હિતેન ભદ્રીકાંત લોડાયા**
**પી.જી.સી. લોજીસ્ટીક પ્રા. લિ.**
**પ્રકાશ સી. ભાનુશાલી ● ભાવેશ સી. ભાનુશાલી**

## વધામણાં

આમ તો જૈન તિર્થંકર નિર્વિકર હોય છે,..
પરંતુ,
માતા દિપ્તીની ભક્તિને દાદ આપવા,
પિતા અતુલના આત્મબળની સરાહના કરવા,
દાદા હંસકુમાર તથા દાદી ગીતાની,
ધર્મ આરાધનામાં વધારો કરવા,
કાકા રાહૂલ તથા ફઈ હેમાના,
શ્રધ્ધાનો ફલ આપવા
એક બાલકનો આકાર લઈ
હું ધરતી ઉપર અવતર્યો છું...
સાથે-સાથે સ્વર્ગમાં બનેલો પ્રસાદ (પેંડા) લાવ્યો છું
જેનો સેવન કરી તમોને
**"સાયલા"** પરિવારને વધાવવાની પ્રેરણાં મળશે.

- *વાસુપુજ્ય*

## અનુકરણીય આયોજન

શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ સીટીના જિનેશ્વરધામમાં શ્રી શાંતિનાથ દાદાના મંદિરે પૂ.સા. સમયગુણાશ્રી તથા પૂ. શ્રુતગુણાશ્રી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસની સુંદર આરાધના થઈ. અનેકવિધ આરાધનાને મંદિર પરિસર ઝગમગી ઉઠ્યો છે. શ્રી અચલગચ્છ સંઘની પર્વ બાદ તપગચ્છ સંઘના પર્વ પણ સંઘની ઉદાર ભાવનાએ અહીં જ ઉજવાયા. આપસપાસ વસતા તપાગચ્છીય ભાવિકોની વિનંતીને માન આપી પૂજ્યશ્રી તથા સંઘના ટ્રસ્ટીગણે ઉદારભાવે અહીંજ પર્વ ઉજવવા સમંતિ આપેલ. બન્ને પર્વ પજુષણમાં આપણા સંઘના કાર્યકર્તાઓએ જે ખંતથી વ્યવસ્થા સંભાળી લીધી એ કાબીલેતારીફ છે. કાર્યકર્તાઓને જેટલા અભિનંદન તથા ધન્યતા આપીએ એટલા ઓછા છે.

આ આયોજનમાં શ્રી અચલગચ્છ જૈન સંઘે જે ઉદાર લાગણીભાવ દર્શાવી રજા આપેલ. તેથી બન્ને સંઘમાં આનંદ છવાયો. આ ઉદારતા સર્વે સંઘોમાં અને જૈન આલમમાં અનુકરણીય અને અનુમોદનીય રહી.

*હૈદરાબાદ : ૨૫-૯-૧૨* — *- હંસકુમાર રાયચંદ સાયલા*

(લગભગ ઘણાં સંઘોમાં આવી ઉદાર અને એકતાની ભાવના દાખવી નાના-મોટા સંઘોને ધર્મ આરાધનાર્થે જગ્યા, કાર્યકર અને સાધન વ્યવસ્થા કરી આપીને તથા હાજરી આપીને એકમેકની શોભામાં અભિવૃધ્ધિ કરાઈ છે જે અનુમોદનીય છે.)

## હાઇકુ

વિરક્તિ માર્ગે
રોમ રોમ જાગૃતિ
સંધિ પ્રભુથી

અવધિ જ્ઞાન
છે, મૂળ પાઠશાળા
ઘૂંટો એકડો

મૃત્યુ નિશ્ચિંત
છતાં સંસાર ગમે!
છે કેવી માયા?

દેહ અશક્ત
તોય!! કામના વધુ
ડંખે વાસના

- ***દોલતસિંહ રતનસિંહ જાડેજા "છોટાલાલ"*** (નલીયા)

### ભુલસુધાર

શ્રી હિમય લલિત મૈશેરી અને સપના ભરત ખોનાના લગ્નની તારીખ શરતચુકથી ૨૦-૮-૧૨ છપાઈ જે સુધારીને ૧૦-૮-૧૨ વાંચવી.

### નોંધ સુધારા

અંક નં.૩૯માં પાના નં.૩૫માં શ્રી દ.ભા. એકમના તસ્વીરોમાં બે હરોળની તસ્વીરો બેંગલોરમાં પૂ. મુનિ દેવરત્નસાગરજીની નિશ્રામાં ઉજવાયેલ પર્યુષણ પર્વની તસ્વીરો છે.

# શ્રદ્ધાંજલિ

**જન્મ**
**તા. 19.02.1935**



**અરીહંતશરણ**
**તા. 09.09.2012**

## સૌ. ધનબાઈ લાલજી માણેકજી લોડાયા

**ગામ : ગદગ ● કચ્છ : કોઠારા**

*જીવન એવું જીવ્યા કે કદી ન કરી પાછી પાની;*
*દુઃખ પોતે વેઠીને, સહુને આપી ગયા 'અમૃત'ની લ્હાણી.*

**પતિ :** શ્રી લાલજી માણેકજી લોડાયા

**સુપુત્રો :** શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયા, શ્રી દિલીપ લાલજી લોડાયા, શ્રી ભરત લાલજી લોડાયા

**પુત્રવધુ :** અ. સૌ. દમયંતી ચંદ્રકાંત લોડાયા, અ. સૌ. જયશ્રી દિલીપ લોડાયા, અ. સૌ. નીતા ભરત લોડાયા

**દિકરી :** અ. સૌ. પુર્વી પીનાકીન છેડા

**જમાઈ :** પીનાકીન જેઠાભાઈ છેડા

**પૌત્રી :** અ. સૌ. મીનલ મેહુલ મોતા, અ. સૌ. મીથીલા ભાવીન દંડ, અ. સૌ. ચૈતાલી નીમેશ મોમાયા

**પૌત્રી-જમાઈ :** મેહુલ ગુલાબચંદ મોતા, ભાવીન જીવરાજ દંડ, નીમેશ હરીશ મોમાયા

**પૌત્ર :** શ્રી કૌશીક દિલીપ લોડાયા, શ્રી પ્રશાંત દિલીપ લોડાયા

**પૌત્ર વહુ:** અ. સૌ. દર્શના કૌશીક લોડાયા, અ. સૌ. ડીમ્પલ પ્રશાંત લોડાયા

શ્રી અતીત ભરત લોડાયા

**દોહીત્રી :** રીદ્ધી પીનાકીન છેડા

**દોહીત્ર :** વૈભવ પીનાકીન છેડા

**પર દોહીત્રા :** કૈયવન - પલક - આયુષ

**દિયર :** શ્રી જયચંદ માણેકજી લોડાયા

**દેરાણી :** અ. સૌ. ગુણવંતી જયચંદ લોડાયા

**દિયરના દિકરી-પુત્રવધુ :** અ. સૌ. હર્ષા ઉદય લોડાયા ● અ. સૌ. રીના લાજેશ જયચંદ લોડાયા

**જેઠના દિકરા-પુત્રવધુ :** અ. સૌ. પુષ્પા વિરેન્દ્ર પદમશી લોડાયા, અ. સૌ. રેખા ધિરેન પદમશી લોડાયા

**નણંદ :** અ. સૌ. રતનબાઈ ખીમજી ચત્રભુજ લાલકા

**ભાઈ :** શ્રી લક્ષ્મીચંદ મુરજી દંડ ● **ભાભી :** અ. સૌ. તારાબાઈ લક્ષ્મીચંદ દંડ

**બહેનો :** સ્વ. આશબાઈ રાઘવજી લોડાયા ● ગં.સ્વ. મીઠીબાઈ ચત્રભુજ લોડાયા
સ્વ. લક્ષ્મીબેન શાંતીલાલ ધરમશી ● ગં.સ્વ. વાલબાઈ સોમચંદ ધુલ્લા

## INTER RELIGIOUS DIALOGUE FOR PEACE & HARMONEY

Speech by Mr. Vinod Dhulla in the conference, "Inter Religious Dialogue for Peace & Harmoney" organised by The Bombay Catholic Sabha,on Sunday, 23rd September 2012 at Mulund.

The Emphasis on :

1. How Jainsim understands & promotes Peace & Harmoney.

2. How all Religions can together promote Peace & Harmoney.

The soil of India has always been favourable to the growth of religions & philosophies. Every religion has something special to offer but all the religions have few common principles out of which "Peace & Harmony" are major.

Each religion have understood peace & Harmony in their own calibrations & promotes its own method for the welfare of mankind in general & a individual in particular.

Jainism clearly says, "Do not live to know but know to live". Philosophy of life or way of living life depends upon one's own ideas & the effect of the surrounding- The constitution of India, says clearly that every citizen of India can follow any faith or religion according to his ideology & belief.

A Philosophy which is solution to many life problems or a method of finding out truth of life cannot be separated from religion. A religion is a certain kind of systematic efforts to secure the conservation & enhancement of values of life.

A religious especially when highly developed makes important claims & footprints, for a human conduct, beliefs & social welfare of community.

Jainism believes that, as thirst does not vanish just by saying water, similarly the benefits or the fruits of religion cannot be achieved by discussion only. Practical means of physical, mental & spiritual development which bring under control & purify the three lower vehicles of man i.e. the body, the mind & the spiritual self i.e. soul, are necessary. This is the practical side of religion that shows the change of conduct, behaviour of a individual good from bad.

In Jainism, "Agams" says, for your peace of mind & harmony in life, by speech, by thoughts & by act-behaviour, is attained only & only by right faith, right knowledge & right conduct.

But how to gain faith?

But what is right knowledge?

But what is good conduct?

Conduct is the fundamental basis of Indian Philosophy, religion & culture, which is attained by 5 Maha-Vrata & Anu-Vrata according to Jainism.

Jain scriptures & scholars shows the ascotie life by 5 Maha-Vratas or 5 Anu-Vratas. i.e. Ahimsa, Satya, Asteya, Brahmacharya & Aparigraha + 5 Bhawnas.

Ahimsa: Vanspati / Animals /or any living body on the earth Not to hurt, Pain or Hate By mind, speech, body / act.

Nonviolence to the minute level of Vayukay-Tejkay(viral & unvisibel living Jivatmas of air & light)

Truth/Satya : 24th Tirthankar Lord Mahavir always said "Perhaps", so that he is not bound by the Karma of right or wrong. / False speech /Anekantvad/only seen is truth.

Asteya :Renounce taking anything which is not yours, wrong methods of acquiring money/properties etc. given to you or Limited space for use of fix time or manipulation of quality by adulteration or saving on undue government liabilities .

Brahmacharya :Renounce all sexual pleasures either with Gods/men/women/ animals To Avoid such acts of thought speech & behaviour no Liquor /non seasonal dishes-Tamshi Prakruti, food etc. To be avoided.

Aparigraha : Murchha ,Pleasant/ Unpleasant sentiments towards.1)Sound 2)Colour 3) Odour 4) Taste 5) food 6) Luxury

7) Ego One should not hold or reserve or store any materialistic fixed or movable or of any other type of properties, cash or in kind beyond his own calculated requirement for whole life.

Ratri Bhojan : NO FOOD during sun set to sun rise.

What is Peace & Harmony?

In Jainism Lord Mahavira , the 24th thirthankar says, "The behaviour of a man is always controlled, reflected & motivated by his cultivation, surrounding & Karmas of this birth, earlier births & its effects.

Jains doctrine of penance is based on the foundation stone of Sadhana which could be Bhakti/rituals to reach near soul & its study. i.e. belief that body & soul are two distinct entities. It is the body that feels hungry & not the soul.

It is impossible to conquer hunger without understanding the distinction between consciousness & hunger.

Voluntary Abstinence from food & water contributes directly to a person's spiritual progress by reducing his attachment to the body. This is called real peace of mind, Heart & Body with harmony by developing or acquiring goal of sadhana i.e. Peace harmony to an individual. Then he transmits his learnings & teachings to fellow members of the society. & Penance, forgiveness (Xama), Brotherhood, Anukampa to all living creatures of this universe.

Modern world has failed to understand this doctrine. Hence we have the turbulence of violence, terrorism, Daccaities, Corruption, Rappism, Scandals Etc...

One can really live fearless, worriless & tension free life. If He bears ascetic conduct, follow 5 maha vratas & common principles laid down by Lord Mahavira. For Clothes, Food, Water, Residence, Money, Character-Charitraya, Speech, Self-examination i.e. Pratikramana,more cordial & transparent relationship among i.e. human beings, communities & countries,

The main reason for discontent or tussle or war is due to lack of understanding about main jain principle like ANEKANTAWADA, which says that, opposite individual may differ his opinion as compared to your own self.

ROLE OF ALL RELIGIONS FOR PEACE & HARMONY

All over the globe more than 98-99% of the population are by & large self centred & not harmful to others but just because of 1-2% people not maintaining ascetic behaviour & environmental friendly activities. They are disturbing the harmony of mankind & this universe so, to fight against such anti-social or anti-human forces all the religions must get united & use their all powers & influence to get this world free of hardships, worries, pains & fear. The common agenda should be drafted out for joint action through individual religion to fight against injustice, Disease, poverty, Illiteracy & Unemployment for down trended & needy human beings all over the globe.

A joint mass action to be started to save this Mother Earth from the great wars of water, air & sky. For best uses of energy efficient, Green & Eco-friendly applications & adoption of new & renewable energy projects. All religion should devote their best time for conservation of natural resources like water, pollution free air, sea & wild life, forests, animals & creatures on this planet.

Jai Hind.

*(નોંધ : મુંબઈ કેથોલીક સભાના ઉપક્રમે સર્વ ધર્મ સમભાવરૂપે વિશ્વ શાંતિ અને સમરસતા, સદ્‌ભાવ વિષયે યોજાયેલ પરિસંવાદમાં જૈનીઝમ તરફથી **શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા** (સુથરી-મુલુન્ડ) એ પ્રતિનિધિત્વ કરી જૈન ધર્મના સિધ્ધાંતો અને સંસ્કૃતિ આજની વિષમ પરિસ્થિતિ-વાદ-વિવાદ આતંકવાદના ઉકેલ માટે અસરકારક ઉપાય છે. એવું માર્ગદર્શક પ્રવચન કરેલ.)*


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## કાવ્ય–પ્રકાશ : તો આ દુનિયા સ્વર્ગ બની જાય

પર્યુષણ પર્વ આવતા હતા
સૌના હૈયા હરખાતા હતા,
સાસુ બજારેથી ચાર સુંદર સાડી લાવ્યા
હરખે હરખે ખેંચાતી આંખે ફોલ ચડાવ્યા,
વહુનું બ્લાઉઝ છુપાવી ચાર સુંદર બ્લાઉઝ બનાવ્યા
પર્યુષણ પહેલા વહુને બોલાવી આપ્યા,
વહુની આંખે આંસુ આવી ગયા
કર્યા કરાવ્યાના પસ્તાવા થઈ ગયા,
પાણી નાખી સાસુની ચા બનાવતી
એમના જમવામાં અનિયમીતતા લાવતી,
વાત વાતમાં મોઢું ચડાવતી
કહ્યા વિના હું બહાર ચાલી જાતી,
મારી ગેરહાજરીમાં બાળકો સ્કુલેથી આવે
સાસુ એમને માટે ગરમ થેપલા ને પૌંવા બનાવે
મને એમ કે સાડીઓ પોતાને માટે લાવ્યા
તેને બદલે મારા માટે સિવડાવ્યા
રડતી વહુને સાસુએ પુછ્યું, કેમ સાડી ન ગમી બેટા!
પગે પડી વહુને વેરઝેર થયા છેટા,
સાસુએ વહુને ઉપાડીને ગળે લગાડી
પોતાના પાલવના છેડે આંસુ લીધા લુછી
દિકરાનું ત્યાં આવવું થયું એનું હૈસું રડી પડ્યું,
છોકરાને થયું "તારૂં-મારૂં" જો આપણું થઈ જાય
તો આ દુનિયા સ્વર્ગ બની જાય!
આ વાંચવાથી ક્યાંક હૃદય પરિવર્ષન થાય
દિલના ઝેરીલા વેર ધોવાય,
સાસુ-વહુ બાથ ભીડી રડતી દેખાય
તો **અનીલ** તારી દિલની લાગણી વસુલ થાય,
ઇચ્છે છે સૌ મનમાં કે આવું જો થઈ જાય,
તો ખારા જળ મીઠા બની જાય,
તો જીવનને બદલે મધુવન બની જાય
મનુષ્યભવ વસુલ થઈ જાય,
કેટલાયે બળતા હૃદયોને શાંતિ મળી જાય
પ્રભુ! વિનંતી છે આપને એવું કંઈક કરો
કે છુટાછેડા જેવા જ્ઞાતિના સળગતા પ્રશ્નોનો અંત આવી જાય.

***– અનિલ હિરાચંદ ધુમ (કોઈમ્બતુર) ૯૮૪૩૦૭૩૭૩૭***



### પાસ થયા–હાર્દિક અભિનંદન !

**દિપાલી ભરતકુમાર દંડ**
(વરાડીયા)
CBSE XII 73.2%

## મહાવીરસ્વામીની ધ્યાન મુદ્રા

**ધ્યાન મુદ્રા :** તન, મનની, તંદુરસ્તી વધારવા ઉપયોગી મુદ્રા છે "ધ્યાનમુદ્રા". આપણા ઋષિઓ ધ્યાન ધરી સમાધિ અવસ્થામાં જવા માટે આ મુદ્રાનો ઉપયોગ કરતા હતા. આ મુદ્રા આંતરિક મનને જગાડવા માટે એટલે કે આલ્ફા લેવલ માટે મહત્ત્વની છે. આલ્ફા લેવલમાં જવાથી આપણે આપણા આંતરિક મનનો સંપર્ક કરી શકીએ. તેમ જ આંતરિક મનને જાગૃત કરી સૂચન આપી જીવનમાં આવતા વિઘ્નો દૂર કરી શકાય છે. ભગવાન મહાવીરસ્વામીએ પણ આ મુદ્રા સ્વીકારી છે. એ ધ્યાન મુદ્રા અંતર મનને જાગૃત કરે છે.

**મુદ્રા કરવાની રીત :** ખોળામાં આપણાં જમણાં હાથનો ખોબો કરી તેના પર ડાબા હાથનો ખોબો કરવો અને બંને હાથના અંગુઠા ઉપર તરફ ભેગા કરવા. આ મુદ્રા કરવા માટે પદ્માસનમાં અથવા તો પલાઠી વાળી બેસવું. આ રીતે બેસવાથી વિચારો પર કાબૂ આવે છે. નવી શક્તિનો સંચાર થાય છે. આ મુદ્રા કરતી વખતે ધીમા તેમ જ ઊંડા શ્વાસ લેવા. હકારાત્મક વિચાર કરવા.

## કાવ્ય–પ્રકાશ

### કચ્છ તેં મોડેથી વઠો મિઠો મીં...!

(રાગ:કાફી - કચ્છી-સોનેટ)

મીંયણા વઠા શુભકાર;
ઈશાન મંજા થઈ વીજ
કામાય કુંકે કુંકાર ... મીંયણા ૧
ઉત્તર મ્યાંનું સરકયા લાડકા;
કારે વડરેંજી હાર ... મીંયણા ૨
અભ મ્યાંનુ ધાડૂં છુટયું
રેલા રોડયા અપાર ... મીંયણા ૩
નેવ ત્રેમ્યં, નાળા વહ્યાં,
છેલા વહ્યા ચોધાર ... મીંયણા ૪
તરા ભરાણાં નીરસેં
છેલ્લા નૈયેંજા કંઠાળ ... મીંયણા ૫
વસી વસી હલ્યા વ્યા,
ડઈ વ્યા અન્ન-પન્ન ભંડાર ... મીંયણા ૬
સચ્ચી શાહ "રશ્મિન" ચે,
માલિક તું દીનદયાળ ... મીંયણા ૭

***– રશ્મિન ખોના (મુંબઈ)***


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પૂ. ગચ્છાધિપતિશ્રીનો ૮૧મો જન્મદિન

પૂ. ગચ્છાધિપતિ તપસ્વીરત્ન આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.નો ૮૧મો જન્મદિન અનેકવિધ ધાર્મિક-સાધર્મિક-સામાજિક કાર્ય અનુષ્ઠાનોથી ઉત્સવરૂપે મનાવાયો.. પૂજ્યશ્રી સળંગ ૪૪માં વરસીતપના આરાધક છે અને શાસન અને ગચ્છના ઉત્કર્ષ માટે આ જૈફ વયે પણ અનુમોદનીય યોગદાન આપી રહ્યા છે આજે સાધર્મિકોની પ્રગતિ માટે સતત કાળજી લઈ ભાવના ભાવી રહ્યા છે. પૂજ્યશ્રીના ૮૧મા જન્મદિન અવસરે સુખશાતા-નિરામયતા અને યશસ્વી દીર્ઘાયુષ્યની સમગ્ર જ્ઞાતિવતી હાર્દિક શુભેચ્છા વંદના..

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક અભિયાન અંતર્ગત રવિ. તા.૨૩-૯-૧૨ સાંજે ૫.૩૦ વાગે નાશિકમાં ત્યાંના મહાજનના સહયોગે જ્ઞાતિજનોનો મેળાવડો યોજાયો હતો..

પ્રારંભે શેઠ નરશીનાથાને હારારોપણ અને દીપપ્રાકટ્ય બાદ નાશિક મહાજનશ્રીના પ્રમુખ શ્રી પ્રદીપ દેવશી લોડાયાએ સૌનું સ્વાગત કરી આવકારેલ. માનદમંત્રી શ્રી રાજેશ દામજી પોલડીયાએ આજની બેઠકની પ્રસ્તાવના આપીને સમસ્ત મહાજનને આવકારેલ અને જ્ઞાતિના સામુહિક પ્રશ્નો ચર્ચવા અને જ્ઞાતિ પ્રગતિના સુચનો આપવા જણાવેલ.. સમસ્ત મહાજનના પ્રતિનિધિઓના પરિચય અપાયા અને જ્ઞાતિજનોએ સમસ્ત મહાજનની વિનંતીને માન દઈને સન્માનની કોઈ ઔપચારિકતા ન કરતા ઉભા થઈને માનવંદના કરેલ.. સમસ્ત મહાજનની ટીમમાં સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા, ટ્રસ્ટી શ્રી ચંપક જીવાણી, મહા સમિતિના સભ્યશ્રી હીરાચંદ દંડ અને મહારાષ્ટ્ર એકમ સેક્રેટરી શ્રી દીપકભાઈ પોલડીયા સહભાગી થયા હતા.. સમગ્ર કાર્યક્રમનું સૂત્ર સંચાલન સૌ.. કિરણબેન લોડાયાએ સુંદર રીતે કરેલ..

સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ સમસ્ત મહાજનની માળખાકીય રૂપરેખા, કાર્ય-ઉદેશ્યો અને અત્યારસુધીની કાર્યવાહીનો અહેવાલ આપી સવિસ્તર માર્ગદર્શન કરેલ.. ત્યારબાદ જ્ઞાતિજનો પાસેથી વિચારો જાણવા આમંત્રણ અપાયેલ..

શ્રી રાજેશ પોલડીયાએ મુંબઈમાં જ્ઞાતિનું અતિથીગૃહ નાના પાયે પણ હવે તે બાબતે તુરંત કાર્યવાહી થાય તેવું સુચન કરેલ.. સંદર્ભમાં શ્રી નવીનભાઈ આણંદજી લોડાયાએ અતિથીગૃહની જરૂરીયાત અને સમગ્ર જ્ઞાતિમાંથી કેમ સૌનો સહયોગ મળી રહેશે તેની વિગતો આપી હવે આ કાર્ય તુરંત હાથ ધરવા અપીલ કરેલ.. સમગ્ર જ્ઞાતિ, એકમો, મહાજનો મળીને યથાયોગ્ય યોગદાન આપે તો આ જરૂરીયાત પુરી કરવાનું શક્ય છે. એવો સુર બધેથી જાણવા મળેલ..

જૈન માયનોરીટી અને તેના લાભ વિષયે ચર્ચા થઈ, તેની માહિતી અપાઈ અને હજી આ વિષયે જ્ઞાતિજનોને જાણકારી આપી લાભ લેવા અનુરોધ કરાયેલ.. જ્ઞાતિ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન અપાય તે હેતુસર સમસ્ત મહાજનસ્તરે સમિતિ હોય જે સમગ્ર જ્ઞાતિને અદ્યતન માહિતી પુરી પાડી લાભ આપતી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા સુચન થયેલ.. શ્રી હિરાચંદભાઈ દંડે જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓની પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ અંગે જ્ઞાતિસ્તરે અપાતી લાભ યોજનાઓની સવિસ્તર માહિતી આપી.. બધીજ સંસ્થાઓ સાથે મળી એક છત્રમાં કામ કરે છે અને વધુમાં વધુ મદદરૂપ થઈ શકીએ એવી ભાવના છે.

અન્ય પ્રશ્નોમાં જ્ઞાતિમાં આંતરજ્ઞાતિય લગ્નો ઘટે તે માટે પ્રયત્ન કરવા, જ્ઞાતિસ્તરે મેડીકલ વીમા યોજનાનું પ્રસાર, સંસ્થાકીય સમયોચિત વહીવટી સુધારા, કચ્છ-હાલારના વતનનાં પ્રશ્નોના ઉકેલ, કચ્છ જમીન મિલકતોની



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

જાળવણી, મુંબઈમાં અતિથીગૃહ માટે જગ્યા કાંજુરમાર્ગ કોમ્પ્લેક્સના પ્લોટમાં કરવા સુચન, જ્ઞાતિસ્તરે મુંબઈમાં મેડીકલ ચેક અપ માર્ગદર્શન કેન્દ્ર, અનંત આરોગ્યનિધિ-દેવલાલીના સુધારા અને તેના વિકાસ અને વિસ્તૃત લાભ માટે સુચન કરાયા. જેના વહીવટી સંભાળ માટે સ્થાનિક મહાજનમાંથી પણ એક પ્રતિનિધિ નીમવા ભલામણ થઈ.

ખુલ્લી ચર્ચા વિચારણા-સુચન આપ-લે બાદ શ્રી ચીમન મોતાએ ભારતભરનાં જ્ઞાતિ સંપર્ક બાદ જ્ઞાતિની અપેક્ષા-માંગ-જરૂરીયાતો અને જ્ઞાતિ પ્રગતિના સુચનોનો સારાંશ રજુ કરેલ. એ બધી રજુઆતોના ઉકેલ માટે સમસ્ત મહાજન બધા સાથે સંકલન-સમન્વય સાધી તેની પુર્તતા કરવા કટિબધ્ધ છે અને આપણે જ્ઞાતિજનો ઐક્ય ભાવના અને સાથ સહકારથી એમાં સફળતાના પ્રયત્નો કરીશું તો જરૂર સારું પરિણામ મળશે એવી આશા અને શ્રધ્ધા વ્યક્ત હતી.

શ્રી દીપકભાઈ પોલડીયાએ મહારાષ્ટ્ર એકમવતી સંપુર્ણ સાથ સહકારની ભાવના દર્શાવી ખાનદેશ ક.દ.ઓ. સાધર્મિક ભક્તિ ઉત્કર્ષ નિધિ યોજના અંગે રૂપરેખા આપતાં જણાવ્યું કે, સમસ્ત મહાજન એ આપણી સૌની કેન્દ્રવર્તી સંસ્થા છે અને તે જ્ઞાતિએ જ બનાવેલ છે એની સફળતા આપણા સૌ ૩૦ હજાર જ્ઞાતજિનોના સ્વયંસ્ફુર્ત સહયોગ પર નિર્ભર છે. એટલે કોઈ હક્ક મળવાના લાભ માટે નજર ન નાખતાં આપણે પોતે શું યોગદાન આપી શકીએ તે ફરજ પહેલા બજાવીએ. એ જ દષ્ટિકોણથી પ્રથમ જાતે અને ઘરથી શરૂઆત કરી છે કે આપણાં પ્રશ્નો આપણે જ ઉકેલીએ. બીજાપર નિર્ભર ન રહીએ. એ વિચારધારાથી પ્રેરાઈને જ પ્રથમ ખાનદેશ પ્રાંત પુરતી આ નિધિ કોઈપણ પ્રકારના મર્યાદા બંધન વિના સ્વૈચ્છિકપણે આદરી છે. આપણો બોજ આપણે જ ઉપાડીએ બીજાને બોજરૂપ ન બનીએ એ સ્વાવલંબની ભાવનાથી આ કાર્ય શરૂ કરેલ છે જેને જ્ઞાતિભાઈ-બહેનો જબ્બર સ્વયંસ્ફુરીત પ્રતિસાદ આપી વધાવી લીધી છે. જેનો આપણને સૌને આનંદ છે. જ્ઞાતિનો દરેક જણ-દરેક મહાજન-દરેક સંસ્થા આ સાદી સરળ વાત સમજશે અને આચરણમાં લાવશે ત્યારે કોઈ પ્રશ્ન નહીં રહે અને કદાચ આવશે તો પણ એ ભાવના હશે તો ઉકેલાઈ જશે એવી અમને શ્રધ્ધા છે.

સમસ્ત મહાજનવતી ચંપક જીવાણી એ શ્રી નાશિક મહાજન અને પધારેલ જ્ઞાતિજનોની સ્વાગત સરભરા અને જ્ઞાતિદાઝની ભાવના બદલ હાર્દિક આભાર માનેલ.

નાશિક મહાજનશ્રી વતી શ્રી રાજેશ પોલડીયાએ સૌનો આભાર વ્યક્ત કરેલ. આ બેઠકમાં ૮૦ થી વધુ જ્ઞાતિજનો સહભાગી થયા હતા.

નાશિક મહાજનના વિદાય લેતા પ્રમુખશ્રી પ્રદીપભાઈ લોડાયાએ નવા પ્રમુખ તરીકે યુવા શ્રી રાજેશ દામજી પોલડીયાના નામની જાહેરાત કરતાં ઉપસ્થિત સૌએ મહાજનની નવી ટીમને શુભેચ્છા અને અભિનંદન આપી સહર્ષ વધાવી લીધેલ.

## અનંતનાથ જિનાલયે ભક્તિ ભાવના

શાસનદેવી ચક્રેશ્વરી અને અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલી માતાજીની ભક્તિ ભાવના અનંતનાથજી દેરાસર-મસ્જીદબંદરે આસો સુદ ૨, મંગળવાર તા.૧૬-૧૦-૧૨ના રાત્રે ૮ કલાકે માતુશ્રી મુરબાઈ વિસનજી લોડાયા સૌ. પ્રભાબેન હેમેન્દ્ર સાથે માતુશ્રી જ્યોત્સના શાંતિલાલ સૌ. ભૈરવી સેજસ પરિવાર તરફથી રાખવામાં આવેલ છે. સૌ. ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ

સંઘ દ્વારા ૯-૯-૧૨ના ચૈત્ય પરિપાટેના બે બસ અને એક કાર દ્વારા ૯૧ સભ્યો સવારના મોહનામાં દેવદર્શન પુજા તથા સમુહ ચૈત્યવંદન કરી માતુશ્રી ખેતબાઈ લાલજી સોની પરિવાર તરફથી નવકારશી લાભ લીધો. મોહના જૈન સંઘ તરફથી શ્રી ચિમનલાલ લાલજી સોનીનું સન્માન કરવામાં આવ્યું. શહાડ દેરાસરમાં દેવદર્શન કરી અંબરનાથના દેરાસરે વાસુપુજ્ય દેવદર્શન કરી ત્યાં શ્રી અચલગચ્છ જૈન સંઘના દેરાસરે દર્શન કરી. સાધર્મિક ભક્તિના સહયોગી શ્રી વાલજી હીરજી ખોના તથા બસના સહયોગી શ્રી બદ્રીકાંત મેઘજી લોડાયાનું સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું બદલાપુરમાં દેવદર્શન કરીને મુરબાડમાં ચા-કોફીનો લાભ માતુશ્રી અલ્પાબેન ચંદ્રકાંત લોડાયા તથા ચૌવિહારનો લાભ શ્રી હિરેન સોમચંદ લોડાયાએ લીધેલ. મુરબાડ જૈન સંઘ તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું. મુરબાડના શ્રી

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

જ્ઞાતિના મહિલા જગતના સક્રિય કાર્યકર સ્વ. ડો. વાસંતીબેન ખોનાની ધાર્મિક, સામાજિક સત્કાર્યોની અનુમોદના સાથે સદ્‌ગતને ભાવભીની શ્રધ્ધાંજલિ.

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI
Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

રૂષભદેવ જિનાલયે ભક્તિ ભાવનાની રમઝટ જમાવી આરતી-દિવો શા. વાલજી હિરજી ખોના અને માતુશ્રી રીટાબેન ભરત મુનવર તરફથી લાભ લેવાયેલ રૂા.૫૦ નું સંઘપુજન થયેલ. યાત્રા વ્યવસ્થા સંચાલન ગૌરવ વિકમશી, વિપુલ ખોના, હિતેન લોડાયા તથા અન્ય કાર્યકર્તાઓના સાથ સહકારથી સફળ થયેલ. આભારવિધી શ્રી પ્રતાપ પીરિ કરેલ. સંઘની ચૈત્યપરિપાટી સારી રીતે થઈ.

### જ્ઞાતિગૌરવની નોંધ : શ્રી વીરચંદ ગાંધી

જાણીતા સુવિખ્યાત જૈન શ્રાવક બેરીસ્ટર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી (મહુવા) જેમણે જૈન શાસનની અનન્ય સેવા કરી અને પ્રથમ જ વાર વિદેશની ભુમિપર સ્વામી વિવેકાનંદજી સાથે જઈ જૈનધર્મના સંસ્કારો સમજાવી સંસ્કૃતિનો મહિમા, પ્રસાર પ્રવચનો કરેલ. પશ્ચિમની પ્રજા એમની જીવનશૈલી અને જ્ઞાન-અનુભવથી ખુબ પ્રભાવિત થયેલ. શ્રી વીરચંદભાઈ ગાંધીનું જીવન ખુબ ગૌરવવંતુ હતું. વિદેશમાં પણ જૈનીઝમ વિષે પ્રચાર કરેલ અને શ્રાવક તરીકે અનેક વિધ શાસન પ્રભાવના કરી નામ દીપાવેલ. એમનું જીવનચરિત્ર વાંચતા કેટલીયે અનુમોદનીય વાતોની પ્રેરણા મળે તેવું પ્રભાવશાળી છે.

સુકૃત કરનાર એ મહાસપુતનું મુંબઈમાં આપણા **મુંબઈ મહાજને** તા.૧૯-૮-૧૮૯૬ના એમને “સ્ટાર ઓફ જૈનીઝમ” પદથી વિભુષિત કરી ગોલ્ડ મેડલ અર્પણ કરી જાહેર અભિવાદન કરેલ. જ્ઞાતિ ઈતિહાસની આ ગૌરવવંતી ગાથા ઘણાં નહીં જાણતાં હોય પણ તે સમયે તેમની જાહેર અનુમોદના કરનાર સમગ્ર કચ્છી-ગુજરાતી જૈનોમાં માત્ર કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ પ્રથમ હતી.

ધર્મવીર-ક્રાંતિવીર શ્રી વીરચંદભાઈ ગાંધીનું જીવનકવન ૧૮૬૪થી ૧૯૦૧ દરમ્યાન રહ્યું. તેમણે ૧૮૯૯માં આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદમાં ભારતનું એકલપંડે પ્રતિનિધિત્વ કર્યુ. એમની જીવનશૈલીથી ગાંધીજી અને વિવેકાનંદ જેવી વિભુતિઓ પણ પ્રભવિત થઈ હતી. એમની શાસન સમર્પિત સેવા આજની યુવાપેઢીને પ્રેરણા આપતી રહેશે. એમનું જ્ઞાન, કાબેલીયત અને ભાવના દરેકને સ્પર્શે તેવી પ્રભાવશાળી હતી. ૨૦ વર્ષની ઉંમરે ૧૪ ભાષાના જાણકાર હતા. દેશ-વિદેશના પત્રોએ એમના પ્રવચનો અને જીવનચરિત્રની નોંધ લીધી હતી.

### મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-ધુલીયા

મંચની બેઠક તા.૨૦ જુલાઈ ૧૨ના સૌ. રમીલાબેન ગોસરના ઘરે સૌ. કલ્પનાબેન ભાટેના પ્રમુખપદે મળેલ. નવકાર મંત્ર પઠન કરી મંચની નવી કમીટીની વરણી કરાઈ જેમાં પ્રમુખ સૌ. પ્રીતીબેન કાજલ મોમાયા, ઉપપ્રમુખ સૌ. શિતલબેન પરેશ ભાટે, સેક્રેટરી સૌ. નમ્રતાબેન આશિષ સોની અને ખજાનચી સૌ. હર્ષાબેન વિનોદ સોની નીમાયા. ત્યારબાદ સૌ. રમીલાબેને એક મિનીટની ગેમ રમાડેલ. જેમાં કુકરની રીંગમાં ગોટી ગોઠવવાની હતી જેમાં પ્રથમ સૌ. લતાબેન શાહ તથા દ્વિતીય સૌ. દર્શનાબેન દંડ જેમને રમીલાબેને ઈનામ આપેલ. મહારાષ્ટ્ર એકમની જનરલ મિટીંગની ચર્ચા કરી અહેવાલ અપાયેલ. અંતે દૂધપાકનો સ્વાદ માણી સહુ છુટા પડેલ.

મંચની બેઠક તા.૩૧-૮-૧૨ના સૌ. દર્શનાબેન દંડના ઘરે મળેલ. નવકાર પઠન બાદ સામુહિક મિચ્છામીદુક્કડમ કરી એકમની મિટીંગ વિષે ચર્ચા થઈ. ત્યારબાદ ચિ. હિરલે એક પેપર ગેમ રમાડેલ. જેમાં દોરેલા ચોરસ ચિત્રમાં કેટલા ચોરસ છે તે અને આઠ આંકડા લઈને સંખ્યા ૧૦૦૦ બનાવવી. જેમાં પ્રથમ સૌ. લતાબેન શાહને ઈનામ મળેલ. તથા બીજી ગેમ ઉંધા બેસીને પાછળ બાલટીમાં પાણીમાં લોટો રાખેલ જેમાં સિક્કા નાખવા જેમાં પ્રથમ સૌ. રમીલાબેન ગોસર તથા દ્વિતીય સૌ. હર્ષાબેન સોનીને ઈનામ મળેલ. જૈનીઝમ પરીક્ષા પેપરનું પરીણામ જાહેર કરાયેલ. તેમાં ધુલિયાના સૌ. પ્રિતીબેન કાજલ મોમાયા ૧૦૦માંથી ૯૯ માર્ક લઈ પ્રથમ આવ્યા. મંચ તરફથી અભિનંદન અપાયા. ગેમના ઈનામો સૌ. દર્શનાબેને આપેલ. દૂધપાકનો આસ્વાદ માણી સહુ છુટા પડ્યા.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ-ચાલીસગામ

ટ્રસ્ટે દ્વારા ગરીબોને ભોજન કરાવવાનું શૈક્ષણિક અને વૈદ્યકીય કાર્યોમાં સુંદર પ્રવૃતિઓ થઈ રહી છે. ઉનાળામાં પાણીની પરબ ચાલુ હોય છે. હવે ખાનદેશ પ્રાંતના કાર્યક્ષેત્રમાં જ્ઞાતિજનો માટે સાધર્મિક ભક્તિનું કાર્ય ચાલુ કરેલ છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

માટે જ્ઞાતિજનોને સહકાર્ય આપવા વિનંતી. સાધર્મિક ભક્તિ માટે એક દિવસ : તેજસ દિનેશ ગોસર (હૈદ્રાબાદ) અન્નદાન માટે કાયમિતિથી શા. રાયચંદભાઈ માલશી મોતા (સેલમ)

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ધુલીયા

મહાજનના ઉપક્રમે ધુલિયાની ચૈત્યપરિપાટી તા.૨-૯-૧૨ના જલગામ ગયેલ, જેના લાભાર્થી શ્રી રાવસાહેબ ગોવિંદજી ખીમજી પરિવાર હતા. સવારના ૭ વાગે બસમાં રવાના થયા. દાતા પરિવાર તરફથી સંઘપૂજન થયેલ અને રસ્તામાં એમણે સ્તવનની અંતાક્ષરી રમાડેલ સહુને ખૂબ મજા પડેલ. બસમાં સહુને મુખવાસના પેકેટ દાતા શ્રી નેણશી શામજી સોની પરિવાર તરફથી અપાયેલ. જલગામ પહોંચી દેરાસર દર્શન-ચૈત્યવંદન કરી શ્રી વાસુપુજ્ય સ્વામિ દેરાસરે દર્શન કરી નવકારશી કરી, પૂ. શ્રી જયદર્શિતાજી મ.સા.ને વંદીને વ્યાખ્યાનનો લાભ લીધેલ. ત્યારબાદ જલગામ મહાજન દ્વારા મુખ્ય દાતા પરિવારનું બહુમાન થયેલ. જેનો સ્વિકાર શ્રી અભયચંદભાઈ ગોવિંદજી દંડે કરેલ. ધુલિયા મહાજનશ્રી તરફથી મુખ્ય દાતા પરિવારનું બહુમાન થયેલ. જે શ્રી મધુસુદન નવિનચંદ દંડે સ્વિકારેલ. બપોરના જમણના દાતા શ્રી રાવસાહેબ ગોવિંદજી ખીમજી પરિવારનું બહુમાન થયેલ. એમણે શ્રી ગૌતમ અભયચંદ દંડના Ph.D. in Engineering થવા બદલ તથા ચિ. દેવાંશી રીના ગૌતમ દંડના પહેલા જન્મદિવસ નિમિતે લાભ લીધેલ. જેનો સ્વિકાર શ્રી જયંત અભયચંદ દંડે કરેલ. ચૌવિહારના દાતા શ્રી રાજેન્દ્ર લક્ષ્મીકાંત મોમાયાનું બહુમાન શ્રીમતી જયાબાઈ મોમાયાએ સ્વિકારેલ. નવકારશીના દાતા શ્રી અમરચંદ હંસરાજ ડાઘાનું બહુમાન ચિ. પ્રિતેશ ડાઘાએ સ્વીકારેલ. તથા બપોરના ચાના દાતા શ્રીમતી હીરાવંતીબેન મણિલાલ લોડાયાનું બહુમાન શ્રી ગોવિંદજીભાઈ સોનીએ સ્વિકારેલ. તથા મુખવાસના દાતાનું બહુમાન શ્રી મેઘજી નેણશી સોનીએ સ્વીકારેલ. ચૈત્યપરિપાટીના સહદાતાઓનો આભાર માનેલ અને તાળીઓથી બહુમાન કરેલ. તથા સુત્ર સંચાલન શ્રી જયેશ ભાટેએ કરેલ. ત્યારબાદ સહુએ પૂજ્યશ્રીને સંવત્સરી વંદન કરી ખમાવેલ.

જલગામ સંઘે સંઘપૂજન કરેલ. ત્યારબાદ સેવાપૂજા કરી પૂજ્યશ્રી સાથે ધર્મજ્ઞાનનો લાભ લીધેલ. બે લક્કી ડ્રોમાં પહેલું શ્રી વસંતભાઈ ગોસર તથા બીજું શ્રી કાજલ મોમાયાને દાતા પરિવાર તરફથી ઇનામ અપાયેલ. ભોજન કરી જૈન હીલ્સ તરફ રવાના થયેલ. ત્યાં ગાંધી રીર્સચ ફાઉન્ડેશનની મુલાકાતે ગયા જ્યાં રૂ.૧૦૦/-ની પ્રવેશ ફી ભરી લગભગ ૩૮ જણાંએ ભાગ લીધેલ. જ્યાં ઘણી માહિતી મળી અને ચાની મજા માણી ત્યાંથી જૈન હિલ્સ જોવા ગયા તથા બાકીના જલગામ દેરાસર તરફ રવાના થયેલ. ચૌવિહાર કરી, પૂજ્યશ્રીને મળી યુવા મંચે ત્યાં ભાવના કરેલ ત્યાંથી નીકળીને દાદાવાડી અને શ્રી પાર્શ્વનાથ દેરાસરે દર્શન કરી પારોલા પહોંચેલ ત્યાં ભાવના તથા આરતી કરી. આરતી કેડીઓ. યુવા મંચે તથા મંગલ દીવો શ્રી મેઘજીભાઈ સોનીએ લીધેલ. ત્યાંથી રવાના થઈ રાત્રે ધુલિયા પહોંચેલ. યાત્રાનો આનંદ માણી સહુ છુટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

પુના સંઘનું બીજું વસતીપત્રક પ્રકાશીત કરાયું જેમાં જ્ઞાતિ પરિવારોની સંપુર્ણ માહિતી ઉપરાંત, પુનાની ઇતર ઉપયોગી માહિતીઓનું પણ સંકલન કરેલ છે. પુનાનો સંક્ષિપ્ત ઈતિહાસ, પુના અને આસપાસના જૈન દેરાસરોની માહિતી, અન્ય જોવાલાયક સ્થળોની યાદી, અતિથીગૃહો, વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ્સની માહિતી ઉપરાંત પુનાની શૈક્ષણિક અને મેડિકલ સુવિધાની માહિતી સંકલિત કરાયેલ છે. જરૂરી ફોન નંબરો અને વેબસાઈટસ્‌ની માહિતી અપાઈ છે.

આ ઉપરાંત, પુનામાં વસતા કુટુંબોની માહિતી આધારીત વિવિધ રસપ્રદ કોષ્ટકો અને આંકડાકીય દર્શન કરાવેલ છે. અત્રે હાલ ૧૧૨ કુટુંબો છે. અને હજી ધંધા-શિક્ષણ વ્યવસાયાર્થે નવા પરિવારો પધારે છે. અહીં જ્ઞાતિવસતી ૩૮૫ જણની છે. જેમાં ૧૮૬ પુરૂષ અને ૧૯૯ સ્ત્રી છે. વયનું પૃથ્થકરણ કરાયેલ છે. આંતરજ્ઞાતિય લગ્નોનો આંક ૧૨% જેટલો છે. શૈક્ષણિક દ્રષ્ટિએ ૧૦૦% સાક્ષર છે. અત્રે ૨-પી.એચ.ડી., ૫૪-પોસ્ટ ગ્રેજ્યુએટ અને ૧૫૬-ગ્રેજ્યુએટસ્‌ છે. વ્યવસાયના દ્રષ્ટિએ આશરે ૬૦% જ્ઞાતિજનો પોતાના ધંધા કે પ્રોફેશનમાં પ્રવૃત્ત છે. પુનાની વિવિધ સોફ્ટવેરની કંપનીઓમાં પણ જ્ઞાતિ યુવાનો સારા હોદાઓ પર પ્રવૃત છે.

આ વસતીપત્રક માટે માહિતી અને જાહેરખબરના સંકલન માટે શ્રી માણેકજી લોડાયા, શ્રી વિજય પીર, શ્રી ખુશાલ મહેશ્વરી, શ્રી હેમંત મોતા, સૌ. મીતા પ્રશાંત લાલકા અને સૌ. કલ્પના દુષ્યંત લાપસીયા પ્રવૃત્ત રહ્યા. વ્યવસ્થાપક સમિતિ તરફથી શ્રી દિનેશ પદમશી મોમાયા અને શ્રી મિલન હીરાચંદ પટેલે આ પ્રકાશનનું સંકલન કર્યું હતું. આ વસતીપત્રકના મુખ્ય દાતા સંઘવી ભાગચંદ દામજી જૈન પરિવાર હસ્તે શ્રી જયેશ જૈન (એકઝીમ ટ્રાન્સટ્રેડ ઇ.પ્રા.લી.) એ લાભ લીધેલ.

સમાજના આ કાર્ય માટે જ્ઞાતજિનોએ જાહેરાત સ્વરૂપે યોગદાન આપેલ. તા.૨૬-૮-૧૨ના સંઘના સામુહિક ક્ષમાપનાના પ્રસંગે આ વસતીપત્રકનું વિમોચન થયેલ. વસતીપત્રકની નકલ જ્ઞાતિના સર્વે મહાજનો અને સંસ્થાઓને મોકલાવામાં આવશે. આ માહિતીસભર વસતીપત્રક દરેકને ઉપયોગી થશે.

### શ્રી કલ્પેશ અરવિંદ દંડ

શ્રી કલ્પેશ અરવિંદ દંડ (ભરૂડીયા) સ્થાનિકે પ્રમુખપદે વરણી થઈ છે. આ યુવા કાર્યકરની નિમણુંક બદલ શ્રી અંકુશ મિત્રમંડળ, યુવામંડળ-દલતુંગી અને યુવા મિત્રોએ શુભેચ્છા પાઠવેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-દલતુંગી

પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી તથા કોટીગુણાશ્રી મ.સા.ને વાંદવા સંઘરૂપે નાંદેડ જવાનું નક્કી કરેલ છે. તા.૨૨-૧૧-૧૨ના પ્રસ્થાન અને તા.૨૪-૧૧-૧૨ના નાંદેડથી સાંજે ૬.૩૦ કલાકે પાછા મુંબઈ આવશે. સંઘ સમય અનુકુળતાએ બલસાણા તીર્થદર્શન કરશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

મહાજનશ્રીના ઉપક્રમે શિખરજી યાત્રા પ્રવાસનું આયોજન તા.૨-૧૦ થી તા.૧૩-૧૦-૧૨ દરમ્યાન કરાયું છે. "તન-મન ટુર"ની વ્યવસ્થામાં મુખ્ય સંઘપતી માતુશ્રી બાયાબાઈ ભવાનજી ઝવેરી પરિવાર તથા સહાયક આધાર અને અન્ય સંઘપતિઓના સહયોગથી આયોજન કરેલ છે.

સહાયક આધારસ્તંભો માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ તથા માતુશ્રી આશબાઈ રાઘવજી લોડાયા, વિજયાબાઈ મહેન્દ્ર ખોના, સંઘપતિઓ શાંતિલાલ ખીંયશી છેડા, જૈનમ શાહ રાજબાઈ કેશવજી મોમાયા, જીતેન્દ્ર દેવજી ખોના, કસ્તુરીબેન ખીમજી લોડાયા તથા કાંતાબેન ઠાકરશી લોડાયા, સહાયક સંઘપતિઓ પુરબાઈ કાનજી ધરમશી, અભયચંદ જીવરાજ લોડાયા, ગંગાબાઈ હેમરાજ મોતા, કિશોર વાલજી છેડા, કુસુમબેન વીરેન્દ્ર મૈશેરી, દમયંતી દિલીપ દંડ, જમકુબાઈ રસીકલાલ ધરમશી, નવલબાઈ નરશી સોની અને માલાબેન પ્રફુલ ધરમશી. સહસહાયક સઘપતિઓ ખમ્માબાઈ લખમશી મૈશેરી, વેજબાઈ પદમશી રતાણી, પ્રવિણ પ્રેમજી લોડાયા, પુષ્પાબેન દિલીપ મૈશેરી અને હીરબાઈ પુનશી મૈશેરી.

દાતાઓની ઉદારભાવનાથી સમગ્ર તીર્થયાત્રા તદન રાહતના દરે યોજી શકાઈ છે.

આ યાત્રાપ્રવાસ શાતાપુર્વક નિર્વિઘ્ને સફળતા માટે મહાપૂજન ઉજવાયેલ જેમાં મહાજનશ્રીના સર્વે પરિવારોએ હાજરી આપી હતી. આ મહા તીર્થયાત્રા બાદ સંઘ ૧૬-૧૭ નવેંબર ૧૨ના પાલીતાણા યાત્રા કરશે. આ પ્રવાસની માહિતી, તીર્થ મહિમા, અને પ્રવાસમાટેના માર્ગદર્શન નિયમો સુચનની પુસ્તિકા સૌને અપાઈ છે.

### શ્રી મોડપર અચલગચ્છ જૈન સંઘ

શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વે. જૈન તીર્થ દ્વારા તા.૧૬-૯-૧૨ના ગુરૂવંદન તેમજ જિનાલય દર્શન ચૈત્યપરીપાટી અને એક બસ ડોમ્બીવલીથી અને એક બસ મુલુન્ડથી લગભગ ૮૫ની યાત્રીક સંખ્યામાં ગયેલ. ડોમ્બીવલીમાં દર્શન પૂ.સા.શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.આ.ઠા.૫ને વંદન મુલુન્ડથી દર્શન પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.આ.ઠા.૭, વંદન કરી બને બસ શંખેશ્વર પાર્શ્વનાથ ઘોડબંદર રોડ દર્શન સેવાપુજા કરી બોરીવલી સંભવનાથ દર્શન પ.પૂ.સા.શ્રી અરૂણોદયશ્રીજી મ.સા.આ.ઠા.૮ વંદન કરી કાંદીવલી દર્શન પૂ.સા.શ્રી પુણ્યોદયશ્રીજી આ.ઠા.૨ વંદન કરી જોગેશ્વરી કાલીનાથદાદાના દર્શન કરી પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સુરીશ્વરજી મ.સા.આ.ઠા.૫ વંદન તેમજ પૂ.આચાર્યના માંગલીક સાંભળી આશીષ લઈ, સાધર્મિકભક્તી વાપરી. સાંતાક્રૂઝ કલીકુંડ દાદાના દર્શન પૂ.સા.શ્રી. રત્નરેખાશ્રીજી મ.સા.આ.ઠા.૪ વંદન કરી, ચાપાણી વાપરી, માટુંગા સહન્ફણા પાર્શ્વનાથના દર્શન, પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.આ.ઠા.૧૦ વંદન કરી, ઘાટકોપર જીરાવાલ્લા દર્શન કરી, પૂ.સા.શ્રી સૌમ્યગુણાશ્રીજી મ.સા.આ.ઠા.૫ વંદન કરી ચોવિહાર કરી. મુલુન્ડ, ડોંબિવલી પ્રયાણ. દાતાશ્રી અને યાત્રીક ફંડથી કાર્ય પરીપુર્ણ થયેલ. બસના દાતાશ્રી સોમચંદ ઠાકરશી ધરમશી, (ભરૂડીયા), નવકારશી દાતા શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા (મોટીખાવડી), સાધર્મીકભક્તીદાતા શ્રી નવીન આર. શાહ (મોટીખાવડી), ચૌવિહાર દાતાશ્રી કુલીન હેમરાજ ખોના (મોટીખાવડી) એ લાભ લીધેલ.

### શ્રી માલદે-ડાઘા ખેરાણી પરિવાર-દલતુંગી

પરિવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીને નમતાં ભાવિકોની સળંગ છઠી પહેડી રવિ.તા.૧૩-૧-૧૩ના હેરીટેજ હોલ ગ્રાઉન્ડ ફ્લોર, પેંઢારકર કોલેજની બાજુમાં ડોમ્બીવલી (ઇસ્ટ)માં યોજેલ છે. આ પ્રસંગે સર્વે કુટુંબીજનો તથા પરિણિત નિયાણી બહેનો-દીકરીઓને સહકુટુંબ પધારવા લાભાર્થી પરિવાર માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી માલદે તરફથી ભાવભર્યું નિમંત્રણ અપાયું છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હાલોલ

નવરચિત હાલોલ મહાજનના ઉપક્રમે અત્રે સંઘમાં પર્વઆરાધના દેવ-ગુરૂ કૃપાએ સુંદર રીતે થઈ. પૂ. ગણિ શ્રી તત્વરત્ન, હિતરત્ન અને બોધરત્ન વિજયજી આ.ઠા.૩ની નિશ્રામાં પર્વ ઉમંગે ઉજવાયું. ભવ્ય સામૈયા-ચાતુર્માસ પ્રવેશ બાદ સમુહ આયંબિલ, સંઘપુજન, ગ્રંથવાંચન, જિનવાણી વ્યાખ્યાન આદિમાં ચારસો જણાં લાભ લેતાં. દર રવિવારે અરિહંત વંદનાવલી, રત્નાકર પચ્ચીસી, નવપદ વંદના, સમુહ સ્નાત્ર, તીર્થવંદના-મહાવીર વંદના સંગીતસહ અનુષ્ઠાનો રહ્યા, બપોરે બાલ સંસ્કરણ, સામાયિક, નવલાખ જાપ અને ગુરૂ વંદના આદિ કાર્યક્રમ થયા. દરરોજ આંગી-ભાવના-પ્રભાવના થઈ. સમુહ અઠ્ઠમ તપ, ૧૦૮ પાર્શ્વનાથ પુજન થયા.

પર્વમાં નવકાર તપ-૪૦, સિધ્ધિતપ ૧૫, ૧૬ ઉ-૨ અઠાઈ-૨૫ અને ૭૦ અઠ્ઠમ થઈ અને દરરોજ પ્રતિક્રમણ થયા. ત્રણે પુ.ગુરૂદેવ ઓળીના આરાધક છે. એમના તપની અનુમોદનાર્થે ૨૦ સ્થાનક મહાપુજન અને સમુહ આયંબીલ થયા. સાંવત્સરિક ક્ષમાપના થઈ. હાલોલ મહાજનના શ્રી દિલીપ મુરજી લોડાયા આદિ કાર્યકરો મહાજનશ્રીના કાર્યો સુંદર રીતે સંભાળી રહ્યા છે.

## પૂ.આ. કલાપ્રભસાગરસુરીજીની નિશ્રામાં અહિંસા સમેલ

પૂ.ગુરૂદેવશ્રીના જન્મ શતાબ્દિ વર્ષે જોગેશ્વરી સંઘ તથા અહિંસા સંઘના ઉપક્રમે વિશાળ અહિંસા સંમેલન તા.૨૪-૯-૧૨ના સવારે ૧૦થી ૧માં જોગેશ્વરીમાં સફળતાથી સંપન્ન થયું. શ્રી નરેન્દ્રભાઈ નંદુએ સ્વાગત પ્રવચન કરેલ. ૩૦ વર્ષોથી કતલખાનાઓ વિરુધ્ધ અહિંસક આંદોલનના પ્રણેતા પૂ. યુવા આચાર્યશ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજીએ માંગલિક સહ, દુર્જનોની સક્રિયતાથી સજ્જનોની નિષ્ક્રિયતાના કારણે અધોગતિનું કારણ બતાવી અહિંસાપ્રેમી જનતા જાગે તો આ હિંસા અટકે તેમ શક્ય છે. નવી મુંબઈના કતલખાનાને "રૂક જાઓ"ની સફળતા પ્રાપ્ત કરનારા પ્રખર વક્તા પૂ. મુનિશ્રી વિરાગસાગરજી, પૂ. મુનિશ્રી વિનમ્રસાગરજી કાંદિવલીથી ઉગ્રવિહારે પધારેલ. હિંસા વિરાગની પ્રવૃતિઓનાં જનજાગરણ અને આવી જાહેર પ્રવૃતિને અટકાવવા સતત વિરોધ અને કાનુની આંદોલન ચલાવવા અપીલ થઈ. જોગેશ્વરી સંઘ ૫૪૦૦૦ થી જીવદયાફંડ શરૂ કરાવતાં રૂા.૧।। લાખ જાહેર થયા. વિશ્વ હિંદુ પરિષદના નેતા ગોવિંદાચાર્યે ગૌવંશપ્રાણી હત્યાને દેશનું કલંક બતાવી આ જીવદયા જ્યોતને ચાલુ રાખવા આહવાન કરેલ. જીવદયા-માનવસેવાના ભેખધારી ડો. નેમજીભાઈ ગંગર, કચ્છ પાંજરાપોળ ફેડરેશનના પ્રમુખ શ્રી વશનજીભાઈ સોની એંકરવાળા અહિંસાધામના શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ, ગોવંશ સંરક્ષક મનસુખભાઈ સુવાગીયા. યુવા શ્રી કમલેશ છેડા તથા વિશ્વ અહિંસા સંઘના ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ ગડા વગેરે આ ઉપરાંત અનેક સંઘો પાંજરાપોળોના પ્રતિનિધિઓ પધારી સંમેલનને સફળ બનાવેલ. સભાનું સૂત્ર સંચાલન શ્રી ધીરજભાઈ છેડાએ આગવી શૈલીમાં કર્યું.

## શ્રી ક.દ.ઓ. મંડળ-ડોંબિવલી

મંડળ દ્વારા ૩૬મો સ્નેહમિલન અને વાર્ષિકોત્સવ સમારોહ તા.૨૩-૯-૧૨ના કડવા પાટીદાર સમાજ હોલ ડોંબિવલી (પૂર્વ)માં યોજાયેલ.

સમારોહ પ્રમુખ સ્થાને શ્રી સંજયભાઈ ઘરમશી (પુના-સુથરી) તથા અતિથિવિશેષ શ્રી મણીકાંત હીરજી ઘુલ્લા (મુલુંડ-જખૌ) પધારેલ સર્વે દાતાશ્રીઓ અને આમંત્રીત મહેમાનોનું ઢોલ-શરણાઈ સથવારે ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવેલ.

મહાજન પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, મહાકાળી માતાજીની ભાવના દાતાશ્રી હિરાલાલ ડાઘા, શેઠ શ્રી નરશી નાથાને હારારોપણના દાતા અનંત યુવાશક્તિ વતી શ્રી ચેતન મોતા તથા તપસ્વી બહુમાનના દાતાશ્રી માતુશ્રી ભમલબેન પદમશી પીર પરિવાર વતી નલીનભાઈ પીર પધારેલ અને મંચ ઉપર બિરાજમાન થયેલ. ઉપસ્થિત સંઘે પૂ.મ.સા.શ્રીને સંવત્સરી ખમાવી ગુરૂવંદન કરેલ. પૂજ્યશ્રીએ માંગલીક, પ્રેરણા અને આશિર્વચન આપેલ. નવકારમંત્ર પઠન બાદ કાર્યક્રમ શરૂ થયેલ.

મંડળના પ્રમુખ શ્રી વિરેન્દ્ર લોડાયાએ સર્વેને આવકારીને સ્વાગત પ્રવચન કરેલ. મંડળની વિવિધ યોજનાઓ, જ્ઞાતિના દાતાઓ તરફથી જે સાથ-સહકાર અને ઉદાર યોગદાન મળે છે તે દાતાઓની ભાવના માટે આભાર વ્યક્ત કરેલ. મંડળની વધુ વિકાસની ઘણી પ્રવૃતિઓ માટે ફંડ અને યોગદાન આપવા અપીલ કરેલ તથા મહાજન પ્રમુખશ્રીને ડોંબિવલીના વિવિધલક્ષી હોલ માટે જલ્દીમાં જલ્દી પ્લોટના કાર્યને આગળ ધપાવવા માટે અપીલ કરેલ.

માનદમંત્રી શ્રી હરીશ શિયાલે મંડળની વાર્ષિક પ્રવૃતિઓનો અહેવાલ આપેલ. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ, તપસ્વી બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે જ્ઞાતિના અગ્રણીઓ હાજર રહેલ તથા ડોંબિવલીમાં વહેલામાં વહેલી તકે હોલનું નિર્માણ થાય એમ સૌ મંચસ્થ મહાનુભાવોએ જણાવેલ.

સંઘ સ્વામીવાત્સલ્ય જમણમાં ૨૫૦૦ જેટલા જ્ઞાતિજનોએ લાભ લીધેલ.

સમારોહ પ્રમુખ શ્રી સંજય ઘરમશીએ ઉદ્‌બોધનમાં કહ્યું. આપણાં કાર્યો સમયબધ્ધ અને વિકાસની ભાવનાથી પ્રેરીત હોવા જરૂરી છે. સમાજનું સ્તર ઉંચે લાવવા ધંધા-રોજગારમાં સુધારા જરૂરી છે. દરેક સભ્ય વધારાની આવક કરશે તો જ્ઞાતિનું ચિત્ર કંઇક અલગજ હશે.

મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદાએ સમાજ સેવામાં વિશ્વાસ અને સાથ સહકારની ભાવના રાખવા અને અવરોધરૂપ ન બનવા અપીલ કરેલ તો જ જ્ઞાતિ પ્રગતિ કરી શકશે.

જમણની સમગ્ર વ્યવસ્થા શ્રી ગોવિંદજીભાઈ પટેલની રાહબરીમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગૃપના કાર્યકરોએ સંભાળેલ. આ પ્રસંગે વિધાનસભ્ય રમેશ રતન પાટીલ પધારેલ તથા વિધાનસભ્ય શ્રી રવિન્દ્ર ચૌહાણે મંડળને ૩૬મા વાર્ષિકોત્સવ પ્રસંગે શુભેચ્છા અભિનંદન સંદેશ મોકલાવેલ. આ અવસરે વિશાલ હોલ ભરચક ભરાયેલ. બપોરના ચા-પાણી બાદ સૌ રાસગરબાનો આનંદ માણી છુટા પડયા હતા.

સમારોહ પ્રમુખ શ્રી સંજય ધરમશી દ્વારા સમાજ માટે વિવિધ લઘુ ઉદ્યોગ અને નવી રોજગારની યોજનાઓ ચાલુ કરવાની જાહેરાત કરેલ. અતિથીવિશેષ શ્રી મણીકાંત ધુલ્લાએ સમાજસેવા કાર્યોમાં યુવાઓને આગળ લાવવા અને જ્ઞાતિપ્રગતિ માટે ટાંટીયાખેંચ, અવરોધ દુર કરવા પોતાના ઉદ્બોધનમાં જણાવેલ. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશ જૈને ડોંબિવલીમાં જ્ઞાતિનું સભાગૃહ-હોલનું નિર્માણ થાય તે માટે છેલ્લા લગભગ બે દાયકા દરમ્યાન રજુઆત થઈ છે. ડોંબિવલીના જ્ઞાતિજનોનો અવારનવાર અપેક્ષાભંગ થયો છે. તેની ગંભીરતાને અનુલક્ષીને સૌ સંબંધિતોને સાથે મળીને નક્કર પગલાં લેવા હાર્દિક અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રેલ્વે પોલીસ અધિકારી શ્રી નિર્મલ સાહેબ અને સમાજસેવી ડો. વી.એન. શેટ્ટીનું મંડળ વતી બહુમાન કરવામાં આવેલ. કાર્યક્રમનાં અંતે સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતાએ મંડળને ૩૬મા વાર્ષિકોત્સવ પ્રસંગે શુભેચ્છા આપી મંડળની પ્રવૃતિઓની સરાહના કરી હતી. જ્ઞાતિ સંસ્થાઓ અને કાર્યકરો સાથે મળી સહકારની ભાવનાએ કામ કરે તો જ્ઞાતિ પ્રગતિ વિશેષ થશે. જ્ઞાતિમાં કોઈ વાદવિવાદ, ટીકા ટીપ્પણ કે રાજકારણથી દુર રહીએ. સૌને સાથે લઈને ચાલીએ, સાથે મળી કામ કરીએ એવી ભાવના વ્યક્ત કરેલ.

## વડાલામાં ભાવયાત્રા

વડાલામાં સંઘમાં શ્રી સંભવનાથ પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં તા.૮-૯-૧૨ના સવારે ૯ કલાકે પૂ.સા.શ્રી ૩ ની નિશ્રામાં તા.૯-૯-૧૨ના સવારે ૯ કલાકે પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજીએ સુંદર શૈલીમાં ભાવયાત્રા કરાવી. વર્ણન સાથે ભરત મહારાજાની શ્રી શેત્રુંજય તીર્થની યાત્રા થઈ. ઉપાશ્રયમધ્યે હાજર સકળ સંઘ શેત્રુંજય તીર્થના પટ્ટ સમક્ષ વંદન કરતા એક પછી એક દેરી અને ભક્તિસ્થળોના દર્શન કરતાં ૩ કલાકે દાદાશ્રી આદિનાથના દરબારે પહોંચી ત્રણ પ્રદક્ષિણા આપી સકલ સંઘે દર્શન કરેલ. જય આદિનાથનો નાદ ગુંજ્યો. અંતે સૌ એક બીજાને જાત્રા સુજાત્રા કરી ભાતાનો લાભ લીધેલ. રૂા.૧/-ની પ્રભાવના થઈ.

આ ભાવયાત્રામાં શ્રી ભરત મહારાજા બની શ્રી સકળ સંઘને સકળ યાત્રા અને ભાતાનો લાભ ઉછામણીની બોલી લેનાર શ્રી ભરત સોજપાર પરિવાર (દેવપુર) એ લીધેલ.

## વડાલા

વડાલા સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.આ.ઠા.૩ની નિશ્રામાં પર્યુષણ પર્વની ઉજવણી રૂડી રીતે થયેલ. નિત્ય સવારે વ્યાખ્યાન, મોટીપૂજા, બપોરના વ્યાખ્યાન સાંજના સમુહ પ્રતિક્રમણ, રાત્રીના આંગી ભાવનાની આરાધના થયેલ. ભાવનામાં સંઘના ભાઈ-બહેનોએ વિવિધ કાર્યક્રમોની રજુઆત કરેલ. કલ્પસુત્ર ઘરે પધરાવવાનું તેમજ રથમાં બેસી રથયાત્રામાં ફેરવવાનો લહાવો માતુશ્રી વિજયાબેન પ્રેમજી છેડા (ગોધરા) પરિવારે લીધેલ. શ્રી પ્રભુજીને લઈ રથયાત્રામાં ફેરવવાનો લહાવો પરમ-દર્શન દેઢીયા પરિવાર (ફરાદી) એ લીધેલ. કલ્પસુત્ર પૂજ્યશ્રીને વહોરાવવાનું લાભ માતુશ્રી ઝમકુબાઈ ઉમરશી નાગડા પરિવાર (નલીયા)એ લીધેલ. પ્રભુજી પારણું પધારવવાનો તેમજ જાગરણનો લાભ સૌ. મુક્તિ મયૂર સાવલા પરિવાર (મોથારા)એ લીધેલ. સં. ૨૦૬૯ માટે શ્રી શાલીભદ્રની પેટી ઘરે પધરાવવાનો લાભ શ્રી કાનજી શામજી ખીમસરીયા પરિવાર (ઉનડોઠ) લીધેલ. સ્વપ્નનું કુલ ઘૃત ૨,૬૭,૦૯૫ મણ થયેલ. પર્વ દરમ્યાન ૨ માસક્ષમણ, ૧ સોળભથ્થો તથા ૨૮ અઠ્ઠાઈ તપસ્વીઓ હતા. પાચમના બે પ્રતિક્રમણ રાખવામાં આવેલ. તપસ્વીઓનું બહુમાન લાભ માતુશ્રી વિજયાબેન પ્રેમજી છેડા (ગોધરા) પરિવારે લીધેલ. બારસો સુત્ર વહોરાવવાનો લાભ કુ. દષ્ટિ-પાર્શ્વ મનોજ દેઢિયા (ગોધરા) પરિવારે લીધલ. છઠ્ઠના સવારે પ્રભુજીના દ્વાર ઉદ્ઘાટનનું લાભ સંભવનાથ, માતુશ્રી સાકરબેન વસનજી દેઢીયા ચંદ્રાપ્રભુનું શ્રીમતી લક્ષ્મીબેન લલિત નાગડા (સુથરી) અને અજીતનાથનું નાનજી જેવત ગડા પરિવારે લીધેલ. તપસ્વીઓ પારણાનો લાભ શ્રી ખુશાલ ખેતશી વિસરીયા પરિવારે લીધેલ. સમુહ ક્ષમાપના થયેલ. દૂધપાકનો લાભ લઈ સૌ વિખરાયા બારસો સુત્રના વાંચન બાદ પૂ. સાહેબ સાથે ચૈત્યપારીપાટી રૂપે મહાવીરસ્વામી દેરાસરજીના દર્શને સંઘના સૌ ભાઈ બહેનો ગયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુરત

મહાજનશ્રીના ઉપક્રમે તા.૧૬-૯-૧૨ના સવારે ૯ થી ૩ દરમ્યાન હોટલ એમ્બસીના રાજદરબાર હોલમાં ચતુર્થ સ્નેહમિલન યોજાયેલ. જેમાં સુરત, નવસારી બીલીમોરા તથા વ્યારા સ્થિત ૭૦ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમ સફળ બનાવેલ. સામુહીક નવકાર પઠન બાદ કુ. પુજા ગોસર તથા કુ. રાશી ગોસરે મધુર કંઠે મૈત્રીભાવનું ગીત ગાયેલ. કુ. દિવ્યા ગોસર દ્વારા પ્રાર્થના તથા શ્રીમતી પુષ્પાબેન મૈશેરી દ્વારા કચ્છી ભાવગીત હજુ થયેલ.

બીલીમોરાના સ્વ.શ્રી દામજી કુંવરજી વીકમશીને સર્વેએ ઉભા રહી બે મીનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પેલ.

પ્રમુખ શ્રી હીરાલાલ છેડા દ્વારા સામુહીક ક્ષમાપના, સ્વાગત પ્રવચન તથા છેલ્લા બે વર્ષ દરમ્યાન મહાજન દ્વારા થયેલ કાર્યોનો અહેવાલ રજુ કરવામાં આવેલ.

તપસ્વી બહુમાન તથા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માનના કાર્યક્રમનો લાભ માતુશ્રી કોકીલાબેન પ્રભુલાલ ખોના પરિવારે લીધેલ.

વડીલ વંદના કાર્યક્રમમાં શ્રી ભાણજી દામજી નાગડા (રંગપુર)નું બહુમાન કરાયેલ.

નવપરણીત યુગલો શ્રુતીબેન તથા મીકેશ છેડા, હીરલ તથા પીંકલ સાયલા તથા ઋષિકા તથા જયરાજ ધરમશીનું સ્વપરિચય બાદ બહુમાન કરી. લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ આપેલ. દાતાઓ માતુશ્રી કસ્તુરીબેન વાલજી ગોસર પરિવાર, માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી પરિવાર તથા માતુશ્રી કોકીલાબેન પ્રભુલાલ ખોના પરિવારનું સન્માન કરી ભુરી ભુરી અનુમોદના કરવામાં આવેલ.

શ્રી કીરણ લાલજી મૈશેરી (પટેલ) પરિવાર તરફથી ફુલ સાઇઝની મહાકાળી માતાજીની સુંદર છબી મહાજનને ભેટ મળેલ તેની સ્થાપના કરી હાર ચડાવેલ.

આ છબી ભેટ બદલ શ્રીમતિ પુષ્પાબેન તથા કીરણભાઈ પટેલનું અને સુરત મહાજનની વેબસાઈટ બનાવવા બદલ શ્રી હિંમતભાઈ પ્રવિણચંદ્ર ધરમશી તથા વસતીપત્રકના કાર્યમાં સહાયરૂપ થવા બદલ શ્રી સુનીલભાઈ ખોનાની ્નુમોદના કરવામાં આવેલ.

કુ. પુર્વી ગોસર, કુ. પુજા ગોસર, શ્રીમતી શ્રુતી તથા મીકેશ છેડા, શ્રીમતી નમીતા જીગર છેડા તથા શ્રીમતી તોરલ ડોલર છેડાએ વિવિધ ગેમો રમાડી બધાને જ્ઞાન મનોરંજન આપેલ. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધી શ્રી પ્રવિણચંદ્ર ધરમશીએ કરેલ.

ચા-નાસ્તો તથા કાર્યક્રમના અંતે સ્વાદીષ્ટ જૈન સુરતી ભોજનનો આનંદ માણી સૌ સભ્યો છુટા પડ્યા.

સુરત મહાજનનો સંપર્ક ફોન ઉપરાંત વેબસાઈટ, ઈ-મેઈલ અને ફેસબુક દ્વારા પણ કરી શકાશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હુબલી

અત્રે પર્વ આરાધના સુંદર રીતે થઈ. આર્યરક્ષિત વિદ્યાપીઠના શ્રી વિરલ નરેન્દ્ર છેડા અને શ્રી રવિ કિરણ ગડા આરાધના કરાવવા પધાર્યા હતા. સવારના વ્યાખ્યાન, બપોરના મોટી પુજા, સાંજના પ્રતિક્રમણ, રાતના ભાવનાની રમઝટ અને ત્યારબાદ જ્ઞાનચર્ચા, ધર્મ પ્રશ્નોતરી એમ દરેક કાર્યક્રમોમાં સર્વેએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ. કલ્પસુત્ર (પોથી) પધરાવવાનો લહાવો શા. ખીમજી હીરજી હેમરાજ મોમાયા પરિવારે લીધેલ. તેમના નિવાસસ્થાને પોથીજીના પગલા કરાવીને મેફેર ઓડિટોરિયમમાં રાત્રિ જાગરણમાં આગમના સ્તવનોની રમઝટ જામી. બીજા દિવસે સવારના પોથીજીનો વરઘોડો ચાંદીના રથ, ઘોડા, બેન્ડવાજા અને સકળ સંઘના સાથે શાસનની પ્રભાવના કરતા દેરાસરજીએ વિરામ પામ્યો. બીજના ૧૪ સ્વપ્નાની બોલીઓ અને પારણાનાં ઘૃતની બોલીઓ બોલાવેલ. પારણું શા. નરશી દામજી મોમાયા પરિવારે, અક્ષયનિધી પોથી પધરાવવાનો લ્હાવો શા. ખીમજી ઠાકરશી ધરમશી પરિવારે લીધેલ. ભાદરવા સુદ ૩ યુથ ફોરમના સભ્યો દ્વારા શ્રાવક દિવસ ઉજવવામાં આવેલ અને રાતે ભક્તિની રમઝટ બોલાવવામાં આવેલ. ભાદરવા સુદ ૪ના અઠ્ઠાઈના તપસ્વીઓ બહુમાન સંઘ તરફથી કરવામાં આવેલ. સંવત્સરીના બારસા સુત્રનું ગુજરાતી અનુવાદ સાંભળેલ અને સાંજના સાંવત્સરીક પ્રતિક્રમણ કરીને બધાએ સર્વે જીવોને ખમાવીને મિચ્છામીદુક્કડમ્ કરેલ. ભાદરવા સુદ ૯ના સવારના ૯.૩૦ કલાકે દેરાસરજીના દ્વાર ઉદ્ઘાટન થયેલ. મેફેર ઓડિટોરીયમમાં તપસ્વીઓના પારણાં અને સંઘ નવકારશી શા. નારાણજી કાનજી નાગડા પરિવાર શ્રીમતી માણીબાઈ ટોકરશી સાવલા પરિવાર એ. માતુશ્રી મંજુલાબાઈ ઉમરશી છેડા તરફથી કરાવવામાં આવેલ. સવારના ૧૧ કલાકે પારણાનો અને અક્ષયનિધિ પોથીનો વરઘોડો શ્રી નારાણજી કાનજી સભાગૃહમાં વિરામેલ. જ્યાં સમુહ ક્ષમાપના, આરાધકભાઈઓનું બહુમાન, હુબલીના સંગીત બેલીડી શ્રી જયંત લક્ષ્મીચંદ નાગડા અને શ્રી પ્રવિણ ખીમજી મોમાયાનું બહુમાન સંઘ દ્વારા કરવામાં આવેલ. નારાણજી કાનજી નાગડા પરિવાર દ્વારા આયોજીત સ્વામીવાત્સલ્ય જમણવાર મેફેર ઓડિટોરીયમમાં રાખવામાં આવેલ. રાતના જાગરણમાં ધાર્મિક અંતાક્ષરીની સાથે સ્તવનોની રમઝટ જામી. શા. વીરચંદ શીવજી ખોના અને સ્વ. શા. દામજી જાદવજી છેડા શૈક્ષણિક યોજના હેઠળ ધો.૧૦ અને એથી ઉપરના વિદ્યાર્થીઓને પારિતોષિક આપી સન્માનવામાં આવ્યાં. મહાપર્વના દરેક કાર્યક્રમોમાં હર્ષઉલ્લાસથી ભાગ લઈને આરાધના તપ, જપ કરેલ. તા.૨-૯-૧૨ના બેંગલોરમાં પૂ. દેવરત્નસાગરજી આ.ઠા. પૂ.આ.શ્રી યુગભૂષણવિજયસૂરિશ્વરજી મ.સા.આદિ ઠાણાને વંદન કરવા અને અન્ય જિનાલયોના દર્શન કરવા ચૈત્ય પરિપાટી યોજેલ. શ્રી બેંગલોર મહાજનના પ્રમુખ શ્રી ખુશાલભાઈ ધરમશી અને શ્રી જયચંદભાઈ નાગડાએ સુંદર વ્યવસ્થા કરેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મહિલા વિભાગ

મુલુન્ડ મંડળના મહિલા વિભાગના ઉપક્રમે શનિ. તા.૬-૧૦-૧૨ના સાંજે ૪ વાગે મોતી પચાણ શાળામાં ધમાકેદાર મસ્ત તંબોલા ગેમ શૉ યોજેલ છે. વિજેતાઓને ઇનામો અપાશે સર્વે ભાઈ-બહેનો તથા વડીલોને આમંત્રણ છે. વધુવિગત સંપર્ક : રેણુકાબેન-9821211002, દીપાબેન-9224345000

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**રતેશ એલ. ધરમશી** એ-૨૦૩, શ્રી વિશ્વ, પાંડુરંગવાડી, ૧લી લેન, મનપાડા રોડ, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧ ફોન:૯૩૨૩૭૮૧૩૨૨

**ગુલાબચંદ વેરશી પોલડીયા** ૩૦૧, સિધ્ધિવિનાયક, ઝવેરરોડ પંજાબબેંક પાસે, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦.ફોન:9323082228/9967914567

**લક્ષ્મીચંદ પાશ્વીર મૈશેરી** એ-૫૦૩, હિમાલયછાયા, આનંદનગર, દીનદયાલ રોડ, ડોંબિવલી (વે) ૪૨૧૨૦૨. ફોન:9821380262

**નિલેશ માણેકજી દંડ** ડી-૪, મહાજન સોસાયટી, સુવિધિનાથ દેરાસર પાસે, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ)-421201. ફોન:9820729100

**નયન હિંમતલાલ લોડાયા** ૧ સાંઈકૃપા, St. જોહન સ્કુલ પાસે, દાવડી ક્રોસ રોડ, આજદે-ગોળવલી, ડોંબિવલી (ઈ) 421304. ફોન:9819869672/8082101900

**ચિત્તરંજન ડી. નાગડા** કે.વી.નિવાસ, રેડીયો પાર્ક, જગન્નાથ મંદિર સ્ટ્રીટ, કોલબજાર, બેલ્લારી.. ફોન: (08392) 244695/9686599961

**વિપુલ પી. ધરમશી** એ-૧૮, સાઈરામ, સંગીતાવાડી, ડોંબિવલી (ઈ) ૪૨૧૨૦૧ ફોન: ૯૬૧૯૯૬૧૦૧૦૮

**કિરણકુમાર મોમાયા** સી-૧૮૮, ૧૪મે માળે, બીલ્ડીંગ સી-૧૩૩, સેન્ટ્રલ એરીયા, IIT પવઈ, મુંબઈ-૪૦૦૦૭૬ ફોન:25768759

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| દિપેન સી. નાગડા | ૭૩૫૩૫૫૫૫૫૫૯ | રૂપેન સી. નાગડા-બેલ્લારી | ૦૮૯૯૪૯૩૩૩૩૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૯-૧૨ | પરેલ | RNVK010103 | ઈશીતા-અંકુશ મયુર વિક્રમશી | રાણપુર | કન્યા |
| ૮-૯-૧૨ | વડોદરા | RPLO010201 | ઉત્સવી-કૌશિક નવીનચંદ લોડાયા | રાપરગઢવારી | કન્યા |
| ૧૧-૯-૧૨ | ડોંબિવલી | SNDH010404 | કેહીલ-મુકેશ લક્ષ્મીચંદ ધરમશી | નાનીસિંધોડી | પુત્ર |
| ૧-૯-૧૨ | ઘાટકોપર | KRLO | સોહમ-નૈમેશ મહેશ લોડાયા | કોઠારા | પુત્ર |
| ૧૨-૯-૧૨ | વડોદરા | SALO | હાસ્ય-પ્રણય ભરત લોડાયા | સાંધાણ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૯-૧૨ | સેંધવા | BRMO061004 | હરીશ શાંતિલાલ પ્રેમજી મોમાયા | બારોઈ | ૨૫ |
| | ગુંટુર | GENG020204 | મિનલ પદમશી વિશનજી નાગડા | ગોઅરસમા | ૨૩ |
| ૨૦-૯-૧૨ | આદિપુર | GENG020303 | અમિત ચંદ્રકાંત વિશનજી નાગડા | ગોએરસમા | ૨૬ |
| | સેંધવા | BRMO061103 | બબીતા પ્રકાશ પ્રેમજી મોમાયા | બારોઈ | ૨૦ |
| ૨૧-૯-૧૨ | વાપી | SNMA020303 | ચીતેશ નરેન્દ્ર ધનજી મૈશેરી | નાનીસિંધોડી | ૨૪ |
| | મુલુંડ | JKLO020204 | તોરલ મહેન્દ્ર શીવજી લોડાયા | જખૌ | ૨૩ |
| ૨૪-૯-૧૨ | વડાલા | DADA010204 | સચીન ભાઈચંદ કેશવજી ડાઘા | દલતુંગી | ૩૨ |
| | વડાલા | DALO0101003 | સ્નેહલ ભરત રાયચંદ લોડાયા | દલતુંગી | ૨૮ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૭-૧૨ | ભાંડુપ | BYDD020103 | જતીન નવીનચંદ્ર ચાંપશી દંડ | બાયઠ | ૩૧ |
| | ભાંડુપ | A | શ્રીજા શીવરામન આર્યય | ભાંડુપ | ૩૧ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૯-૧૨ | સુથરી | SUCD011007 | જીનેશ અનિલ વિશનજી છેડા | સુથરી | ૩૦ |
| | અમદાવાદ | SPSH022002 | ડિમ્પલ દિલીપ રતનશી સાંયા | સુજાપુર | ૨૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭-૯-૧૨ | કાંદીવલી | SADD010201 | હરીશ લક્ષ્મીચંદ મેઘજી દંડ | સાંધાણ | ૬૬ |
| ૨૦-૯-૧૨ | ઈન્દોર | TRMT040401 | નંદકુંવર મેઘજી ખીમજી મોતા | તેરા | ૮૧ |
| ૨૨-૯-૧૨ | ડોંબિવલી | SNMA020401 | નવલબાઈ (નાથીબાઈ) દામજી પદમશી મૈશેરી | નાનીસિંધોડી | ૭૨ |
| ૨૧-૯-૧૨ | ખંડવા | LLNG012202 | પુષ્પા નવીનચંદ મેઘજી નાગડા | લાલા | ૬૨ |
| ૨૭-૯-૧૨ | ઘાટકોપર | VRLO010502 | લીલબાઈ દામજી રતનશી લોડાયા | વરાડીયા | ૮૫ |

# ભાવભીની શ્રધ્ધાંજલિ



**ડો. વાસંતીબેન હીરજી ખોના**

(નલીયા-માહિમ)

આપની વિદાયથી અમે ગુમાવ્યા છે એક આત્મીય સ્નેહીસ્વજન અને જ્ઞાતિ કાર્યકર. આપના આત્માને મળી રહો પરમ શાંતિ અને મુક્તિનો રાહ એજ પ્રાર્થના...

✻ પ્રાર્થયિતા ✻

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર**

સૌજન્ય : સૌ. લતા કાંતિલાલ વોરા (રંગપુર)

# હાર્દિક અભિનંદન





**કુ. જલ્પા તેલેશ ધરમશી**
B.Com. Interior Designing
(1st in college)

**ચિ. વૈભવ મુકેશ ધરમશી**
S.S.C. 94%

✻ શુભાશીષ ✻

શ્રીમતી દમયંતીબેન ઠાકરશી ધરમશી (ભાટે) પરિવાર
(સુથરી-ગાંધીધામ)

શ્રીમતી લક્ષ્મીબાઈ નારાણજી ધરમશી (ભાટે) પરિવાર
(સુથરી-ધુલિયા)

સૌ. જવેરબાઈ સોમચંદ ખોના પરિવાર
(બારોઈ-ગદગ)

શ્રીમતી મણીબાઈ ઉમરશી લોડાયા પરિવાર
(અમલનેર-જખૌ)



# વિદેશ ગમન

**CA રાહુલ ભરત ધરમસી**
**B.Com., ACA.**
(સુથરી - વડોદરા)

CA FINAL નવેમ્બર ૨૦૧૧ માં ઉતીર્ણ થયાં છે. હાલમાં પિતાની CA ફર્મ B.T. Dharamsi & Co. માં કાર્યરત છે. તેઓ ધંધાના વિકાસ માટે International Law અને Taxation ના વધુ અભ્યાસ અર્થે Canada ગયા છે. તેઓ ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી હાર્દિક શુભેચ્છા....

## શુભાશિષ

દાદી-દાદા: સૌ. નિર્મલાબેન તારાચંદ શામજી ધરમસી
નાની-નાના: સ્વ. હિરાબેન માણેકજી નેણશી પાલાણી
(કોઠારી-ઘાટકોપર)
મમ્મી-પાપા: સૌ. દેવી ભરત તારાચંદ ધરમસી
કાકી-કાકા: સૌ. અનિતા જય તારાચંદ ધરમસી

## શુભેચ્છા

બહેન-ભાઈ: ડિમ્પલ, મેહુલ, તેજસ

# ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ
૨૧-૭-૬૩



સ્વર્ગવાસ
૨૨-૫-૧૨

**સ્વ. શ્રીમતિ હંસાબેન હીરાચંદ મૈશેરી**

(નાનીસિંધોડી - રાયપુર)

ધર્મ અને પ્રભુભક્તિમાં પ્રીત ધરાવનાર, સદા હસતો-મુસ્કરાતો ચહેરો અને આપના સહજ નિખાલસ સ્વભાવે સૌને આત્મજન કર્યા આપે, કદી ન વિસરાવી શકે આપને સંઘની બહેનો. ભાવભીની શ્રધ્ધાંજલિ આપે છે આપને રાયપુર શ્રી સંઘની બહેનો. આપનો દિવ્ય આત્મા મુક્તી પદને પામો એજ પરમાત્માને પ્રાર્થના...

**શ્રી કુંથુનાથ મહિલા મંડળ - રાયપુર**
**શ્રી ક.દ.ઓ. જૈન સંઘની સર્વે બહેનો**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## મુંબઈ કેથોલીક સભાના ઉપક્રમે તા.૨૩-૯-૧૨ના મુલુન્ડમાં સર્વ ધર્મ સમભાવમાં "Peace & Harmoney" પરિસંવાદમાં શ્રી વિનોદ રાયચંદ ધુલ્લાનું પ્રવચન









KDO
દશાઓની નવી દિશા

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ સંચાલિત
### જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિધ્ધી, ભાંડુપ

KDO
દશાઓની નવી દિશા

**ઓક્ટોબર - ૨૦૧૨થી A/c. તથા Non A/c. હોલ ઉપલબ્ધ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| એ.સી. હોલ (ગ્રા. ફ્લોર) | ૧૦ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૨૫,૦૦૦/- | અન્ય માટે | રૂા.૩૨,૦૦૦/- |
| નોન એ.સી. (પહેલે માળે) | ૧૦ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૧૫,૦૦૦/- | અન્ય માટે | રૂા.૨૦,૦૦૦/- |
| **પહેડી તથા ધાર્મિક પ્રસંગ** | | | | | |
| એ.સી. (ગ્રા. ફ્લોર) | ૧૦ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૨૦,૦૦૦/- | અન્ય માટે | રૂા.૨૬,૦૦૦/- |
| નોન એ.સી. (પહેલે માળે) | ૧૦ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૧૧,૦૦૦/- | અન્ય માટે | રૂા.૧૫,૦૦૦/- |
| **પ્રાર્થનાસભા માટે :** | | | | | |
| એ.સી. (ગ્રા. ફ્લોર) | ૨ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૫,૦૦૦/- | અન્ય માટે | રૂા.૭,૦૦૦/- |
| નોન એ.સી. (પહેલે માળે) | ૨ કલાક | ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે | રૂા.૧,૦૦૦/- | અન્ય માટે | રૂા.૩,૦૦૦/- |

હોલ બુકીંગ માટે સંપર્ક શ્રી રાયચંદભાઈ (ઓ) 022-2595 1372 (મો) 99305 24654
સંપર્ક : કમલેશભાઈ : 93227 27088 • મનોજભાઈ : 93213 01451 • પંકજભાઈ : 80800 31199
પરેશભાઈ : 98337 32524 • હિતેશભાઈ : 98671 70793

નોંધ : દરેક પ્રસંગને અનુરૂપ નાના-મોટા સૌને પરવડી શકે તે માટે ખુબજ કિફાયતી દરે અપાશે.
હોલ + કેટડરીંગ + ડેકોરેશનું ત્રિવેણી સંગમ એટલે - ફાઈવ સ્ટાર કેટરર્સ
કોઈપણ પ્રસંગ હોય, હવે નિશ્ચિંત થવા યાદ કરો - ફાઈવ સ્ટાર કેટરર્સ

**હોલની કેટરીંગ અને ડેકોરેશનની મોનોપોલી 5Star CATERING ને આપેલ છે.**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**